بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡم

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-મે-૨૦૦૯**

જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર

હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૦૫, સળંગ અંક : ૬૫



સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | ડો. મહબૂબ દેસાઈ કે ડો. 'મકરૂહ' દેસાઈ ?! | ૦૨ |
| ૦૨ | **અહલે સુન્નતના દીવાદાંડી સમાન બુઝુર્ગો !** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | હઝરત મખ્દૂમ સિમ્નાનીના ફઝાઈલ અને કમાલાત | ૧૫ |
| ૦૭ | ઈમામ અહમદ રઝા અને દીનની દા'વતનો દષ્ટિકોણ | ૧૯ |
| ૦૮ | પરાયો માલ હજમ કરનારાઓ સાવધાન ! | ૨૩ |
| ૦૯ | અશ્લિલતાનું પૂર અને આપણી જિમ્મેદારીઓ | ૨૬ |
| ૧૦ | શું પર્દો કુર્આન વિરુદ્ધ છે ?! | ૨૯ |
| ૧૧ | ''અહદનામા''ની શરઈ હૈસિયત તથા''શબિસ્તાને રઝા''ના અમુક અમલ તથા તાવીઝની હકીકત | ૩૧ |
| ૧૨ | વિશ્વશાંતિ કોણ સ્થાપી શકે તેમ છે ?! | ૩૭ |
| ૧૩ | ક્રેડિટ કાર્ડની શરઈ હકીકત અને તેનો હુકમ | ૪૦ |
| ૧૪ | વહાબીઓ સાથે નિકાહ શા માટે નહીં ?! | ૪૨ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## ★ મનકબત ★

## દર શાને આ'લા હઝરત

મિલ્લત કા સર ઉઠાયા તુમને રઝા કલમસે
બાતિલ કા સર ઝુકાયા તુમને રઝા કલમસે
અંધોને અકીદત પે ડાલા થા જાલ મૈલા
વો કાટ કર દિખાયા તુમને રઝા કલમસે
ગદ્દારે મુસ્તફા હૈ ઈમાન કે લૂટેરે
ઈનસે હમેં બચાયા તુમને રઝા કલમસે
છોળા ન સબ્રે દામન હરબાર હંસ કે ઝેલા
સિક્કા ફિર જમાયા તુમને રઝા કલમસે
અબતક જહાન સારા યે જગમગા રહા હૈ
ફાનૂસ વો જલાયા તુમને રઝા કલમસે
ખિદમત રઝા તુમહારી મહકેગી તા કયામત
કયા ગુલિસ્તાં સજાયા તુમને રઝા કલામસે
એહસાન ન ભૂલેગી યે ઉમ્મતે મુહમ્મદ
કિરદાર જો નિભાયા તુમને રઝા કલમસે
**'યૂસુફ'** કલમ રઝા કા દેખુ તવાફ કરલું
શયદા મુઝે બનાયા તુમને રઝા કલમ સે


અઝ
**યૂસુફ બી. લાખાણી**
મુ. વરતેજ
(જિ. ભાવનગર)

કાર્યાલય

**નબી પાક ﷺ સાથે ગૈર મુસ્લિમની તુલના કરનાર ડો. દેસાઈ પોતાના કુફ્રથી તૌબા કરે !**

## ડો. મહબૂબ દેસાઈ કે ડો. 'મકરૂહ' દેસાઈ ?!

**યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે**
**સભી મૈંને છાન ડાલે તેરે પાયે કા ન પાયા**
**તુઝે યકને યક બનાયા, તુઝે યકને યક બનાયા**
**તુઝે હ્મ્દ હૈં ખુદાયા ! તુઝે હ્મ્દ હૈ ખુદાયા !**

'દિવ્ય ભાસ્કર દૈનિક' તા. ૬–૪–૨૦૦૯ માં એક કોલમ 'રાહે રોશન' વાંચવા મળી જેમાં 'મહાવીર–મહંમદનો તુલ્નાત્મક અભ્યાસ' હેડીંગ સાથે જે લખાણ છે તે વાંચતાં જણાયું કે આ કોઈ નાદાન હિંદુ લેખકના તરંગોનું માળખુ છે જેમ કે અગાઉ તા. ૨૮–૯–૨૦૦૮ના 'દિવ્ય ભાસ્કર'માં જ ગુણવંત શાહ નામના લેખકે ગાંધીજી સાથે ઈસ્લામના મહાન પયગંબરની અયોગ્ય તુલના કરેલી છે. પણ અહીં જોયું કે લેખક 'ડો. મહબૂબ દેસાઈ' નામની કહેવાતી મુસ્લિમ વ્યક્તિ છે તો આશ્ચર્ય થયું કે **આ ભાઈ કોઈ મુસલમાનના ઘરમાં પેદા થઈ ગયા એટલું જ છે પણ પોતાના નબી કરીમ ﷺના મર્તબાથી અજ્ઞાત છે** ! એ તો ઠીક બલ્કે એક અતિ સામાન્ય મુસલમાનના મર્તબાથી પણ અજ્ઞાત છે કેમ કે **"જે અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવેલો છે, જરૂરિયાતે દીનને માનનાર છે એવો એક ગુલામ મુસલમાન કાફિર બાદશાહથી અફઝલ છે."** *(જુઓ પારા–૨, સૂ. બકરહ–૨૨૧)* જ્યારે અહીં સૃષ્ટિની સર્વ શ્રેષ્ઠ હસ્તી નબીઓમાં સર્વથી શ્રેષ્ઠ નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની સરખામણી એક ગૈર મઝહબના પેશ્વા સાથે કહેવાતો મુસ્લિમ કરીને બંનેના મર્તબાની જાણે સમાનતા દર્શાવી રહેલ છે ! આ તેની ગુમરાહિયત નથી તો શું છે ? એ કોલમ 'રાહે રોશન' નથી પણ 'રાહે ગુમરાહિયત' કહેવાશે જે અજ્ઞાન મુસ્લિમોને ગૈર માર્ગે દોરી રહી છે અને આ નબી પાક ﷺની ઈજ્જત સાથે ખેલ કરવું છે. રસૂલે પાક ﷺ તો પોતાના સહાબીઓને કહે છે કે, **"તમારામાં મારા જેવો કોણ છે** ? એટલે કે રસૂલે પાકની તુલના સહાબી સાથે નથી થઈ શકતી તો કોઈ ગૈર મુસ્લિમ સાથે કઈ રીતે થઈ શકે ? **'સહાબી' તે છે કે જેણે ઈમાનની હાલતમાં નબી પાક ﷺના દીદાર કર્યા અને ઈમાન પર મૌત થયું. હવે દુનિયામાં ગમે તેવો નેક મુસલમાન ચાહે તે વિલાયતના ગમે તેવા ઉચ્ચ દરજ્જે પહોંચી જાય પણ સહાબીના મર્તબે નથી પહોંચી શકતો.** તો તેવા મહાન દરજ્જાના સહાબી સાથે તેમની તુલના નથી થઈ શકતી તો એક ગૈર મુસ્લિમ સાથે અલ્લાહના મહબૂબ નબી ﷺની તુલનાના અભરખા શાથી આવા તરંગી તુક્કાબાજ લેખકોને થતા હશે ! તુલનામાં સૌથી મહાન ફરક તો એ છે કે નબી કરીમ ﷺએ શિર્કનો વિરોધ કર્યો તથા તેમના પર જિબ્રઈલ علیہ السلام અલ્લાહ તરફથી વહી લાવતા હતા અને શબે મેઅરાજમાં નબી ﷺએ રબની મુલાકાત કરી તથા માથાની આંખો વડે પોતાના રબના દીદાર કર્યા. બાકી બીજી વાતો જોડીને "લાકડે માંકડુ બેસાડવાનો" અર્થ શો છે ? મુસલમાનના દિલમાં આવા તરંગો કઈ રીતે જાગી શકે ? દુનિયાના વહાલા થવા માટે અને આડેધડ લખવા માટે દુનિયા પડી છે ! તમને આવા નાઝુક વિષયમાં પડવાના અભરખા કેમ થાય છે કે જેમાં મુસ્લિમોની અક઼ીદતને ઠેસ પહોંચે છે. રસૂલે પાક ﷺનો મર્તબો તો એ છે કે હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે અલ્લાહના રસૂલે ઈર્શાદ ફર્માવ્યો,"એક દિવસે જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને અરજ કરી કે મેં જમીનના પૂર્વ પશ્ચિમ (આખા જગત)ને તપાસી લીધાં પરંતુ મેં કોઈ એવો પુરૂષ નથી જોયો જે મુહમ્મદ મુસ્તફા ﷺથી અફઝલ હોય, અને ન કોઈ ખાનદાન જોયું જે આપના ખાનદાનથી ઉચ્ચ હોય." *(તિબ્રાની, અબૂ નુઐમ, બયહકી)*

અલ્લાહ તરફથી વહી લાવનાર ફરિશ્તા જિબ્રઈલ علیہ السلام તો કહે છે કે તમારી સાથે તુલના થાય એવું કોઈ નથી થયું, તમે સૌથી શ્રેષ્ઠ છો ! અને આ પચરંગી મુસલમાન તે મહાન અલ્લાહના રસૂલ ﷺની કયાં કયાં તુલના કરી રહેલ છે ?

અને એમના આખા લેખની ભયંકર કુફ્રી તથા જૂઠી વાત તથા કુર્આન અને પયગંબર પર જૂઠો આક્ષેપ કરતી વાત એ કે "મુહમ્મદ સાહબે ક્યારેય પોતાને પયગંબર કહ્યા નથી કે ઓળખાવ્યા વધુ પેજ નં. ૪૬.....પર

# અહલે સુન્નતના દીવાદાંડી સમાન બુઝુર્ગો !




આજે ચોતરફ મુસ્લિમોના હક્કોની પાયમાલી થઈ રહી છે, નિર્દોષ મુસ્લિમોને ઠેરે ઠેર ત્રાસવાદના નામ પર જેલોમાં ધકેલવામાં આવી રહ્યા છે, જેલોમાં વરસો વરસ ગોંધી રાખવા માટે જબરદસ્તી ન કરેલ જુર્મોની હા પડાવી અટપટી કલમો ફિટ કરવામાં આવી રહી છે, કોમ્બિંગના નામે મુસ્લિમોની હેરાનગતિ થઈ રહી છે, ક્યાંક તોફાન થતાં મુસ્લિમોના નવયુવાનોથી જેલો ભરી દેવામાં આવે છે, જાન માલનું નુકસાન પણ મુસ્લિમો વેઠી રહ્યા છે અને કેસો પણ મુસ્લિમો પર થઈ રહ્યા છે ! હિંદુસ્તાનભરમાં કેટલાયે કુટુંબીજનો નિરાધાર થઈ જાય છે, એજ્યુકેશનમાં તેમની પ્રગતિ રઝળી પડે છે. રાજકિય નેતાઓ તથા અન્ય કૌમી નેતાઓ અલલ એલાન મુસ્લિમો વિરૂદ્ધ હિંસા ભડકી ઉઠે તેવાં પ્રવચનો ઠેરે ઠેર કરી રહ્યા છે, મુસ્લિમો વિરુદ્ધ અખ્બારોમાં ઝહેર ઓકવામાં કોઈ સંસ્કાર સચવાતો નથી એવાં નિવેદનો થઈ રહ્યાં છે જેનાથી મુસ્લિમોની માનહાનિ થઈ રહી છે, તો ક્યાંક કોમી એકતાના નામે કહેવાતા રહબરો ઈમાનને ખતરામાં મૂકી રહ્યા છે, મુસ્લિમ પર્સનલ લો વિરૂદ્ધ કોર્ટો ફેંસલા આપી રહી છે, એવા સમયે આ સર્વ બાબતો સામે અસરકારક વિરોધ નોંધાવે તથા અવરોધ ઊભો કરે તેવી હસ્તીઓની આજે કમી વર્તાઈ રહી છે.

### ★ સુન્ની મુસ્લિમો સામે ઉઠેલી ચેલેંજોની વણઝાર ! ★

તદ્ઉપરાંત એહલે સુન્નત વિરુદ્ધ બાતિલ ફિર્કાઓ નિત નવા સ્વરૂપે ઈલેક્ટ્રોનિક મીડિયામાં શાને રિસાલત વિરૂદ્ધ, ઈમામે હુસૈન વિરૂદ્ધ, અવલિયા અલ્લાહની શાનની વિરૂદ્ધ પ્રવચનો કરી રહ્યા છે, તો ક્યાંક કિતાબો પેમ્ફલેટો વહેંચી મુસ્લિમોના ૧૪૦૦ વરસથી ચાલતા સુન્ની અકીદાને ચેલેંજો થઈ રહી છે. ક્યાંક રસૂલે પાક ﷺને હિંદુ સ્વામી સાથે તો ક્યાંક ગાંધી સાથે સરખાવી આપની શાનમાં ગુસ્તાખીઓ થઈ રહી છે, તો ક્યાંક હુઝૂરને "આપણી જેવા માણસ" કહેવામાં આવી રહ્યા છે. (મઆઝલ્લાહ !) પણ તેનો વિરોધ કૌમ થકી નથી થતો જેવો કે થવો જોઈએ.

તો વળી અતિ અફસોસની વાત એ કે સુન્નીઓમાં પણ જાતજાતના વિવાદો વકરી રહ્યા છે, ક્યાંક સિલસિલાવારી વિવાદમાં સુન્નીઓ જ આમને સામને છે, તો ક્યાંક એક જ સિલસિલામાં વિવિધ વિવાદો માથાં ઉંચકી સુન્ની એકતામાં રોજ નવી ફાચરો ખડી કરી રહ્યા છે ! સુન્નિયતના માટે કામ કરનારાઓ સામે પરેશાનીઓ ખડી થઈ રહી છે. આવા નાઝુક સમયે આપણને આપણા મહાન પૂર્વજ બુઝુર્ગોની યાદ આવે છે કે જેઓ જિંદગીની હર પલ મુસ્લિમ કૌમની ભલાઈ માટે, તેમના ચૈન સુકૂન માટે પોતે સદા બેચૈન રહ્યા, સુન્નિયતની તરક્કી માટે સદા કોશિશમાં લાગેલા રહ્યા. સુન્નીઓની મજબૂતી માટે પોતાનું ખૂન જલાવ્યું, પગપાળા ચાલ્યા, ભૂખ પ્યાસ વેઠી, ઊંઘ કુર્બાન કરી, જેલોની સજા વેઠી, માલો કુર્બાન કર્યા, એવા જ બુઝુર્ગોમાંથી અત્રે અમોને હુઝૂર મુફતીએ આ'ઝમ તથા હુઝૂર મુજાહિદે મિલ્લત, હુઝૂર બુરહાને મિલ્લત, રઈસુલ કલમ કાઈદે મિલ્લત હઝરત અર્શદુલ કાદરી, મુફતી શરીફુલ હક્ક, શેર બે શએ અહલે સુન્નત رضوان الله تعالى عليهم اجمعين વગેરેની ખૂબ યાદ આવે છે. તેઓ હર તરહની સમસ્યાઓ સામે કેવળ દીન તથા સુન્નિયતને ખાતર, કૌમો મિલ્લતના ભલા ખાતર સદા ઝઝુમતા રહ્યા. આજે આવા મુખ્લિસ અલ્લાહના સાચા નેક બંદાઓનાં જીવન પ્રસંગો વાંચીને આંખો તર થઈ જાય છે કે યા અલ્લાહ ! હવે કયાં છે તારા આવા નેક બંદાઓ જે હાલની કટોકટીમાં અમારો હાથ પકડે !

### ★ સુન્નીઓના આવા સક્રિય હતા મુજાહિદ લીડરો ! ★

ગત વરસોમાં આપણે જોઈ લીધું કે કોઈ કુદરતી આપત્તિ આવી પડી જેમ કે બિહારમાં ગત વર્ષે થયેલ પુરની હોનારત તથા ગુજરાતમાં ખાસ કચ્છ ભૂજ તરફ થયેલ ઈ.સ. ૨૦૦૦ના ધરતીકંપની તબાહી તથા

૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદ થયા બાદ તથા ગુજરાતભરમાં ૨૭ ફેબ્રુ. ૨૦૦૨માં ગોધરા કાંડ બાદ થયેલાં કોમી રમખાણો જેમાં હજારો મુસ્લિમોને જીવતા સળગાવાયા, મસ્જિદો તથા મકાનો બાળવામાં આવ્યાં, લૂટવામાં આવ્યાં, મુસ્લિમ સ્ત્રીઓની આબરૂઓ લૂટાઈ, અસંખ્ય લોકોએ પોતાના વતનોથી સ્થળાંતરો કર્યા. આવા નાઝુક સમયે આપણી બાજુથી જાત તપાસનો, માર્ગદર્શનનો કે પ્રતિનિધિઓ થકી પણ ખબર અંતર લઈ કોઈ આયોજનપૂર્વક સહાયકાર્યને વેગવંત બનાવવાની કાર્યવાહીનો લગભગ અભાવ જોવા મળ્યો, ઈલ્લા માશાઅલ્લાહ ! જ્યારે અન્ય ફિર્કાવાળાઓએ યુદ્ધના ધોરણે આયોજનપૂર્વક કેમ્પો લગાડયા, કોલોનીઓ ઉભી કરી, કાયદાકીય સહાયો પૂરી પાડી અને એ રીતે લોકોને એહસાન તળે દબાવી કેટલાયને પોતાના કરી લીધા ! અમે આવા પ્રસંગોએ બે ત્રણવાર આવા એરીયાની વિઝિટ કરેલ છે ત્યાંના હાલાત જોઈને અમને અફસોસ થયો કે આપણા રહબરો તરફથી આવી ઉણપો શાથી વર્તાઈ રહી છે ?! કેમ કૌમને ખાસ જરૂરતના સમયે કોઈ એ તરફ ફરકતું નથી ?! હશે અમુક નાના પાયા સ્થાનિક ક્ષેત્રે કામ કરવાવાળા, પણ ચળવળરૂપે ઉપસી આવે એવી કાર્યવાહી કરનારાઓની આવા પ્રસંગે મોટાભાગે અછત વર્તાતી રહી છે. અને મોટા ભાગે આવા પ્રસંગો પછી જ્યાં સુધી પબ્લિક સામાન્ય જીવન જીવતી નથી થતી ત્યાં સુધી કોઈ એ બેહાલ લોકોનો હાલ જોવા આવતું નથી. ઈલ્લા માશાઅલ્લાહ ! આ નર્યી હકીકત છે જેનું સમર્થન જે તે પ્રસંગોએ ભોગ બનનારા આપશે.

હવે આવો ! અને જુઓ આગલા બુઝુર્ગોની કારકિર્દી ! આપણા ઉલમાએ અહલે સુન્નત જમાનાના હાલાતથી બાખબર રહેતા હતા અને શરીઅતના વર્તુળને તથા ઉમ્મતની મસ્લેહતના તકાઝાઓને સામે રાખીને લાભદાયી સૂચનો વડે માર્ગ દર્શાવી તથા પોતે યોગ્ય પગલાં ભરીને કૌમની રક્ષા કરતા હતા. મુંબઈની "મુસ્લિમ પર્સનલ લો કોન્ફરન્સ" ડિસેમ્બર–૧૯૭૨ના મોકા પર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

"બુરહાન મિયાં (બુરહાને મિલ્લત)ને જઈને કહો કે હરગિઝ હરગિઝ એ જલ્સામાં શરીક થવાથી ઈન્કાર ન કરે અને આના (એટલે પર્સનલ લોના) અનુસંધાનમાં એમનો જ વિરોધ તથા કાર્યવાહી છે અને વિરોધ દર્શાવવું એ એક શક્તિશાળી શસ્ત્ર છે એટલા માટે એમણે પોતાનું કામ ચાલુ રાખવાનું છે તથા તેને આગળ ધપાવવાનું છે. (સુન્ની–વહાબી) ભેળસેળવાળો ઈજતેમાઅ અને ગૈરોના આયોજન તથા સદારત હેઠળ આ જલ્સો થવાના લીધે તેમણે જે લાચારી દર્શાવી અને શરીક થવાથી વિમુખતા અપનાવી છે એને ત્યજી આપે અને જણાવી આપે કે જરૂર જરૂર શિર્કત કરશે."

તો હુઝૂર બુરહાને મિલ્લતે તે કોન્ફરન્સમાં હાજરી આપી. હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જ્યારે જલસાનો સંપૂર્ણ રિપોર્ટ મળ્યો તો તેમણે મુજાહિદે મિલ્લતની કામયાબી પર દુઆઓ સાથે મુબારકબાદી અર્પતો પત્ર લખ્યો અને જ્યારે આપ બરેલી હાજર થયા તો હુઝૂર મુફતીએ આ'ઝમે ખુશી પ્રદર્શિત કરતાં ઈર્શાદ ફર્માવ્યો :

"જો તમે જલ્સામાં શરીક ન થાત અને હક્કનું પ્રદર્શન તથા હક્કનું એલાન ન કર્યું હોત તો મહાન કમી રહી જાત. તમે જે વિરોધ પ્રદર્શનની કાર્યવાહીમાં પહેલ કરી હતી તેના સમર્થનમાં આ જલસો ઘણો કામયાબ રહ્યો, આ જલસો તમારી શિર્કતથી તમારો જલસો થઈ ગયો !" *(મુફતીએ આઝમ નંબર, ઈસ્તિકામત ડાયજેસ્ટ–કાનપુર)*

## ★ મુજાહિદે મિલ્લતની મુજાહિદાના વાત ! ★

મુજાહિદે મિલ્લતે મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ પ્રમુખ જમિઅતે ઉલમાએ હિંદ, ઓરિસ્સાના નામે પોતાના પત્રમાં લખ્યું : "ફકીર (પોતે) એ બાબતોમાં જેમાં હિંદના મુસ્લિમોના દીન તથા મઝહબ તેમજ જાન માલની રક્ષા સંબંધે ગવર્નમેન્ટથી માંગણી છે એમાં શરીક થવા માટે કેવળ એ શરત પર તૈયાર છે કે મારા અકીદાઓ પર કાયમ રહીને જ નહીં બલ્કે ઉલમાએ દેવબંદના લખાણો નિશ્ચિત વિવાદાસ્પદ હોવાના વિશે અમારા લોકોની જે તેહકીક છે તેને તદ્દન સ્પષ્ટપણે લેખિત તથા મૌખિક રીતે વિના રોકટોક દરેક પ્રસંગે જાહેર કરવાનો અમને અધિકાર રહેશે અને ઉલમાએ દેવબંદને પણ અમારા વિશે જે ખયાલો તેઓ ધરાવે તેના બારામાં વિના રોકટોક તેને જાહેર કરવાનો તેમને અધિકાર રહેશે જેથી પબ્લિક ધોકામાં ન પડે અને દીનમાં ફિત્નો ન ઊભો થાય.

*ફક્ત–મુહમ્મદ હબીબુર્રહમાન, ખાદિમે મન્સબે સદારત ઓલ ઈન્ડિયા તબ્લીગે સીરત, ૧૯–ઝીલ કઅદ, હિ.સ. ૧૩૮૯, ૧૯–ફેબ્રુ. ઈ.સ. ૧૯૬૮ (મુજાહિદે મિલ્લત નંબર, પેજ–૧૭૮, બહવાલા કન્ઝુલ ઈમાન, ઉર્દૂ માસિક, જાન્યુ.–૦૮, દિલ્હી)*

## ★ સુન્ની શેરો સૌના પર આ રીતે સવાર રહેતા હતા ★

ક઼ાઈદે અહલે સુન્નત હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી (વિસાલ : હિ.સ. ૧૪૨૩, ઈ.સ. ૨૦૦૨) પોતાના એક લખાણમાં લખે છે : "એ યાદ રાખશો કે 'મુસ્લિમ પર્સનલ લો બોર્ડ" પર કોઈ એક વિચારશૈલીના ફિર્ક઼ાની ઈજારાદારી નથી ! બલ્કે તેની સ્થાપ્ના તથા મજબૂતીમાં દરેક વિચાર શૈલીવાળાના રહનુમાઓએ ખુલીને હિસ્સો લીધો છે. જેમ કે ડિસે. ૧૯૭૨માં મુંબઈના કિનારે મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું જે સૌ પ્રથમ કન્વેન્શન થયું હતું એમાં તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના હુકમથી અહલે સુન્નતના પ્રતિનિધિ તરીકે ત્રણ હસ્તીઓએ હિસ્સો લીધો હતો, જબલપુરથી બુરહાને મિલ્લત હઝરત અલ્લામા મુફતી બુરહાનુલ હક્ક઼ ક઼િબ્લા, મુંબઈથી મૌલાના નસ્રુલ્લાહ અબ્બાસી અને જમશેદપુરથી હું નાચીઝ અર્શદુલ ક઼ાદરી.

મને સારી પેઠે યાદ છે કે મેં ભર્યા મજમામાં જ્યાં ક઼ારી તૈયબ દેવબંદી, મૌલાના અબુલ હસન અલી નદવી તથા મૌલાના મિન્નતુલ્લાહ રહમાની વગેરે સર્વ (ફિર્ક઼ાવાળા) મૌજૂદ હતા ત્યાં તક઼રીર કરતાં સાફ સાફ કહ્યું હતું કે : સ્ટેજ પર જે ચહેરાઓ જોવામાં આવી રહ્યા છે એ હઝરાત સાથે અમારે ગંભીર મતભેદો કાલે પણ હતા અને આજે પણ છે, પરંતુ તેમ છતાં અમે કેવળ એ ભાવના સાથે આજે અહીં ખભે ખભે મિલાવીને બેઠા છીએ કે હિંદની ગવર્નમેન્ટને એ ખાત્રી કરાવી દઈએ કે મુસ્લિમ પર્સનલ લોની રક્ષાના કાજે જેવી રીતે દેવબંદ તથા લખનૌ તૈયાર થયેલ છે તેવી જ રીતે બરેલીએ પણ માથે કફન બાંધી લીધું છે.

હઝરત અલ્લામા મુફતી બુરહાનુલ હક્ક઼ સાહબ ક઼િબ્લા તથા મૌલાના નસ્રુલ્લાહ અબ્બાસી ખુદાને પ્યારા થઈ ગયા. એ લોકો જ્યાં સુધી હયાત હતા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના નાયબ પ્રમુખ તથા જો. સેક્રેટરીની હેસિયતથી મુસ્લિમ પર્સનલ લોની રક્ષા માટે હમેશાં સક્રિયા રહ્યા. *(માહનામા ક઼ારી, દિલ્હી–જૂન–૧૯૮૭, હિજાઝ જદીદ–દિલ્હી, મુહર્રમ–૧૪૧૧, ઈ.સ. ૧૯૯૦ બહવાલા કન્ઝુલ ઈમાન–દિલ્હી, જાન્યુ–૦૮, યાસીન અખ્તર મિસ્બાહી)*

આ હતી આપણા રહબરોની કારકિર્દી ! આજે આ ક્ષેત્રે લગભગ સન્નાટો છવાયો છે. વળી સુન્ની અવામની યોગ્ય રહનુમાઈ કઈ રીતે થતી હતી તેના માટે એક પ્રસંગ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો જોઈ લો :

## ★ મુસ્લિમોની ઈજ્જત સાચવવા દૂરંદેશી પગલું ★

અલ્હાજ સૈયદ સફદરઅલી સાહબ રઝવી પીલીભીતીનું બયાન છે કે, પીલીભીતમાં એક રાફઝી સર્વિસ અર્થે આવ્યો હતો તેની પુત્રીને એક ગૈર મુસ્લિમ ભગાડી ગયો. તે ખૂબ જ પરેશાન થયો કેમ કે તેની રાફઝિયતને કારણે અહલે સુન્નતથી મેલજોલ સલામ કલામ બંધ હતાં જેથી તેની કોઈએ મદદ ન કરી. સંજોગો વસાત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મુરીદો સાથે પીલીભીત તશરીફ લાવ્યા તો સુન્ની હઝરાતે આ મસ્અલો પૂછયો કે શું કરવામાં આવે ? તો હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો :–

"બેશક ! રાફઝી પોતાના કુફ્રી અક઼ીદાઓના કારણે ઈસ્લામથી ખારિજ છે પરંતુ ગૈર મુસ્લિમની નજરમાં તો તે મુસલમાન છે. ગૈર મુસ્લિમ તેની પુત્રી લઈ ગયો છે તો મુશ્રિકોની નજરમાં તો તે છોકરી મુસ્લિમ છે અને સર્વ મુસ્લિમોની એમાં બેઈજ્જતી થઈ રહી છે જ્યાં સુધી તે છોકરી એ ગૈર મુસ્લિમના ક઼બજા છે. જેથી તમે લોકો તે ગૈર મુસ્લિમના કબજામાંથી તેણીને કાઢવાની દરેક શક્ય કોશિશ કરો અને મદદ કરો. હા ! જ્યારે છોકરી મુશ્રિકના કબજાથી નીકળી આવે તો તમે અલગતા અપનાવો, કેમ કે રાફઝી સાથે સલામ કલામ, મેલજોલ, શાદી વિવાહ સૌ હરામ છે. *(તજલ્લિયાતે હુઝૂર મુફતીએ આ'ઝમ, પેજ–૫૮)* આ દર્શાવે છે કે મુસ્લિમોની ઈજ્જતની તેમને કેટલી ચિંતા હતી.

## ★ રાજનીતિમાં દિર્ઘ દષ્ટિનું અનોખું દષ્ટાંત ! ★

ઈંદિરા ગાંધીના દૌરમાં ઈમરજન્સી (ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૭૮)ના પ્રારંભમાં જ્યારે "જમાઅતે ઈસ્લામી હિંદ" પર પાબંદી લાગી તો મુજાહિદે મિલ્લત મુંબઈ તશરીફ લાવ્યા અને "ઓલ ઈન્ડિયા તબ્લીગે સીરત" તરફથી સખત વિરોધ નોંધાવ્યો. હાંડીવાલી મસ્જિદ (મુંબઈ)માં મને (વારિસ જમાલ ક઼ાદરીને) બોલાવ્યો

અને અલગ લઈ જઈને કહેવા લાગ્યા, મોલ્વી સાહબ ! સાંભળ્યું છે કે તમે લખવાનું જાણો છો, તો એવું કરો કે એક પત્ર "ઓલ ઈન્ડિયા તબ્લીગે સીરત" (જે સુન્નીઓની સંસ્થા છે) તરફથી વડાપ્રધાન મિસીસ ઈંદિરા ગાંધીના નામે આ વિષયનો પત્ર તમારી રીતે લખીને હમણા ને હમણા મારી સામે લાવો.

મેં અદબ સાથે અર્ઝ કરી કે, હુઝૂર ! આ જમાઅતે ઈસ્લામી તો વહાબીઓની જમાઅત છે, એના માટે તમારે અને મારે પરેશાન થવાની શું જરૂરત છે ? ભોગવવા દો એમને ! સારું થયું કે ગવર્નમેન્ટે પાબંદી લગાડી દીધી જેથી કાંઈ તો જોર એમનું ઘટશે ! અને તમે છો કે પૂરી જમાઅત સાથે તેના સામે વિરોધ પ્રદર્શિત કરવા જઈ રહ્યા છો ?!

મુજાહિદે મિલ્લત ધીમે ધીમે હસવા લાગ્યા. કહ્યું, મોલ્વી સાહબ ! હજી બાળક છો ! સમય તમને સમજાવી આપશે. આપણો આ વિરોધ "જમાઅતે ઈસ્લામી" માટે ઓછો અને "ખાકસારાને હક્ક" તથા "ઓલ ઈન્ડિયા તબ્લીગે સીરત" (જે સુન્ની સંસ્થાઓ છે)ના માટે અધિક છે. આ સંજોગોમાં ગવર્નમેન્ટને રોકવામાં નહીં આવે તો હવે પછી "ખાકસારાને હક્ક"ની વારી આવશે ! પછી "તબ્લીગે સીરત"ના ગળામાં ફંદો નાખવામાં આવશે. મૌલાના ! "ખાકસારાને હક્ક" ગવર્નમેન્ટની નજરમાં ખૂબ જ ખટકવા માંડી છે અને મોટા મોટા લીડરોની જીભો પર એનું નામ આવવા લાગ્યું છે. ..........આવા સંજોગોમાં "જમાઅતે ઈસ્લામી" માટે હિંદની ગવર્નમેન્ટ સામે વિરોધ પ્રદર્શિત કરવો જરૂરી થઈ જાય છે, નહીં તો એક એક કરીને સર્વ જમાઅતો પર ગવર્નમેન્ટ ફંદો કસતી જશે." *(કન્ઝુલ ઈમાન માહનામા, પેજ–૪૦, માર્ચ–૨૦૦૪, દિલ્હી, અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી)*

### ★ "જમાઅતે ઈસ્લામી"ના મુબલ્લિગને નસીહત ! ★

પૂર્વ બંગાળમાં "જમાઅતે ઈસ્લામી"ના કેટલાક સભ્યો સરકાર મુજાહિદે મિલ્લતને મળવા માટે આવ્યા. એક જણ જે તે વિસ્તારમાં મુબલ્લિગે જમાઅતે ઈસ્લામીના નામથી ઓળખાતો હતો તેણે સરકાર મુજાહિદે મિલ્લતને અર્ઝ કરી, આપ અમને કાંઈક નસીહત કરો ! સરકાર મુજાહિદે મિલ્લતે એકદમ જવાબ આપ્યો કે, "તમે લોકો 'જમાઅતે ઈસ્લામી' જેવી ગુમરાહ જમાઅતથી તમારો સંબંધ તોડીને તૌબા કરીને સુન્નિયતનો માર્ગ અપનાવી લો જે સાચો માર્ગ છે." એક જણે પૂછયું કે જમાઅતે ઈસ્લામીમાં શું ખરાબી છે ? તો આપે (એ જમાઅતના બાની મૌલાના) મૌદૂદી મહાશયની તે માન્યતાઓને તેમના સમક્ષ રજૂ કરી જે સવાદે આ'ઝમ (અહલે સુન્નત)થી તદ્દન ઉલ્ટી ગુમરાહીઓ પ્રતિ દોરનારી છે. તે લોકોએ શાંતચિત્તે મુજાહિદે મિલ્લતની વાતો સાંભળી અને **من يضلله فلا هادى له**ના પ્રમાણે ગુમરાહીઓ સાથે લપેટાયેલા રહ્યા. આ બનાવથી આપની હક્કગોઈ, ખુદાદાદ દ્દષ્ટિ, દિમાગની તેજી સર્વ જાહેર થાય છે. *(તઝકેરએ સરકાર મુજાહિદે મિલ્લત, પેજ–૨૧૨, બહવાલા કન્ઝુલ ઈમાન માહનામા, જાન્યુ. ૦૮)*

### ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમની રહનુમાઈ આપણા માટે દીવાદાંડી સમાન ! ★

ગુજરાતના પાદરા મુકામેથી જમાલભાઈ કાસમભાઈ હાજીએ એક પ્રશ્ન કર્યો હતો કે, વડોદરા રાજ્યમાં "મુસલમાનાને બરોડા રાજ કોન્ફરન્સ" નામની એક અંજુમન હક્કોની માંગણી તથા ઈસ્લામની રક્ષા કાજે સ્થાપિત થઈ છે. આ અંજુમન કોઈ ધાર્મિક બાબતોની દખલ માટે નથી પણ કેવળ અહીંના હિંદુ રાજાઓ તથા પ્રજાના સમક્ષ મુસ્લિમોના હક્કોની રક્ષાનું કામ કરવાની છે. એટલા માટે ફિર્કાબંદીની પાબંદી વિના દરેક કલમો પઢનાર શરીક થઈ શકે છે તો આ કોન્ફરન્સમાં સુન્ની હનફી મુસલમાનોએ ભાગ લેવો જાઈઝ છે ? બય્યનૂ તૂજરૂ.

હુઝૂર મુફ્તીએ આ'ઝમે رحمۃ اللہ علیہએ જવાબમાં ફર્માવ્યું, "આ કોન્ફરન્સમાં હિસ્સો અહલે સુન્નતના હક્કોની રક્ષા બાતિલ ફિર્કાની સામે તથા ઈસ્લામના વિરોધીઓ સામે ઈસ્લામના હક્કોની રક્ષા માટે જરૂરી છે.

બાતિલ ફિર્કા સાથે તે મેલજોલ નાજાઈઝ તથા હરામ છે જે મહોબ્બત તથા દોસ્તીના સબબે હોય તેમજ તે શરઈ જરૂરત, હાજત તથા મસ્લેહત વિનાની હોય, ન તે જે તબ્લીગ તથા રદના હેતુથી હોય. *(ફતાવા મુસ્તફવિય્યા, પેજ–૪૫૭, ૪૫૮)* કેટલા સરસ અંદાઝમાં મુસ્લિમોના હક્કો માટે લડવાની તથા સુલેહ કુલ્લી પણ ન થવાની આમાં સલાહ છે.

તેમજ આંજહાની ઈંદિરા ગાંધીના દૌરમાં ઈમરજન્સીના સમયે જ્યારે કુટુંબ નિયોજનના ઝંડા હેઠળ નસબંદી જાઈઝ હોવાનો ફત્વો સર્વ મકતબના દારુલ ઈફતાવાળા ગવર્નમેન્ટના ડરથી અથવા ચાપલૂસીમાં આપી ચૂક્યા હતા ત્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ "નસબંદી હરામ છે ! હરામ છે ! હરામ છે !" ફત્વો કોઈ દાબ દબાણ કે ધમકીઓથી ડર્યા વિના બહાર પાડી આખા હિંદુસ્તાનમાં ફેલાવ્યા હતો. આપનો રૂહાની દબદબો એ હતો કે આપની ધરપકડ કરવા આવનાર અધિકારી આપને સ્પર્શી ન શક્યા અને પરત થઈ ગયા ! આપે ફર્માવ્યું કે, "ફત્વો નહીં બદલાય પણ હુકૂમત બદલાઈ જશે !" અને તે થઈને રહ્યું. એ તો ખૂબ જ જગ મશ્હૂર પ્રસંગ છે. આપણા બુઝુર્ગોની કૌમ માટે જાગૃત મિજાઝી તથા કૌમની ગુમરાહીની ચિંતાનો એક અધિક જીવતો જાગતો નમૂનો જોઈ લો :–

## ★ છે કોઈ આ રીતે દીનની ખિદમત કરનાર ?! ★

હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એના માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક લીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જ્યારે ઘણા વિસ્તારોમાં મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પૂરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, "આવો ! મુનાઝરો કરી લઈએ !" પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે તો મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રૂજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યું પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)* આ પ્રસંગની સચ્ચાઈમાં કોઈ શંકા નથી કેમ કે ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમે હઝરત મુફતી શરીફુલ હક્ક સાહબને બયાન કર્યો હતો.

આપણા બુઝુર્ગો ફક્ત સ્ટેજના ગાઝી તથા બેબાક બોલવા પૂરતા મુજાહિદ ન હતા, બલ્કે સમય આવ્યે જાનની બાઝી પણ લગાડી દેનારા હતા ! શું આજે મુસ્લિમ કૌમના આવા સળગતા પ્રશ્નો નથી ?! છે અને જરૂર છે ! પણ અફસોસ ! આજે મુફતીએ આ'ઝમે હિંદ, મુહદ્દિષે આ'ઝમે હિંદ, મુજાહિદે મિલ્લત તથા બુરહાને મિલ્લત તથા કાઈદે આ'ઝમ હઝરત અર્શદુલ કાદરી તથા શેર બે શએ અહલે સુન્નત (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) વગેરે જેવી રહનુમા હસ્તીઓ આપણામાં નથી જોવા મળતી. આજે પણ આપણે કામયાબી ચાહતા હોઈએ તો આ બુઝુર્ગોને દીવાદાંડી બનાવી તેમના નકશે કદમ પર ચાલવું પડશે. આ ક્ષેત્રે લાયકાત ધરાવતા દીનના હમદર્દો બુઝુર્ગોની નસીહત સામે રાખી જરૂર આગળ આવે. રબ્બે કરીમથી દુઆ છે કે આપણી આ ઉણપોને તે પૂરી આપે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

حٰفِظُوْا عَلَى الصَّلَوٰتِ وَالصَّلٰوةِ الْوُسْطٰى وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ ۝
فَاِنْ خِفْتُمْ فَرِجَالًا اَوْ رُكْبَانًا فَاِذَآ اَمِنْتُمْ فَاذْكُرُوا اللّٰهَ كَمَا
عَلَّمَكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ۝ وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَ
يَذَرُوْنَ اَزْوَاجًا وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ
فَاِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ مِنْ
مَّعْرُوْفٍ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ۝ وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌ بِالْمَعْرُوْفِ حَقًّا
عَلَى الْمُتَّقِيْنَ ۝

### ત.....ર્જુ.....મો....

પાબંદી કરો સર્વ નમાઝોની[૩૧૦] અને (ખાસ કરીને) દરમિયાની નમાઝની[૩૧૧] અને ઊભા રહ્યા કરો અલ્લાહના માટે આજિજી કરતા. પછી જો તમને ડર હોય (દુશ્મન વગેરેનો) તો પગપાળા કે સવાર (જે રીતે બની શકે)[૩૧૨]. પછી જ્યારે તમને અમ્ન હાંસલ થઈ જાય તો યાદ કરો અલ્લાહ તઆલાને જે રીતે એણે શીખવ્યું છે તમને જે તમે ન જાણતા હતા. અને જે લોકો મૃત્યુ પામે છે તમારામાંથી[૩૧૩] અને છોડી જાય છે પત્નીઓ (તેઓએ જોઈએ કે) વસિયત કરીને જયા કરે પોતાની પત્નીઓને માટે કે તેણીઓને ખર્ચ આપવામાં આવે એક વરસ સુધી (અને) ન કાઢવામાં આવે (તેણીઓને ઘરોએથી) પછી જો તેણીઓ પોતે જ ચાલી જાય તો કોઈ ગુનોહ નથી તમારા પર જે કાંઈ તેણીઓ કરે પોતાના મામલામાં મુનાસિબ રીતે[૩૧૪]. અને અલ્લાહ ઘણો જબરદસ્ત મહાન હિકમતવાળો છે. અને (એ જ રીતે) જેને તલાક઼ આપવામાં આવી એને ખર્ચ આપવો જોઈએ મુનાસિબ રીતે, એ વાજિબ છે પરહેઝગારો પર[૩૧૫].

### તફસીર...............

**૩૧૦.** ઝિક્રે ઈલાહી ઈસ્લામની રૂહ છે. આ જ તે શક્તિ છે જેનાથી ઈન્સાન ખૂશીપૂર્વક શરીઅતના સર્વ ક઼ાનૂનો પર અમલ કરી શકે છે. એટલા માટે કુર્આનનો એ નિયમ છે કે જ્યાં ક઼ાનૂનો તથા હુકમોનું વર્ણન થયું ત્યાં સાથો સાથ ઝિક્રે ઈલાહીની તરફ દિલોને આકર્ષિત કરી આપે છે કે તે એ એહકામોની પાબંદી આસાનીથી કરી શકે. અહીં પણ ગૃહસ્થી જિંદગીના વિશે તલાક઼, ખુલઅ, ઈદ્દત વગેરેના હુકમો વર્ણન કરીને નમાઝને પાબંદીથી અદા કરવાનો હુકમ આપ્યો. કેમ કે નમાઝ જ ઝિક્રે ઈલાહીનો સૌથી ઉચ્ચ તથા અસરકારક તરીક઼ો છે, એમાં શરીર તથા રૂહ, દિલ તથા દિમાગ સૌ ઈબાદત તથા મુનાજાતમાં વ્યસ્ત હોય છે. અહીં કુર્આનના શબ્દો વિચારયુક્ત છે حافظوا على الصّلوات ફર્માવ્યું احفظوها નથી ફર્માવ્યું, એનું કારણ એ છે કે જ્યારે મુફાએલાનો સિલો આ'લા આવી જાય તો તે વખતે તેનો અર્થ વારંવાર અને ક઼ાયમ માટે કરવું થાય છે. *(અલ્મિનાર)* અહીં પણ મક઼સદ એ જ બતાવવું છે કે વારંવાર હમેશાં નમાઝ અદા કરતા રહો, એવું નહીં કે એકવાર નમાઝ અદા કરી લીધી અને અઠવાડિયા સુધી છુટ્ટી મળી ગઈ ! ઈસ્લામમાં નમાઝને જે મહત્વ હાંસલ છે

તે વર્ણનનું મોહતાજ નથી. કુર્આને કરીમમાં એનો હુકમ સો વાર લગભગ છે. હુઝૂર ﷺએ એને દીનનો સ્તંભ દર્શાવ્યો. અને આપણે મુસલમાન થઈને નમાઝના મામલામાં જેટલી સુસ્તી કરીએ છીએ એની કોઈ હદ નથી ! હુઝૂરે અકરમ ﷺનો એક ઈર્શાદ નક્લ કરું છું, શક્ય છે કે એનાથી કોઈ ખુશનસીબ હિદાયત પામી જાય. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, ''જે નમાઝ પાબંદીથી અદા કરશે તે કયામતના દિવસે તેના માટે નૂર બનશે, અને ઈમાનની ઉઘાડી દલીલ બનશે અને તેની નજાતનો સબબ બનશે. અને જેણે નમાઝની પાબંદી ન કરી તો તેની પાસે ન નૂર હશે ન પોતાના ઈમાનની કોઈ દલીલ અને ન બખ્શિશનો કોઈ વસીલો હશે. અને તેનો હશ્ર કારૂન, ફિરઔન, હામાન તથા ઉબય ઈબ્ને ખલફની સાથે થશે.'' *(અહમદ, તિબ્રાની)* હે અલ્લાહ ! અમને ગફલતની નીંદથી જાગૃત કર અને તારી ઈબાદત અને તારા મહબૂબ ﷺની ફર્માંબરદારીની તૌફીક અતા ફર્માવી. (આમીન)

بحجاہِ حبیبك الكریم علیه افضل الصلوٰة والسلام

**૩૧૧.** દરમિયાની નમાઝથી કઈ નમાઝ મુરાદ છે ? એમાં ઉલમાના વિવિધ કથનો છે, પરંતુ રાજેહ (પસંદીદા) કથન એ છે કે એ અસરની નમાઝ છે. હઝરત અલી, ઈબ્ને મસ્ઊદ તથા આઈશા વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનો એ જ કૌલ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો એ જ મસ્લક છે. જંગે ખંદકમાં અસ્રની નમાઝ કઝા થઈ ગઈ હતી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે, ''અલ્લાહ તઆલા આ કાફિરોની કબ્રોને આગથી ભરી આપે ! તેમણે અમોને દરમિયાની નમાઝ પઢવાથી વ્યસ્ત રાખ્યા.''

**૩૧૨.** આ આયત નમાઝ અતિશયના મહત્વ પર દલીલ પૂરી પાડે છે કે ઈબાદત એટલી મહત્વની છે કે એ સમયે પણ માફ નથી હોતી જ્યારે તમને દુશ્મનના હુમ્લાનો ભય હોય. હા ! એટલી આસાની કરી દેવામાં આવી કે પગ પાળા ચાલતાં ચાલતાં અથવા પોતાની સવારીઓ પર બેઠા બેઠા જે તરફ પણ મોઢું થઈ જાય નમાઝ અદા કરતા જાવ.

**૩૧૩.** ઈસ્લામના પ્રારંભમાં વિધવાની ઈદ્દત એક વરસ હતી અને એક વરસ પૂરું તેણી પતિના ત્યાં રહીને ભરણ પોષણ પામવાની હક્કદાર હતી. પછી એક વરસની ઈદ્દત આયત يتربصن بانفسهن اربعة اشهروعشرا થી મન્સૂખ (૨૬) થઈ જેમાં વિધવાની ઈદ્દત ચાર મહિના દસ દિવસ નિશ્ચિત કરવામાં આવી અને વરસનું ભરણપોષણ આયતે મીરાષથી મન્સૂખ થયું. *(હાશિયા સદરુલ અફાઝિલ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ)*

**૩૧૪.** એટલે કે ઈદ્દતની મુદ્દત પૂર્ણ થયા બાદ જો તેણી પોતાના માજી પતિના ઘરમાં ન રહેવા ચાહે તો તેણીને મજબૂર કરવામાં ન આવે એ શરતે કે તેણી કોઈ એવું ડગલુ ભરે જે શરીઅતના કોઈ કાનૂનની વિરુદ્ધ હોય અથવા અખ્લાકથી હલકી કક્ષાનું હોય જેનાથી તેમની પ્રતિષ્ઠા કલંકિત થાય અથવા તેણીના મૃત પતિની બદનામી થાય. مِن معروفની કૈદ વધારીને એ જ બે વાતો પ્રતિ નિર્દેશ કરવામાં આવ્યો છે.

**૩૧૫.** શરીઅતે તલાક પામેલ સ્ત્રી માટે ઈદ્દત નિશ્ચિત કરી છે, એની એક હિકમત એ પણ છે કે માલૂમ પડી જાય કે તેણી સગર્ભા તો નથી. એમાં સરાસર પતિના વંશની હિફાઝત મેહફૂઝ છે, જાણે સ્ત્રી હજી તેના હક્કોની રક્ષાના માટે બંધાએલી છે એટલા માટે એના ખર્ચાઓની જિમ્મેદારી પતિને સોંપવામાં આવી. અને એ ભારોભાર ઈન્સાફ છે.

**વજન વધારો-ઘટાડો તથા તમામ પ્રકાશની શારીરિક નબળાય તેમજ પગ, ગુથણ, વા કમરનો સચોટ આયુર્વેદિક હર્બલ ઉપાય**

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**
મુા. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ
ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,
મો. ૯૮૯૮૧૦૪૯૯૫
**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

**હદીષ ૭૩**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી ﷺ થી રિવાયત કરે છે. ફર્માવે છે કે મુડદુ ક઼બ્રમાં પહોંચે છે પછી પોતાની ક઼બ્રમાં બેઠુ કરવામાં આવે છે ન ગભરાયેલું ન પરેશાન[૧]. પછી તેને કહેવામાં આવે છે, તું કયા ધર્મમાં હતો ? તે કહે છે, ઈસ્લામમાં હતો[૨]. પછી કહે છે, આ કોણ સાહબ છે ? તે કહે છે મુહમ્મદુર્રસૂલુલ્લાહ છે જેઓ અમારી પાસે રબની તરફથી નિશાનીઓ લાવ્યા, અમે તેમનું સમર્થન કર્યુ[૩]. ત્યારે કહેવામાં આવે છે, શું તેં અલ્લાહને જોયો છે ?[૪] તે કહે છે, કોઈ ખુદાને નથી જોઈ શક્તું[૫]. પછી દોઝખની તરફ ખિડકી ખોલવામાં આવે છે કે અમુક અમુકને કચડી રહેલ છે[૬]. પછી એને કહેવામાં આવે છે કે આ તરફ જો જેનાથી અલ્લાહે તને બચાવી લીધો[૭]. પછી જન્નતની તરફ ખિડકી ખોલવામાં આવે છે તો તે તેની તરો તાઝગીની તરફ અને જે એમાં છે તેને જુએ છે[૮]. પછી તેને કહેવામાં આવે છે કે આ તારુ ઠેકાણુ છે, તું યક઼ીન પર હતો, એના પર મર્યો અને ઈન્શાઅલ્લાહ ! એના પર ઉઠીશ[૯]. બુરા માણસને તેની ક઼બ્રમાં બેસાડવામાં આવે છે, હેરાન ! પરેશાન ![૧૦] તેને કહેવામાં આવે છે કે, તું કયા દીન પર હતો ? તે કહે છે મને ખબર નથી ! પછી કહેવામાં આવે છે કે, આ સાહબ કોણ છે ? તે કહે છે મેં લોકોને કાંઈ કહેતાં સાંભળ્યું તે મેં પણ કહ્યું હતું[૧૧]. ત્યારે તેની સામે જન્નત તરફની ખિડકી ખોલવામાં આવે છે, તે ત્યાંની તરો તાઝગી અને જે કાંઈ એમાં છે તેને જુએ છે. પછી તેને કહેવામાં આવે છે, તે જો અલ્લાહે તારાથી ફેરવી નાખ્યું ! પછી દોઝખની તરફ ખિડકી ખોલવામાં આવે છે, જુએ છે કે અમુક અમુકને કચડી રહેલ છે. પછી કહેવામાં આવે છે કે, આ છે તારું ઠેકાણું ![૧૨] તું શંકા પર હતો અને એમાં જ મર્યો અને એના પર જ ઈન્શાઅલ્લાહ ! ઉઠીશ[૧૩]. (ઈબ્ને માજહ)

**:::: સ....મ....જૂ....તી.... ::::**

**૧.** આ મો'મિનનો હાલ થશે. એ જ ઈત્મિનાનના કારણે સવાલોના જવાબો આસાનીથી આપશે. તે દુનિયામાં ઘણો ગભરાયો તથા ડરી ચૂક્યો, હવે તેના સંતોષનો જમાનો આવી ચૂક્યો.

**૨.** એટલે કે જિંદગીમાં પણ ઈસ્લામ પર હતો અને હવે પણ. પરંતુ કેમ કે સજા તથા જઝાનો દારોમદાર જિંદગીના ઈમાન તથા અમલો પર છે એટલા માટે અહીં એનું વર્ણન કરવામાં આવ્યુ. અમુક સાલેહીન ક઼બ્રમાં કુર્આનની તિલાવત બલ્કે નમાઝ પણ અદા કરે છે પણ તેમને તેનો કોઈ સવાબ નથી, લિજ્જત રૂહાની છે. એટલા માટે બુઝુર્ગોની રૂહોને પણ નેકીઓનો સવાબ બખ્શવામાં આવે છે જેથી હદીષ પર એ વાંધો નથી કે كُنْتَ શા માટે ફર્માવ્યું.

**૩.** યાદ રાખશો કે ભલે ઈસ્લામમાં તૌહીદ, રિસાલત તથા સર્વ અક઼ીદા આવી ગયા હતા, પરંતુ છતાં અંતિમ સવાલ હુઝૂર ﷺ ના બારામાં થાય છે. કલમો ખત્મ થાય તો એમના નામ પર, નમાઝ ખત્મ થાય તો એમના સલામ પર, ક઼બ્રની પરીક્ષા ખત્મ થાય તો એમની પેહચાન પર ! ખાત્મિયતનો સેહરો એમના જ માથા પર છે, દરેક જગાએ નજાત તેમના જ સહારે છે.

**૪.** એટલે તું જે કહે છે તે અલ્લાહ પાસેથી નિશાનીઓ લાવ્યા તો શું તેં ખુદાને તેમને નબી બનાવીને મોકલતાં, નિશાનીઓ આપતાં જોયો હતો ? તે કહે છે કે ખૂદ તો નથી જોયો, પણ જોનારા મહબૂબથી સાંભળ્યું હતું. મને તેમની વાણી પર મારી

આંખો કરતાં અધિક ભરોસો છે. મારી આંખો જૂઠી હોઈ શકે છે પણ તેમની વાણી ગલત નથી હોઈ શકતી. યાદ રાખશો કે આ વાતચીત ઈમ્તેહાન સિવાયની છે. ફરિશ્તા ખુશ થઈને તેની સાથે આવી વાતો કરે છે.

**૫.** દુનિયામાં આ આંખોથી. સુબ્હાનલ્લાહ ! જાહિલ મુસલમાન પણ મરતાં જ અક઼ીદાઓનો આલિમ બની જાય છે.

**૬.** યાદ રાખશો કે મો'મિનને એ સમયે દોઝખની આગ નજર આવે છે. તકલીફ તદ્દન નથી પહોંચતી. કચડવાનો એ મતલબ છે કે એટલા પ્રમાણમાં અધિક આગ છે જાણે આગોની ભીડ થઈ ગઈ છે કે અમુક અમુકને કચડી રહી છે.

**૭.** એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે દોઝખથી બચવું કેવળ પોતાના અમલથી નથી, બલ્કે રબ તઆલાના ફઝ્લથી છે કે એના જ કરમથી ક઼બ્રમાં કામયાબી થાય છે. બીજુ એ કે દરેક શખ્સની જગા જન્નતમાં પણ છે અને દોઝખમાં પણ. મો'મિન જન્નતમાં પોતાની જગા પણ સંભાળે છે અને કાફિર પણ. મો'મિનને દોઝખની જગા પ્રથમ દેખાડવું તેને અધિક ખુશ કરવાના માટે છે.

**૮.** કેવળ જોતો જ નથી બલ્કે તેનાથી ફાયદો પણ ઉઠાવે છે. અને દોઝખની ખિડકી તરત બંધ કરી દેવામાં આવે છે પણ આ ખિડકી ક઼યામત સુધી ખુલ્લી રહે છે.

**૯.** એટલે કે દુનિયામાં તને તારા અક઼ીદાઓનું "ઈલ્મુલ યક઼ીન" હતું જે સાંભળીને હાંસલ કર્યું. ક઼બ્રમાં આ સર્વ ચીજોને જોઈને "અયનુલ યક઼ીન" હાંસલ થયું અને હશ્ર પછી ત્યાં પહોંચીને હક઼્કુલ યક઼ીન નસીબ થશે. યક઼ીન ક઼ાયમી રહ્યું, તેના મર્તબાઓમાં તરક્કી થતી રહી. યાદ રાખો કે જેવું જીવશો તેવું મરશો. ઈન્શાઅલ્લાહ ! ફર્માવવું બરકતના માટે છે ન કે શકને લીધે. રબ તઆલાએ ફર્માવ્યું : لَتَدْ خُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ اِنْشَآءَ اللّٰهُ

**૧૦.** કેમ કે કાફિર દુનિયામાં ખુદાથી નીડર રહ્યો, હવે તેને ડર શરૂ થઈ ગયો.

**૧૧.** મુનાફિક઼ે કેવળ જીભ વડે લોકોની દેખાદેખી રસૂલુલ્લાહ કહી દીધું હતું. કાફિર પોતાના દોસ્તોથી સાંભળી તેમને જાદૂગર વગેરે કહેતા હતા. સારાંશ કે સંતોષકારક જવાબ આપી શક્શે નહીં.


**૧૨.** અહીં પણ પાછલી ચર્ચા યાદ રાખશો કે કાફિર જન્નતને કેવળ જુએ છે, એનાથી ફાયદો તદ્દન નથી ઉઠાવતો. અને જન્નતની ખિડકી તરત જ બંધ પણ કરી દેવામાં આવે છે. આ દેખાડવું અફસોસમાં વધારો કરવા માટે છે. દોઝખને જુએ પણ છે અને તેની ગરમીથી તકલીફ પણ પામે છે. અને એ ખિડકી કદી બંધ પણ નથી થતી.

**૧૩.** આમ કાફિરોને પોતાના દીન પર અડગતા નથી હોતી, જરા સરખી મુસીબતમાં દીન છોડી આપે છે. રબ તઆલા ફર્માવે છે : دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ "અમે હિંદુઓને મસ્જિદોના દરવાજાઓ પર નમાઝીઓના જોડાની ખાક ચૂમતા જોયા છે, મશાઈખે કિરામનાં તળિયાંઓને ચૂમતા જોયા છે અને જે ખાસ કાફિરોને પોતાના મઝહબ પર અડગતા તથા ભરોસો છે તે પણ યક઼ીન નથી કહેવાતું, બલ્કે જહલે મુરક્કબ એટલે જૂઠી વાતને સાચા જાણી લેવું. તેમ જ તેનો એ ભરોસો મરતાં જ ભાગી પડે છે. હવે તેને મૃત્યુ પછી સમજમાં નથી આવતું કે સાચો દીન કયો છે ! જેથી આ હદીષ પર એ વાંધો નથી કે ઘણા કાફિરોને પોતાના મઝહબ પર યક઼ીન હોય છે, પછી આ હદીષ કઈ રીતે સહીહ છે.

**:: અલ્લાહ જઝાએ ખૈર આપે ! ::**

**જનાબ હાજી નસરુભાઈ રાણા નાપાવાલા** (હાલ : અમદાવાદ) એમના તરફથી એમના વાલિદૈનના ઈસાલે સવાબ અર્થે ૧૦૦ ગ્રાહકો **'બરકાતે ખ્વાજા'** (માસિક)ના નાપા તથા નાપાડ (જિ. આણંદ)થી જે લોકો થયા તેમના લવાજમની અડધી રકમ આપ સાહબે આપી છે. આ રીતે ગ્રાહકો વધારવામાં પ્રોત્સાહન આપનાર હાજી નસરુભાઈને રબ તઆલા જઝાએ ખૈર આપે અને તેમના મર્હૂમીન વાલિદૈન વગેરેની મગફેરત ફર્માવે. (આમીન)

અન્ય લોકો પણ આ રીતે સવાબના કામમાં હિસ્સો લઈ મર્હૂમોના સવાબ અર્થે ગ્રાહકો નોંધાવે એવી અપીલ છે. *–તંત્રી*



# શિફા શરીફ

વિભાગ : ૨

**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## મેઅરાજ શારીરિક અને આધ્યાત્મિક

પૂર્વજ વિદ્વવાનોનો મેઅરાજ શારીરિક અને આધ્યાત્મિક હોવા વિશે મતભેદ છે અને એના અનુસંધાનમાં તેમના ત્રણ કથનો છે : એક જમાઅત તો તે તરફ ગઈ છે કે મેઅરાજ આધ્યાત્મિક (રૂહાની) છે અને તે પણ સ્વપ્નની હાલતમાં, જ્યારે કે એના પર તમામની એકમતિ છે કે અંબિયાએ કિરામનાં સ્વપ્નાં (હક્ક્) સાચાં છે અને વહીના જેમ છે. આ હઝરત મુઆવિયા رضی اللہ عنہ નો મઝહબ છે. અને હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૦/ઈ.સ. ૭૨૭)થી પણ આ વાત કહેવામાં આવી છે. જો કે તેમનાથી આના વિરુદ્ધ મશહૂર છે અને તેની તરફ મુહમ્મદ બિન ઈસ્હાક رحمۃ اللہ علیہએ ઈશારો કરેલ છે અને તેમની દલીલમાં અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ છે : وَمَا جَعَلْنَا الرُّؤْيَا الَّتِىٓ اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ ''અને અમે ન કર્યું તે દશ્ય જે તમને દેખાડયું હતું પણ લોકોને અજમાવવા.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. નં. ૬૦)*

અને જેવું કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا (વફાત : હિ.સ. ૫૮/ઈ.સ.૬૭૭)થી આ વાત કહેવામાં આવી છે કે (મેઅરાજની રાત્રે) મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના મુબારક શરીરને ગુમ કર્યું ન હતું. અને આ રિસાલતનું ફર્માન પણ કે આ હાલતમાં હું સૂઈ રહ્યો હતો. અને હઝરત અનસ (વફાત : હિ.સ. ૯૩/ઈ.સ. ૭૧૧)નું આ કથન કે નબી કરીમ صلی اللہ علیہ وسلم મસ્જિદે હરામમાં સ્વપ્નમાં મગ્ન હતા અને પછી બાકી બનાવ બયાન કર્યો. અને તેના અંતમાં કે જ્યારે હું જાગૃત થયો ત્યારે મસ્જિદે હરામમાં હતો.

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૫૪૪ ઈ.સ. ૧૧૪૯) ફર્માવે છે :–

''પૂર્વજો અને મુસલમાનોની મહાન હસ્તીઓ તે તરફ ગઈ છે કે **મેઅરાજ શરીર સાથે જાગૃત અવસ્થામાં થઈ છે** અને આ કથન સાચું છે. ઈબ્ને અબ્બાસ, જાબિર, અનસ, હુઝૈફહ, અમ્ર, અબૂ હુરૈરહ્, માલિક બિન સઅ્સઆ, અબૂ હબ્બહ્ બદરી, ઈબ્ને મસઊદ, દહાક, સઈદ બિન જુબૈર કતાદહ, ઈબ્ને મુસય્યબ, ઈબ્ને શહાબ, ઈબ્ને ઝૈદ, હસન બસરી, ઈબ્રાહીમ, મસ્રૂક, મુજાહિદ, અકરમા અને ઈબ્ને જરીર જેવા હઝરાત (સહાબા અને તાબઈન (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)નું કથન છે અને હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہાનું કથન પણ તે તરફની દલીલો કરે છે. આ જ ઈમામ ઈબ્ને જરીર તિબરી, ઈમામ અહમદ બિન હંમ્બલ અને મુસલમાનોની વિશાળ જમાઅત (સ્પષ્ટ બહુમતિ)નું કથન છે અને પાછળથી આવનારાઓમાંથી અધિક ફુકહા, મુહદ્દિષીન, મુતકલ્લિમીન અને મુફસ્સિરીનનું પણ આ જ કથન છે.''

એક જમાઅતનું કથન છે કે મેઅરાજનો તે ભાગ જે બયતુલ હરામથી બયતુલ મુકદસ સુધી તે શારીરિક છે અને જાગૃત અવસ્થા, પરંતુ બયતુલ મુકદસથી આસમાનો તરફ જે મેઅરાજ કરાવવામાં આવી તે આધ્યાત્મિક છે અને તેઓ આ આયતે કરીમાથી દલીલો કરે છે.

سُبْحٰنَ الَّذِىٓ اَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا----

''પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી જેની આજબાજુ અમે બરકત મૂકી જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ, બેશક ! તે સાંભળતો દેખતો છે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. નં. ૧)*

તેની દલીલો એ છે કે જે મહાન કુદરત પર આશ્ચર્ય કરવામાં આવે છે અને મુહમ્મદ રસૂલલ્લાહ ﷺની બુઝુર્ગીના કારણે આપની પ્રશંસા કરવામાં આવે છે અને જે મેઅરાજ દ્વારા આપની બુઝર્ગીને જાહેર કરવામાં આવે છે તેનો અંત આ આયતમાં મસ્જિદુલ અકસા સુધી બયાન કરવામાં આવે છે★. તેઓ કહે છે કે જો મસ્જિદે અકસાથી આગળ પણ શારીરિક મેઅરાજ થઈ હોતી તો તેનું ઝિક્ર કરવામાં આવતું કે તે પ્રશંસામાં પણ અધિક વધારો છે.

આના પછી ઉલ્લેખનીય બંને પક્ષ (પહેલા અને ત્રીજા)એ આ વાતમાં પણ મતભેદ કર્યો છે કે શું રસૂલુલ્લાહ ﷺએ બયતુલ મુકદ્દસમાં નમાઝ પઢી હતી અથવા નહીં ? આ નમાઝ વિશે હઝરત અનસ વગેરે હઝરાત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની રિવાયતો આગળ આવી ગઈ છે. આ નમાઝનો હઝરત હુઝૈફહ બિન યમાન رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૩૬/ઈ.સ. ૬૫૪)એ ઈન્કાર કર્યો છે, તેઓ ફર્માવે છે કે રસૂલ ﷺ પાછા આવ્યા ત્યાં સુધી બુરાકની પીઠથી જુદા થયા ન હતા. આ સિલસિલામાં કાઝી અયાઝ رحمۃ اللہ علیہ અલ્લાહની તૌફીકના દ્વારા ફર્માવે છે કે :–

**(અર્થ)** : "આ સિલસિલામાં હક્ક અને દુરુસ્ત વાત ઈન્શાઅલ્લાહુ તઆલા એ જ સાબિત થશે કે મેઅરાજનો તમામ બનાવ શરીર અને રૂહના સાથે થયો અને તેના પર આયત તેમજ સહીહ તથા ભરોસાપાત્ર હદીષો દલીલો કરે છે. જાહેરી અર્થ અને હકીકતોથી ફરી જવાતું નથી પરંતુ જ્યારે તે વાત અશક્ય હોય. તો શરીર સાથે અને જાગૃત અવસ્થામાં મેઅરાજ હોવું અશક્ય ક્યારે છે ? તદ્ઉપરાંત જો આ સ્વપ્નની વાત હોત તો ત્યારે ફર્માવવામાં આવતું કે بِرُوْحِ عَبْدِہٖ (પોતાના બંદાની રૂહને) અને بِعَبْدِہٖ (પોતાના બંદાને) ફર્માવવામાં ન આવતું. પછી અલ્લાહ તઆલાએ તો مَازَاغَ الْبَصَرُ وَمَا طَغٰی ફર્માવ્યું છે, જો આ સ્વપ્નની વાત હોત તો ત્યારે ન તેમાં કોઈ નિશાની હતી ન મો'જિઝા. આ સમયના હાલાત કાફિરો તેને જુદા ગણીને ઈન્કાર ન કરતા અને કમજોર ઈમાનવાળા મુસલમાનો મુર્તદ ન થતા અને ફિત્નામાં ન પડતા. જો કે સ્વપ્નની આવી વાતોનો ઈન્કાર કરવામાં આવતો નથી. તેઓ પણ ઈન્કાર કરતા વાત એ છે કે તેઓ જાણી ગયા કે (મેઅરાજના બનાવોની) ખબર આપવી શારીરિક અને જાગૃત અવસ્થામાં છે જેવું કે હદીષમાં ઉલ્લેખ છે. આપનું અંબિયાએ કિરામના સાથે બયતુલ મુકદ્દસમાં નમાઝ પઢવું. હઝરત અનસની રિવાયતના પ્રમાણે અથવા બીજાઓની રિવાયતો પ્રમાણે આસ્માનમાં પઢવું.

અને જિબ્રઈલ علیہ السلامનું બુરાક લઈને આવવાનું ઝિક્ર, મેઅરાજની ખબર આપવી, આસમાનના દરવાજા ખોલાવવા, ત્યાં એ પૂછયું કે તમારા સાથે કોણ છે ? ત્યારે જિબ્રઈલ علیہ السلامનું જવાબ આપવું કે મારા સાથે મુહમ્મદ રસૂલ ﷺ છે. પછી અંબિયાએ કિરામથી આસમાનમાં મુલાકાત કરવી, અને તેમનું મરહબા વગેરે કહેવાની ખબર આપવી, અને નમાઝના ફરજિયાતપણાનો મામલો અને હઝરત મૂસા علیہ السلامના પાસે પાછા ફરવાની ખબર આપવી અને મેઅરાજની કેટલીક ખબરોમાં છે કે જિબ્રઈલ علیہ السلامએ મારો હાથ પકડયો અને મને લઈને આસમાનની તરફ ચઢી ગયા. આગળ હદીષ બયાન કરતાં ફર્માવ્યું કે, પછી મને લઈને એટલે ઊંચે ગયા કે અંતિમ ઊંચાઈ પર જઈને હાજર થયા જેથી કે હું કલમોના ચાલવાની અવાજ સાંભળવા લાગ્યો. અને હું બેશક ! સિદ્રતુલ્મુન્હા પર પહોંચ્યો અને બેશક !

★ *આ આયતે કરીમામાં મેઅરાજની હદ બયતુલ મુકદ્દસ સુધી નથી, બલ્કે આ પ્રથમ મંઝિલની હદ છે. મેઅરાજની અહીં ત્રણ મંઝિલો બતાવવામાં આવી છે : પ્રથમનો પ્રારંભ તથા હદ બતાવી દેવામાં આવી કે મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી છે. બાકી બે મંઝિલોને કોણે જોઈ છે કે તેનો પ્રારંભ તથા અંત દર્શાવવામાં આવે, જેથી કેવળ એટલું બતાવી દેવું કે મેઅરાજનો બીજો હિસ્સો لِنُرِیَہٗ مِنْ اٰیٰتِنَا પર અવલંબિત છે. અને મેઅરાજનો ત્રીજો હિસ્સો એ મહબૂબના સાંભળવા તથા જોવાથી સંબંધિત છે. અને આ મહબૂબ તથા મોહિબના રાઝો નિયાઝનો મામલો છે. અન્યોને કેવળ એટલું જ સમજી લેવું જોઈએ કે બાગે દનામાં મોહિબ્બે જે ચાહ્યું સંભળાવ્યું અને જે ચાહ્યું દેખાડયું કેમ કે اِنَّہٗ ھُوَا السَّمِیْعُ الْبَصِیْرُہ.*

હું જન્નતમાં દાખલ થયો, અને મેં તે વસ્તુઓ જોઈ જેનો ઉલ્લેખ કરેલ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما (વફાત : હિ.સ. ૬૭/ઈ.સ. ૬૮૭) ફર્માવે છે કે :–

નબી કરીમ ﷺએ જે કાંઈ જોયું તે આંખે જોવાનું હતું, સ્વપ્નમાં જોવાનું નથી. ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૦ ઈ.સ. ૭૬૧)થી રિવાયત છે કે હું હતીમમાં સૂઈ ગયો હતો કે મારા પાસે જિબ્રઈલ علیہ السلام આવ્યા તેમણે મારી એડીને દબાવી જેથી હું ઉઠીને બેસી ગયો. પરંતુ મને કોઈ શખ્સ નજરે ન પડયો ત્યારે હું મારી જગ્યાએ સૂઈ ગયો. આ બનાવ ત્રણ વખત બન્યો. આપે ફર્માવ્યું કે ત્રીજી વખતે મારો બાજુ પકડયો અને મસ્જિદના દરવાજા સુધી લઈ ગયા ત્યાં એક જાનવર હતું જેવું કે સાથે બુરાકની ખબર આપી છે.

**હઝરત ઉમ્મે હાનીની રિવાયત** : હઝરત ઉમ્મેહાની رضی اللہ عنہاથી રિવાયત છે કે જે રાત્રે રસૂલ ﷺને મેઅરાજ કરાવવામાં આવી તે રાત્રે આપ મારા ગરીબખાનમાં જલ્વા અફરોઝ (હાજર) હતા. અને અંતમાં આપે ઈશાની નમાઝ પઢી અને અમારા દરમ્યાન ઊંઘવામાં મગ્ન થઈ ગયા હતા. સવાર થવાના થોડા સમય પહેલાં રસૂલ ﷺએ અમને જગાડી દીધાં હતાં. જ્યારે આપ સવારની નમાઝથી પરવાર્યા અને અમે પણ ત્યારે આપે ફર્માવ્યું, અય ઉમ્મે હાની ! મેં આખરી ઈશાની નમાઝ તમારા સાથે અદા કરી હતી જેવું કે તમે મને આ વાદીમાં જોયો. તેના પછી હું બયતુલ મુકદ્દસ ગયો અને તેમાં નમાઝ પઢી અને હવે તમારા સાથે સવારની નમાઝ પઢી જેવું કે તમે જોઈ રહ્યાં છો. આ એ વાતની સ્પષ્ટ સાબિતી છે કે આપને શારીરિક મેઅરાજ થઈ.

શદ્દાદ બિન અવસ رضی اللہ عنہથી મરવી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૧૩/ ઈ.સ. ૬૩૪)એ બારગાહે રિસાલતમાં અરજ કરી કે યા રસૂલલ્લાહ ! શબે મેઅરાજમાં આપને શોધ્યા પરંતુ આપ ઘર પર હાજર જણાયા નહીં. આપે જવાબમાં મને ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلام મને ઉઠાવી મસ્જિદુલ અકસા લઈ ગયા હતા.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૨૪, ઈ.સ. ૬૪૫)થી રિવાયત છે કે તેઓ ફર્માવે છે કે રસૂલ ﷺએ ફર્માવ્યું જે રાત્રે મને મેઅરાજ કરાવવામાં આવી તે રાત્રિમાં મેં મસ્જિદે હરામના આગળના હિસ્સામાં નમાઝે ઈશા અદા કરી. તેના પછી સખરામાં પ્રવેશ કર્યો તો શું જોઉં છું કે ત્યાં એક ફરિશ્તો ઊભો છે જેના પાસે ત્રણ વાસણો છે. આના પછી હદીષનો બાકી હિસ્સો બયાન કર્યો આ સ્પષ્ટતા એ વાતને પુરવાર કરે છે કે આ (શારીરિક મેઅરાજ હોવું) અશક્ય નથી એ માટે આવી સમૂહ રિવાયતોને તેના જાહેરી અર્થ પર અમલ કરવામાં આવેલ છે.

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલ ﷺએ ફર્માવ્યું કે મારા ઘરની છત ખોલવામાં આવી જયારે હું મક્કા મુકર્રમામાં હતો અને હઝરત જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા. તેમણે મારી છાતીને ચીરી નાખી અને તેને આબે ઝમઝમથી ધોઈ. આ બનાવ અંત સુધી બયાન કર્યા પછી ફર્માવ્યું કે મારો હાથ પકડીને ઉપર ચઢી ગયા.

હઝરત અનસ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૯૩/ઈ.સ. ૭૧૨)ની રિવાયતમાં છે કે મારા પાસે તેઓ આવ્યા અને ઝમઝમના કૂવા પાસે લઈ ગયા પછી મારી છાતી ચીરી. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૫૮/ઈ.સ. ૬૭૮)ની રિવાયત છે કે બેશક ! મેં અડચણ અનુભવી કે જ્યારે કુરૈશ મારાથી તે વાતો પૂછી રહ્યા હતા (બયતુલ મુકદ્દસના વિશે) જેના તરફ મેં ધ્યાન આપ્યું ન હતું. પછી મને આ વાતોથી એટલી તકલીફ થઈ કે આવી તકલીફ પહેલાં ક્યારેય પણ થઈ ન હતી, પછી અલ્લાહ તઆલાએ તેને ઉઠાવીને મારા સામે પહોંચાડી દીધો. આવું જ હઝરત જાબિર رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૮/ઈ.સ. ૬૯૭)થી મરવી છે અને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૨૪/ઈ.સ. ૬૪૪)થી મરવી હદીષે મેઅરાજમાં છે કે રસૂલ ﷺએ ફર્માવ્યું કે, પછી હું હઝરત ખદીજા رضی اللہ عنہاની તરફ પાછો આવ્યો અને તેમણે પોતાનું પાસુ બદલ્યું ન હતું.

# હઝરત મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ ના

## ફઝાઈલ અને કમાલાત

રજૂકર્તા....
મૌલાના ગુલામ
દસ્તગીર મિસ્બાહી
દ્યાદરવી

આજે જ્યારે જગત આખુ દુનિયાની દૌલત પામવા દીન ઈમાનનો સોદો કરતી જોવા મળે છે, દુનિયામાં ખ્યાતિ માટે તક્વા પરહેઝગારીને ત્યજવામાં કોઈ ખચકાટ નથી મેહસૂસ કરતું, ક્યાંક રૂહાનિયતનો હાઉ ઉભો કરી ભોળી પ્રજાને આંજી માલ મેળવવા છેતરવાના બનાવો બની રહ્યા છે, ત્યારે આપણને સાચા રૂહાની બાકમાલ બુઝુર્ગોની યાદ આવે છે. તે બુઝુર્ગો જેમણે અલ્લાહને ખાતર, ઈલ્મે દીનના ફેલાવા ખાતર, દીનની મહોબ્બતને ખાતર, દીનની તબ્લીગને ખાતર સલ્તનતનોને ઠોકરો મારી, પોતાના ખાનદાનને આખરી સલામ કહી અને દુનિયામાં વરસો સુધી રઝળપાટ કરી પારાવાર તકલીફો ઉઠાવી દીને ઈસ્લામને જીવંત કરવા અતિશય જદ્દો જેહદ કરી. કરોડો સલામ છે એ બુઝુર્ગોને જેમના રૂહાની ફયૂઝાનથી આજે પણ દુનિયા માલામાલ થઈ રહી છે, તેમની જિંદગીનો અભ્યાસ કરીને તેમના ઈલ્મ તથા તક્વા વિશે જાણીને રાહે હક્ક પામી રહી છે.

### સિમનાનના શહેનશાહનો રાજપાટ ત્યાગ

અત્રે ઉચ્ચ હસ્તીના સુંદર ઝિક્રનો હેતુ છે જેને આખુ જગત કુદવતુલ કુબ્રા, તારિકે સલ્તનત, શહનશાહે સિમનાં, ગૌષુલ આલમ, મહબૂબે યઝદાની સૈયદના સુલ્તાન શાહ અવહદુદ્દીન મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہના નામથી ઓળખે છે, જેમની ગણના ઉચ્ચ કક્ષાના અવલિયાએ કિરામમાં થાય છે જેમણે હિજરી ૭૦૮માં પોતાના શુભ આગમનથી આ ધરતીને રોનક અર્પી અને ખુદાએ આપેલ દિમાગ શક્તિ વડે માત્ર સાત વર્ષની નાની વયે પૂરા કુર્આન શરીફને સાતેવ કિરઅતો સાથે યાદ કરી લીધું અને ૧૪ વર્ષની ઉમ્રમાં બધા જ ઉલૂમ અને ફનોમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરી અને સનદથી નવાઝવામાં આવ્યા.

ફારિગ થયા પછી આપનો ઈલ્મી કમાલ અને ઈલ્મી પરિપૂર્ણતાને એટલા પ્રમાણમાં ખ્યાતિ મળી અને એટલી શોહરત થઈ કે નબવી ઈલ્મોના પ્યાસા પોતાની પ્યાસ બુઝાવવા દૂર દૂર ઈલાકાઓમાંથી ફાયદો મેળવવા અને શિષ્ય બનવા માટે આપની બારગાહમાં હાજર થવા માંડયા અને સંપૂર્ણ ફયૂઝ પ્રાપ્ત કરવા લાગ્યા.

ફારિગ થયા પછી બીજા જ વર્ષે આપના વાલિદ હઝરત સૈયદ સુલ્તાન ઈબ્રાહીમ رحمۃ اللہ علیہ એ ઈન્તેકાલ ફર્માવ્યો અને સૈયદ હઝરત મખ્દૂમ સિમનાનીએ ખુદાએ અર્પણ કરેલ બેમિષાલ સલ્તનતને રોનક અર્પી અને ખુદાની મખ્લૂકને સખાવત અને ઈન્સાફથી એવી રીતે નવાઝી કે લોકો આપના માટે માર્ગમાં દિલો બિછાવવા લાગ્યા. એવી રીતે આપે દસ વર્ષો સુધી સલ્તનત કરી.

ત્યાર પછી આપે ૭૩૩ હિજરીમાં સલ્તનત છોડી દીધી જે આપની ઉચ્ચ શાન, બુલંદ હિંમત, બુઝુર્ગી, ખુદાનો ખૌફ અને આપના ફઝ્લો કમાલનો જગ જાહેર ષબૂત છે.

તારિકે સલ્તનત હઝરત સૈયદના સુલ્તાન મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہએ સલ્તનતને છોડી પોતાના પીરો મુર્શિદ હઝરત શૈખ અલાઉલ હક્ક વ દીન પંડવા શરીફની બારગાહમાં વગર સવારીએ અને એકલા નીકળી હાજરીનો શર્ફ હાંસલ કર્યો. મૌલાની તલબમાં કોઈ મુશ્કેલી એવી ન હતી જેને આપે ખુશીથી પાર ન કરી હોય અને ઈમ્તેહાનનું કોઈ એવું ક્ષેત્ર ન હતું જેમાં આપે કામયાબી હાંસલ ન કરી હોય.

અહીંયાં સુધી ટૂંક વર્ણન હઝરત સૈયદ મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہની વિલાદતથી લઈ સિમ્નાનના તખ્ત પર બેસતા સુધીનું અને દસ

વર્ષ પછી સલ્તનત ત્યાગી દઈ પોતાના પીરો મુર્શિદની બારગાહમાં હાજર હોવાનું હતું. હવે આગળ ઝિક્ર છે હઝરત સૈયદના મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہના તે ફઝાઈલ તથા કમાલાતનું જે આપને આપના પીરો મુર્શિદે અતા ફર્માવ્યા.

## પીરો મુર્શિદનો ફયઝાન

સુલ્તાનુલ મુર્શિદીન હઝરત શૈખ અલાઉલ હક્ક વ દીન رحمۃ اللہ علیہની બારગાહમાં બેખૂદીથી હાજરીનો નતીજો એ નીકળ્યો કે હઝરત મખ્દૂમ અશરફ પોતાના મુર્શિદની નજરોના મર્કઝ બની ગયા. હઝરત શૈખ અલાઉલ હક્ક વ દીન رحمۃ اللہ علیہએ બયઅત ખિલાફત, ઈજાઝતના શર્ફથી તુરંત નવાઝયા અને તે બધા ફઝાઈલ અને કમાલાત જાહેરી અને બાતિની જે આપને આપના સિલસિલાના બુઝુર્ગો થકી મળ્યા હતા તે બધા હઝરત કુદવતુલ કુબ્રા સુલ્તાન મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہને આપી દીધા.

અધિક ફઝ્લો કમાલને હાંસલ કરવા માટે લગાતાર ચાર વર્ષો સુધી શૈખની ખિદમતમાં રહી ફઝ્લો કમાલના એ મકામ સુધી પહોંચી ગયા કે આપના શૈખે જાતે સત્તાવીસ રમઝાનુલ મુબારક શબે કદ્રના મૌકા પર ઈર્શાદ ફર્માવ્યો કે, "ફરઝંદ અશરફ ! કોઈ પણ નેઅમત શરૂથી લઈ આખર સુધી મારી પાસે ન હતી જે તમને મેં ન આપી હોય, સમજી લો કે હવે હું બિલકુલ તમને લબરેઝ કરી ખુશ્ક થઈ ગયો છું !" સુબ્હાનલ્લાહ !

આપના શૈખને હઝરત મખ્દૂમ સુલ્તાન સૈયદ અવહદદ્દીન અશરફ સિમ્નાનીના કોઈ એવા ખાસ લકબ અને ખિતાબની દિલી તમન્ના હતી. એ જ ફિક્રમાં એક રાત જે શબે બરાત હતી તે આખી રાત આપે તથા આપના મુરીદોએ ઈબાદત અને રિયાઝતમાં ગુઝારી. મોડી રાત્રે શૈખ કામિલે એક લાંબો મુરાકેબો ફર્માવ્યો. સુબ્હ સાદિક વેળા જ્યારે આપે મુરાકેબાથી માથુ ઉઠાવ્યું તો ગૈબથી સંબોધન થયું, "જહાંગીર ! જહાંગીર !" તે જ સમયથી આપના નામ સાથે લકબ "જહાંગીર" વપરાવા લાગ્યો.

આગળ મુર્શિદના ઈનામો અને નવાઝિશો પર વાંધો ઉઠાવનારાઓનું બયાન છે .

## "જહાંગીર" પર શંકા કરવાનો અંજામ

જ્યારે દરેક બાજુ શૈખે અર્પણ કરેલ "જહાંગીર" ખિતાબની ખ્યાતિ થઈ તો એક જાહેરી દર્વેશ કલંદર પોતાના પાંચસો સાથીઓ સાથે પોતાની ગંદી સોચને પ્રદર્શિત કરવા ઘણી બેઅદબી સાથે હઝરત સૈયદના મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થયો અને જહાંગીર લકબ પર વાંધો દર્શાવ્યો અને તેણે પોતાના જાહિલિપણાથી હઝરત મખ્દૂમ પાકના નાઝુક મિજાઝમાં પરેશાની પેદા કરી આપી.

આપે પહેલાં સારી નસીહત ફર્માવી અને ફર્માવ્યું, આ શૈખનો તોહફો છે અને તમે લોકો વિલાયતના ભેદોથી અજાણ છો, તો શા માટે આ બહસમાં પડી જાણી જોઈને પ્રદર્શિત કરો છો ? તો પણ વાંધો ઉઠાવનાર ન માન્યો અને તેની ગુસ્તાખી વધતી ગઈ.

હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર رحمۃ اللہ علیہના ચેહરા પર જલાલના કિરણો જાહેર થયાં અને એક ક્રોધિત નજર નાખી ફર્માવ્યું, તું એટલું પણ નથી સમજતો કે હું "જહાંગીર" છું ! હવે હું તને દેખાડું છું કે હું જહાંગીર પણ છું અને જાંગીર (જાન લેનાર) પણ છું ! હજુ તો આવું ફર્માવ્યું જ હતું કે એ જાહેરી દુર્વેશ કલંદરની રૂહ શરીરેથી ઉડી ગઈ ! એટલે તે દર્વેશ મરી ગયો.

*ખાસાને ખુદા ખુદા ન બાશદ*
*લેકિન ઝે ખુદા જુદા ન બાશદ*

આ જોઈ તે કલંદરના પાંચસો સાથીઓએ મખ્દૂમ પાકના કદમે પાક પર પોતાના માથાં ઝુકાવી સાચી તૌબા કરી અને આપના હાથો પર બયઅત થઈ આપના મુરીદોમાં દાખલ થઈ ગયા.

હવે જુઓ વિલાયતના સૌથી ઉચ્ચ મર્તબા મકામે ગૌષિયત પર હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાનીના બિરાજમાન થવાનું બયાન.

## મકામે ગૌષિયતથી સરફરાઝી !

મુર્શિદે કામિલની બારગાહમાં ચાર વર્ષો રહ્યા પછી હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાનીએ

**દીને હનીફ મઝહબે હક્ક્ એહલે સુન્નત વ જમાઅતની તબ્લીગ અને પ્રચાર માટે દુનિયાની સફર કરવાનો પ્રોગ્રામ બનાવ્યો અને લગાતાર ત્રીસ (૩૦) વરસો સુધી આખી દુનિયાની સૈર અને સફર ફર્માવી અને અસંખ્ય મખ્લૂકને પોતાના ફ્યૂઝ થકી માલામાલ ફર્માવી. લાખોની સંખ્યામાં કાફિરો, મુશ્રિકો, યહૂદીઓ તથા નસારાને તૌબા કરાવી કલ્મએ ઈસ્લામ પઢાવી મુસલમાન બનાવ્યા.**

સફર દરમ્યાન આપને લગભગ ૫૦૦ અવલિયા અલ્લાહથી મુલાકાતનો શર્ફ પ્રાપ્ત થયો અને અધિક ફુયૂઝો બરકાતથી ફાયદો પામી ફઝ્લો કમાલમાં બમણા થઈ ગયા અને વિલાયતના આ'લા મર્તબા મક઼ામે ગૌષિયત ઉપર ૭૭૦ હિજરીમાં બિરાજમાન થયા જે લગભગ મેઅરાજની રાત હતી.

સૈયદના હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની رحمۃ اللہ علیہને બારગાહે ખુદાવંદીથી મહબૂબે યઝદાનીનો ખિતાબ હજુ મળ્યો ન હતો કે હઝરત મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہએ સલ્તનત છોડવાની મક઼બૂલિયતનો બુલંદ તાજ આપના માથા પર મૂકી આપવામાં આવ્યો અને સલ્તનત ત્યાગી દીધા પછી દુનિયાની બાદશાહીનો તખ્ત અને ફરિયાદ પૂરી કરવા પર મખ્દૂમ અશરફને બેસાડી દેવામાં આવ્યા હતા એટલે એ અઝીમ નેઅમત જેનો મર્તબો નબુવ્વતના દરજ્જા પછી વિલાયતના દરજ્જાઓમાં ઉચ્ચ બુલંદ છે, જેને મર્તબએ ગૌષિયત કહે છે તેના પર હઝરત મખ્દૂમ અશરફ સિમના رحمۃ اللہ علیہની બિરાજમાન થઈ ગયા હતા.

અને એ રીતે ન કેવળ સિમનાન બલ્કે આખા વિશ્વની હુકૂમત આપના હાથોમાં થઈ ગઈ અને આખુ વિશ્વ હઝરત મખ્દૂમ અશરફ સિમનાની رحمۃ اللہ علیہની બારગાહનું ભિખારી અને ફરિયાદી બની ગયું અને એક એક વ્યક્તિની ફરિયાદ સાંભળી દરગાહે આલમ પનાહથી સૌની તમન્નાઓનો દામન રહમો કરમથી ભરાતો થયો.

*સલ્તનત છોળ કર ગૌષુલ આલમ હુએ*
*અશરફે દીનો મિલ્લત પે લાખોં સલામ*

અહીંયા સુધી ટૂંકું વર્ણન હતું હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہનું મક઼ામે ગૌષિયત પર બિરાજમાન થવાના વિશે, હવે તેના પછી હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની رحمۃ اللہ علیہનું મક઼ામે મહબૂબિયત પર બિરાજમાન હોવાનું ઝિક્રે જમીલ છે.

## મહબૂબે યઝદાનીના લક઼બથી સરફરાઝી

તારિકે સલ્તનત હઝરત સૈયદના મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہએ ઈશ્કે ઈલાહીની રાહમાં સૌથી પહેલો કદમ બચપનમાં હોશ સંભાળ તાંની સાથે જ રાખી દીધો હતો અને પછી સલ્તનતને ત્યાગવી અને મુરીદ થવા માટે સફરના અજીબો ગરીબ બનાવોએ મહોબ્બતના દાવાની સચ્ચાઈને ખૂબ જાહેર કરી દીધા.

બારગાહે શૈખમાં પૂરતા પ્રમાણમાં ખિદમતનો જઝબો બધા પર જાહેર થઈ ગયો હતો. જહાંગીરી મક઼બૂલિયતનો ચમકતો તાજ સર પર રાખી દેવામાં આવ્યો હતો હવે એ સમય આવી ગયો હતો જેણે આશિકોનો લિબાસ પહેરીને એ મહોબ્બતના મેદાનની બધી મુશ્કેલીઓને વેઠી હતી તેના બદન પર મહબૂબિયતનો લિબાસ પહેરાવવામાં આવે અને દુનિયા જોઈ લે કે, **من کان للہ کان اللہ لہ** "જે અલ્લાહનો થઈ જાય છે, અલ્લાહ તેનો થઈ જાય છે."

**من یحب اللہ، یحب اللہ لہ** "જે અલ્લાહની મહોબ્બતનો દીવાનો હોય છે, તે અલ્લાહનો મહબૂબ થઈ જાય છે."

જેમ કે ૨૭ રમઝાનુલ મુબારક ૭૮૨ હિજરીની રાત્રે રૂહ આબાદ કિછોછા શરીફમાં હઝરતને શબે ક઼દ્ર મળી. મુરીદો, ખલીફાઓ, કલંદરોની, સૂફીઓની ખાસ્સી ભીડ હતી. આપના ભાણીયા અને જાનશીન હઝરત અબ્દુર્રઝાક નુરૂલ ઐન અને ખલીફા ઈબ્ને ખલીફા હઝરત દુર્રે યતીમ ઈબ્ને હઝરત શૈખ કબીર અને ખલીફા તથા સાથીઓ, હઝરત શૈખ રુકનુદ્દીન શાહબાઝ, હઝરત શૈખ અસીસુદ્દીન સફેદબાઝ, હઝરત જમીલુદ્દીન જરાબાઝ તથા અન્ય ઉલમા અને

મશાઈખ જેમ કે કાઝી સફીઉદ્દીન ઓધી હઝરત શૈખ શમ્સુદ્દીન ઓધી, હઝરત શૈખ આરિફ તથા હઝરત શૈખ મઅરૂફ અને હઝરત શૈખ મલેક મહમૂદ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) વગેરે તે રાત્રે હાજર હતા તુલૂએ ફજરની વેળા બધા લોકોએ સાંભળ્યું કે ગૈબથી એક અવાજ આવ્યો કે, **"અશરફ અમારો મહબૂબ છે !"**

આ ખુશખબરી સાંભળી ખાનકાહે અશરફીમાં જાણે ઈદનો મોસમ છવાઈ ગયો અને બારગાહમાં હાજર રહનારાઓની ખુશીનો કોઈ પાર ન રહ્યો. મુબારક અને સલામતીના નાઅરાનો અવાજ, આસમાનથી આવવા લાગ્યો અને શબે કદ્રની બરકતોએ બધાને માલમાલ કરી દીધા અને તે જ સમયથી આપના મુબારક નામ સાથે **"મહબૂબે યઝદાની"**નો મુકદ્દસ લકબ જારી થઈ ગયો.

**ذالك فضل الله يوتيه من يشاء والله ذوالفضل العظيم**

આ અલ્લાહનો ફયઝ છે તે જેને ચાહે અતા ફર્માવે અને અલ્લાહ તઆલા અઝીમ ફઝ્લવાળો છે.

આ બંનેવ વાક્યાઓની રોશનીમાં જ્યાં એક બાજુ હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાનીની પાક જાત ઉપર અલ્લાહ તઆલા તરફથી ઈનામો ઈકરામની અઝીમ વર્ષા થઈ ત્યાં જ અલ્લાહ તઆલાએ આપને ઈમાન અને ઈસ્લામની સનદ પણ અતા ફર્માવી તેનાથી વિશેષ એ કે આપને મકામે ગૌષિયત અને મકામે મહબૂબિયતના બુલંદ દરજ્જા પર બિરાજમાન કરવામાં આવ્યા.

અને બીજી બાજુ સામાન્યતઃ સર્વ મુસલમાનોમાં અને ખાસ કરીને બસ્ખારી તથા કિછૌછા શરીફ તથા નિકટના મુસલમાન લોકોમાં ખુશી અને ઉમંગની લહર દોડી ગઈ, જાણે કે એ સર્વ મુસલમાનોને પણ કુદરતની તરફથી ઈમાન અને ઈસ્લામની સનદ અતા થઈ જેઓ હઝરત મખ્દૂમ અશરફ સિમનાનીને પોતાના આકા, મૌલા, સરદારોના સરદાર, મલજા અને માવા, હાદી તથા મુકતદા, દીની અને રૂહાની રહબર અને પેશવા, ફયઝ તથા બરકાતનું ઉગમ સ્થાન, બાઈષે નુઝૂલે રહમત, કમાલાત, કરામાત, ફઝાઈલના સંગમ અને તેમના આસ્તાનાથી વાબસ્તા રહેવાને ઈમાન અને અકીદાને મેહફૂઝ રાખવાનો અઝીમ ઝરીયો સમજે છે. *(પયામે હરમ ઉર્દૂ માસિક–જમદાશાહી, ફેબ્રુ., માર્ચ–૨૦૦૯ના સૌજન્યથી)*

પેજ નં. ૩૦ નું ચાલુ...

કિતાબની આયતોને પણ ધોકો આપવા રજૂ કરે ! અને ધોકો આપવાના હેતુથી જ અડધી આયત લખી અડધી છોડી દીધી. તેની આગળની અડધી આયત આ હતી :–

**يـايهـا الـنبـى قل لا زواجك وبـناتك ونسا الـمـومنين يدنين عليهن من جلابيبهن ذٰلك اَدنٰی ان يعرفن يوذين**

"હે નબી ! ﷺ પોતાની બીવીઓ અને સાહબઝાદીઓ અને મુસલમાનોની બીવીઓને ફર્માવી દો કે બુર્કા ઓઢી રાખે આ નજીક છે એના કે ઓળખવામાં આવી શકે અને સતાવવામાં ન આવે. અર્થાત : આઝાદ સ્ત્રીઓ (લોંડીઓ નહીં) માટે બુર્કો પહેરવું ઓળખની નિશાની થશે. આવું જ સર્વ તફસીરોમાં છે. આયતના શબ્દો આ વાતની સ્પષ્ટ દલીલ પુરવાર કરે છે. જો એ અર્થ લેવામાં આવે જે નેચરી લે છે અને ઓળખવું ચહેરો જોઈને માનવામાં આવે તો પહેલી આયત જે નેચરીએ રજૂ કરી છે એમાં નિગાહો નીચી કરવાનો હુકમ શા માટે હશે. અને બીજી આયતો **وقرن فی بیو تکن ولا تبرجن بترج الجاهلية الاولٰى** વિગેરેના વિરુદ્ધ પણ થશે. બલ્કે આયતનો આ ભાગ જ શરૂઆતના વિરુદ્ધ થશે અને કલામે ઈલાહી તો ઘણુ જ ઉચ્ચ છે, આ રીતનું વિરોધાભાસી કથન તો કોઈ બુદ્ધિવાનનું પણ નથી હોઈ શકતું. આ નેચરીનો મતલબ ત્યારે સાબિત થતો જયારે એનાથી પહેલાં **يكشفن وجوههن** હોત તો **ذٰلك** તો ઈશારો **كشف**ની તરફ માની શકાત. પરંતુ અહીંયાં **يدنين عليهن من جلابيبهن** છે તો **ذٰلك**થી મુરાદ એ (પર્દો) જ મુરાદ થઈ શકે છે ન કે બેપર્દગી. અલ્લાહ તઆલા સમજવાની તૌફીક આપે.

લખનાર : **અબ્દુલ્લાહ મતીન મુહમ્મદ નઈમુદ્દીન ગુફિરલહૂ** [(૧૪ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૩૪૯) (હવાલો : ફતાવા સદરુલ અફાઝિલ, પેજ નં. ૫૪૨–૫૪૬)]

અને



# ઈમામ અહમદ રઝા અને દીનની દા'વતનો દષ્ટિકોણ

કા...ર્યા...લ...ય...

મુજદિદે આ'ઝમ, ફક઼ીહે ઈસ્લામ, ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરકાતી رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૨૭૨–૧૪૩૦)ની સર્વ ક્ષેત્રિય તથા માનને પાત્ર શખ્સિયત કોઈ ઓળખ, વિવેચન કે તર્જુમાની મોહતાજ નથી. આપે પૂરી જિંદગી દીનની તબ્લીગ તથા તેને ફેલાવવામાં વક઼ફ કરી આપી. નબળાં પડેલાં દિલોમાં ઈશ્કે નબવી صلی اللہ علیہ وسلمનો ચિરાગ જલાવ્યો. ઈસ્લામી નિશાનીઓની રક્ષા તથા સલામતીના માટે ક઼લમી જેહાદ કર્યો, મુસ્લિમ ઉમ્મતના અક઼ીદાઓને મજબૂતી અતા કરી, ખુદા વ રસૂલની જાત પર, અહલે સુન્નતના મામૂલાત પર અને અક઼ીદાઓના મસ્અલા પર થનારા હુમ્લાઓનો ભરપૂર સામનો કર્યો. આપનાં ઈલ્મી તથા ફિક઼્હી તરી આવતાં કારનામાં અને દીની તથા મિલ્લી મહાન ખિદમતો સોનેરી પાણી વડે લખવા પાત્ર છે જેના પર વિશ્વની ઉચ્ચ યુનિવર્સિટીઓમાં સંશોધનનો ક્રમ ચાલુ છે[1]. આપની વિશ્વ વિખ્યાત શખ્સિયતના નિત નવાં પાસાંઓ સામે આવી રહ્યાં છે, આપના ચમકતાં નિશાનોથી ઈસ્લામી જગત ચમકી રહ્યું છે[2].

મઝહબની પ્રગતિ તથા મજબૂતીમાં ઈમામ અહમદ રઝાની તા'લીમાત તથા વિશ્વવ્યાપી જાત માઈલ સ્ટોનનો દરજો ધરાવે છે જેના ખુશ્નૂમા તથા રંગબેરંગી કિરણો વડે આખુ ઈસ્લામી જગત માર્ગદર્શન હાંસલ કરી રહેલ છે.

"ઈમામ અહમદ રઝાની જાત એક ભરચક સમુદ્ર અને રોશન સૂરજ તથા ચંદ્ર છે જેનાં મોજાંઓ તથા કિરણોની ગણત્રી કરવી શક્ય નથી[3].

હઝરત અલ્લામા સૈયદ આલે રસૂલ હસ્નૈન મિયાં નઝમી મારહરવી ફર્માવે છે :–

"ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો એ કમાલ નથી કે અક઼લી તથા નક઼લી ઈલ્મોના નિષ્ણાત હતા, એ પણ કમાલ નથી કે તે ખૂબ જ ઉચ્ચ પાયાના ફિલોસોફર હતા, એ પણ કમાલ નથી કે ગણિત શાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના રહસ્યોના જાણનાર હતા, એ પણ કમાલ નથી કે ફિક઼્હના ક્ષિતિજના ચમકતા સૂરજ હતા, એ પણ કમાલ નથી કે અરબી, ફારસી, ઉર્દૂ તથા હિન્દીમાં સરસ શાયરી કરતા હતા, પણ કમાલ તો એ છે કે તે સર્વ ખૂબીઓના સંગમ હતા જે વ્યક્તિગત રીતે અન્ય લોકોમાં ગર્વમય શાન તથા મહાનતાનો સબબ બન્યા કરે છે."[4]

### ★ દા'વતની હક઼ીક઼ત તથા સાચો ભાવાર્થ ★

દા'વતનો તરીક઼ો અને તેના પાયાના સિદ્ધાંતો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની દષ્ટિમાં કયા હતા ? આપની તા'લીમાતથી શું નિર્દેશ મળે છે ? એના મહત્વ તથા ફાયદાઓના સંબંધે આપે કયો સિદ્ધાંત રજૂ કર્યો ? નીચે વિષયવાર રજૂ કરેલ ક્રમમાં એ સર્વ વાતો પર થોડીક વિગતવાર ચર્ચા રજૂ કરવામાં આવેલી છે.

દા'વત તથા તબ્લીગ એક મહત્વનો મઝહબી ફરીઝો છે જે ઈમાનવાળાઓને ખુદાવંદે ક઼ુદ્દુસની તરફથી અર્પણ થયો છે. ક઼ુર્આન મજીદની ઘણી બધી આયતો અને હદીષો એના માટે સાક્ષી છે. ખૂદ ઉમ્મતે મુહમ્મદિયાની અફઝલિયત તથા ઉચ્ચતા તેમજ શાન તથા અઝમતની સ્પષ્ટતામાં ક઼ુર્આને કરીમમાં "અમ્ર બિલ્ મઅરૂફ વ નહીં અનિલ મુન્કર" જેવી ખૂબીઓનો ઉલ્લેખ થયો[5]. અંબિયાએ કિરામ અને મહાન રસૂલોની બઅષત તથા આગમનનો હેતુ અલ્લાહ પ્રતિની દા'વતનો હતો[6]. શક્તિ અનુસાર આસપાસમાં ફેલાયેલ મુન્કિરાત (નાફર્માનીઓ)નો ખાત્મો તથા શરીઅત વિરુદ્ધ વાતોનો અવરોધ તથા ક઼ૌમની રહનુમાઈ એ ખૂબ જ જરૂરી કામો છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"શરીઅત વિરુદ્ધ થતાં કામોને દૂર કરવાં યથાશક્તિ ફર્ઝ છે."[7]

વધુમાં ફર્માવે છે : "અમ્ર બિલ મઅરૂફ વ નહીં અનિલ

મુન્કર (સારી વાતોનો હુકમ કરવો બુરી વાતોથી રોકવું)એ જરૂરથી કુર્આની કતઈ દલીલો (આયતો)થી મહત્વના દીની ફર્ઝોમાંથી છે અને વાજિબ હોવાની સ્થિતિમાં તેને ત્યજનાર પાપી તથા ગુનેહગાર તથા એ નાફર્માનોની જેમ પોતે પણ દુનિયવી તથા ઉખરવી અઝાબનો હક્કદાર છે. પુષ્કળ હદીષો આ અર્થ પર સાક્ષી છે."[૮]

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એવું નથી ખુદાની કસમ ! ક્યાં તો તમે જરૂર "સારી વાતોનો હુકમ" કરશો, જરૂર "બુરી વાતોથી રોકશો" અથવા જરૂર અલ્લાહ તઆલા તમારાં દિલ એકબીજા પર મારશે પછી તમારા સર્વ પર પોતાની લા'નત ઉતારશે જેવી રીતે તે બની ઈસ્રાઈલ પર ઉતારી."[૯]

દા'વત તથા તબ્લીગનું મહત્વનું તથા લાભદાયી હોવું તો સિદ્ધહસ્ત છે જ પણ એનાથી વિશેષ મહત્વ તે અનિવાર્ય બાબતોનું છે જેને અંજામ આપવા આ અમલ અતિશય જરૂરી છે. આ ક્ષેત્ર ઘણુ જ મુશ્કેલીઓથી ભરપુર અને કાંટાળુ છે જેને પાર પાડવા હિકમતપૂર્ણ કાર્ય, નસીહતયમય વર્ણન પદ્ધતિ અપનાવવી તેમજ વર્તમાનકાળના તકાઝાઓને દષ્ટિ સમક્ષ રાખવા અને બેહતરીન તદબીરોને અમલમાં લાવવું ખૂબ જ જરૂરી છે.

રબ તઆલાનો ઈર્શાદ છે : "તમારા રબના માર્ગની તરફ બોલાવો મજબૂત તદબીર અને સારી નસીહત થકી."[૧૦] એ જ કારણે હદીષ શરીફમાં હુકમ આપવામાં આવ્યો કે તબ્લીગ સામેવાળાઓની સ્થિતિના પ્રમાણે હોવી જોઈએ. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહમાં આ પ્રકારની કેટલીયે હદીષો વર્ણન કરી છે.[૧૧]

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે તું કોઈ કૌમની સમક્ષ તે વાતો બયાન કરીશ જેના સુધી તેમની બુદ્ધિઓ ન પહોંચે તો જરૂર કોઈના પર ફિત્નો બનશે."[૧૨]

દીનના પ્રચાર તથા પ્રસારમાં હિકમત તથા નસીહત, નમ્રતા તથા નરમાશ, ખુશ અખ્લાકી તથા નમ્ર વર્તાવને આત્માનો દરજ્જો હાંસલ છે એટલા માટે કે ગંભીર વાણી દિલ પર અસરકર્તા હોય છે અને દિમાગો ખૂદ બખૂદ તેના તરફ વળે છે. એથી ઉલ્ટુ ગંભીરતા વિનાની તથા ઉશ્કેરાટવાળી તથા કડકાઈપૂર્ણ વાણી પદ્ધતિથી કામ બનવાને બદલે બગડી જાય છે અને એનાથી નકારાત્મક અસરો ઉપસ્થિત થાય છે. નરમાશના ફાયદાઓના બારામાં ઈમામે અહલે સુન્નત ઈર્શાદ ફર્માવે છે :–

"જુઓ ! નરમાશના જે ફાયદાઓ છે તે સખ્તીમાં કદી પણ નથી મળી શકતા. જો એ વ્યક્તિ સાથે કડકાઈથી વર્તવામાં આવત તો કદી પણ આ વાત ન બનતી. જે લોકોના અકીદા બદ્મઝહબ હોય તેમની સાથે નમ્રતાથી વર્તાવ કરવામાં આવે કે જેથી તેઓ ઠીક થઈ જાય. આ જેઓ વહાબીઓમાં મોટા મોટા છે તેમની સાથે પ્રારંભમાં નરમી વર્તવામાં આવી."[૧૩]

પોતાના એક ફત્વામાં લખે છે :–

"શરીઅતના હેતુઓના નિષ્ણાત સારી પેઠે જાણે છે કે શરીઅત પાક નરમી તથા આસાની પસંદ કરે છે ન મઆઝલ્લાહ ! મુશ્કેલી તથા કડકાઈ."[૧૪]

લોકોને બુરાઈઓથી રોકવા અને સારી વાતોનો હુકમ આપવામાં અલ્લાહની હદોની કાળજી તથા તેનો લેહાઝ રાખવો અનિવાર્ય છે. નિરર્થક પૂર્વગ્રહ તથા કડક વલણવાળી વાણી સખત નુકસાન ઉભુ કરે છે. ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ કરવો અને બુરી વાતોથી રોકવું) મુસલમાનોની ઉમદા નિશાની છે. આ નેક કામમાં ઘણા લોકો અલ્લાહની હદોનો ખયાલ નથી કરતા અને પૂર્વગ્રહને એટલે સુધી નિભાવે છે કે એમનો ગુનોહ એ જાહિલોના ગુનાહોથી અનંતગણો વધી જાય છે જેમના માટે એ પ્રેમાળ નસીહત કરનારા બન્યા હતા."[૧૫]

માં બાપ સાથે સદ્વર્તાવની તાકીદ કુર્આન તથા હદીષમાં સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવી છે. તેમની દિલદારી તથા આજ્ઞાપાલન હર હાલતમાં અનિવાર્ય છે. હા, જો એ દિલદારી તથા આજ્ઞાપાલન શરઈ બાબતોમાં આડરૂપ હોય તો જાઈઝ નથી. માં બાપ જો શરીઅત વિરુદ્ધ કામ પણ કરે તો તેમને તેનાથી રોકવા તથા દૂર કરવા માટે સખતીથી વર્તવાની મનાઈ છે બલ્કે નરમી તથા તેમનું માન સાચવવું હર હાલતમાં જરૂરી છે.

આ હકીકતનો નિર્દેશ કરતાં લખે છે :–

''અમરો નેહી (સારી વાતનો હુકમ, બુરી વાતથી રોકવું)માં માં બાપ સાથે કડક વાણીથી વર્તવું જાઈઝ નથી.''[૧૬]

''માં બાપનું આજ્ઞાપાલન જાઈઝ વાતોમાં ફર્ઝ છે, ભલે તેઓ પોતે કબીરા ગુનાહોમાં પડેલા હોય. તેમના કબીરા ગુનાહોનો વબાલ તેમના માથે છે પણ એના સબબે આ જાઈઝ બાબતોમાં તેમના આજ્ઞાપાલનથી બહાર નથી થઈ શકતા. હા ! જો તેઓ કોઈ નાજાઈઝ વાતનો હુકમ કરે તો એમાં તેમનું આજ્ઞાપાલન જાઈઝ નથી. لا طاعة لأ حدفي معصية الله تعالىٰ માં બાપ જો ગુનાહો કરતાં હોય તો તેમને ખૂબ નરમી તથા અદબપૂર્વક વિનંતિ કરે, જો માની જાય તો બેહતર, નહીં તો સખ્તી નથી કરી શકતા, બલ્કે ગીબત (તેમની ગૈર મૌજૂદગી)માં તેમના માટે દુઆ કરે.''[૧૭]

ગુનાહોના ખાત્મા તથા બુરી વાતોના પ્રતિકારમાં જેહાદ ખૂબ જ અસરકર્તા ઝરીયો છે અને બુરી વાતોને દૂર કરવા માટે ખૂબ જ મહત્વનો રોલ અદા કરે છે. ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ જેહાદનું વર્ગીકરણ કરતાં લખે છે :–

''જેહાદ એ બુરાઈ દૂર કરવાનો મહાન સબબ છે, તેનું વિભાજન ત્રણ પ્રકારો પર છે : સનાની, લિસાની, જનાની (હાથ વડે, જીભ વડે, દિલથી બુરુ જાણીને) જનાની એટલે કુફ્ર તથા બિદઅત તથા ગુનાહનાં કામોને દિલથી બુરુ જાણવું એ દરેક કાફિર, બિદઅતી તથા ફાસિક઼ પ્રતિ છે અને દરેક મુસલમાને કે જે ઈસ્લામ પર ક઼ાયમ થયો તેણે કરવાનું છે. પરંતુ જેણે ઈસ્લામને સલામ અને અને પોતે પોતાને કાફિરો તથા મુશ્રિકોનો ગુલામ કર્યો તેમનો માર્ગ અલગ છે, તેમનો દીન ગૈર દીને ખુદા છે. અને લિસાની (જીભ વડે રોકવું) કે જીભ તથા ક઼લમ વડે રદિયો બિહમ્દિહી તઆલા દીનના ખાદિમો હમેશાંથી કરી રહ્યા છે અને અલ્લાહ તઆલાની મદદ એમાં સામેલ રહી તો અંતિમ શ્વાસ સુધી કરીશું. વહાબીઓ, નેચરીઓ, દેવબંદીઓ, કાદયાનીઓ, રાફઝીઓ, ગૈર મુક઼લ્લિદો, નદવીઓ, આર્યો, ઈસાઈઓ વગેરેની રદ કરી અને હવે ગાંધવીઓથી ટક્કર ચાલુ છે. હક્ક઼ની તરફ બોલાવતા અને બાતિલને બાતિલ કરી દેખાડે છે અને મુસલમાનોને ગુમરાહ કરનારાઓથી બચાવે છે. વલિલ્લાહિલ્ હ઼મ્દ. આગળ હિદાયત રબ ﷻના હાથમાં છે.''[૧૮]

આ મહત્વના તથા અગત્યના કામમાં પોતાના નિયમોનો ઉલ્લેખ કરતાં લખે છે :–

''ગુમરાહોને દફેઅ કરવામાં જે કાંઈ હકીરથી બની શકે છે બિહમ્દિહી તઆલા ૧૪ વરસની ઉંમરથી એમાં વ્યસ્ત છે અને મારા રબ્બેકરીમને કરમ કરવા બદલ હમ્દ કે એણે મારી વિસાત, મારા હોસલા, મારા કામોથી હજારો વિશેષ એનાથી લાભ અર્પ્યો છે.''[૧૯]

આપે આખુ જીવન દીન તથા મઝહબના પ્રચારમાં ગુજાર્યું, બદ્‌મઝહબોની ભરપૂર રદ કરી, હજારથી અધિક કિતાબ તથા પુસ્તિકાઓ લખી, લેખનકાર્ય તથા તક઼રીર અને વાઅઝ તથા નસીહત બલ્કે પોતાના કિરદાર તથા અમલ, મામૂલાત તથા તા'લીમાત થકી ઈસ્લામ ધર્મની પુષ્કળ ખિદમત અંજામ આપી અને હમેશાં હર વખત ઉમ્મતની ફિકરમાં લાગેલા રહ્યા.

દીનની તબ્લીગના માટે જોઈએ તેવું કામ ન થવાના કારણે પોતાનું દર્દે દિલ કાંઈક આ પ્રમાણે વર્ણવે છે :–

''મહાન ઉણપ અમીરોની નિષ્કાળજી તથા નાણાની અછતની છે. હદીષનો ઈર્શાદ છે કે, ‘એ જમાનો આવશે કે દીનનું કામ પણ રૂપિયા વિના ચાલશે નહીં.’ કોઈ આલીશાન મદરસો તો તમારા હાથમાં છે નથી ! કોઈ વર્તમાન પત્ર, પેપર આપના ત્યાં છે નથી, જેઓ કાંઈ (દીનનું) કરવા શક્તિમાન છે તેઓ રોજી રોટીની ચિંતાથી મુક્ત નથી અને જેઓ રોજી રોટીની ચિંતાથી મુક્ત છે તેઓ કામને પાત્ર નથી ! અમુકે જિગરનું લોહી બાળીને કિતાબ લખી તો છપાઈ કઈ રીતે ?! કોઈ રીતે કાંઈ છપાયું તો ફેલાઈ કઈ રીતે ?''[૨૦]

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ખૂદ પોતાની શાણપણભર્યી કાર્યશૈલી તથા મુદબ્બિરાના સમજાવટ થકી દા'વતની પદ્ધતિની ઓળખ આપી અને સામેવાળાની પરિસ્થિતિને પારખીને દીનની તબ્લીગના માટે દષ્ટિકોણ નિશ્ચિત કર્યો. એક સૈયદ સાહબની ઈસ્લાહ (સુધારણ)નો ઈમાન અફરોઝ પ્રસંગ જોઈ લો! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ લખે છે :–

''એક સાહબ સાદાતે કિરામમાંથી મોટા ભાગે મારી પાસે તશરીફ લાવતા અને ગરીબી તથા મુફલિસીની ફરિયાદ કરતા રહેતા. એકવાર ખૂબ જ પરેશાન હાલતમાં આવ્યા. મેં તેમને પૂછયું કે, ''જે સ્ત્રીને

બાપે તલાક઼ આપી દીધી હોય તે પુત્રને હલાલ થઈ શકે છે ?'' સૈયદ સાહબે ફર્માવ્યું, નહીં ! તો મેં કહ્યું, હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી كرم الله وجهه الكريم એ જેમની તમે ઔલાદ છો એકાંતમાં પોતાના મુબારક ચહેરા પર હાથ ફેરવીને ઈર્શાદ ફર્માવ્યો, ''હે દુનિયા ! કોઈ અન્યને ધોકો આપ ! મેં તને તલાક઼ આપી દીધી છે જેમાં કદી રજઅત (પાછા ખેંચવું) નથી !'' તો પછી સાદાતે કિરામનું ગરીબ હોવું શું આશ્ચર્યજનક વાત છે ?! સૈયદ સાહબે ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! મને સંતોષ થઈ ગયો ! તે હજી હયાત મૌજૂદ છે, તે દિવસથી કદી ફરિયાદી ન બન્યા.''[૨૧]

વિચારો ! ચિંતન કરો ! કેટલા ખૂબસૂરત કહેવાના અંદાઝ વડે આ'લા હઝરતે સૈયદ સાહબની ઈસ્લાહ કરી અને દીનનો પયગામ આપી દીધો. આ દા'વતનો તરીક઼ો અને કાર્ય પદ્ધતિ આપે નબી કરીમ ﷺના ઉસ્વએ હસના (જીવનના ઉત્તમ નમૂના)થી શીખી, જેમાં સૈયદે આલમ ﷺએ એક યુવાનના ઝિના સંબંધી ઈજાઝત તલબ કરવાના સવાલ પર તેની બુરાઈ તથા ખરાબીથી માહિતગાર કરી આપ્યો, અને નરમ કાર્ય પદ્ધતિથી ઝિનાકારી (વ્યભિચાર) જેવા મહાન ગુનાહને તેની નજરમાં નાપસંદીદા બનાવી દીધો. ઈમામ અહમદ રઝા رحمة الله عليه એ મહાન ઐતિહાસિક બનાવને આ પ્રમાણે વર્ણવ્યો :–

એક શખ્સ હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા માટે ઝિના હલાલ કરી આપો ! સહાબાએ કિરામે તેને ક઼ત્લ કરવા ચાહ્યું કે ખિદમતે અક઼દસમાં હાજર થઈને આવા ગુસ્તાખીના શબ્દો કહ્યા ! હુઝૂરે મના ફર્માવ્યું અને તેને ફર્માવ્યું, નજીક આવ ! તે નજીક આવ્યા. અધિક નજીક કર્યા ત્યાં સુધી કે તેમના મુબારક ગુથણોથી અડી ગયા. ત્યારે ઈર્શાદ ફર્માવ્યો, **''શું તું ચાહે છે કે તારી માં સાથે કોઈ ઝિના (વ્યભિચાર) કરે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી પુત્રી સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી બહેન સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી ફોઈ સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી માસી સાથે ? અર્ઝ કરી, નહીં ! તો આપે ફર્માવ્યું કે, તું જેની સાથે ઝિના કરીશ તે તેણી છેવટે તો કોઈની માં અથવા પુત્રી અથવા બહેન અથવા ફોઈ અથવા માસી હશે.''** એટલે જે વાત તું તારા માટે પસંદ કરે છે તે અન્ય માટે કેમ પસંદ નથી કરતો ?! હુઝૂરે દસ્તે અક઼દસ તેમની છાતી પર મારીને દુઆ ફર્માવી કે, ''ઈલાહી ! ઝિનાની મહોબ્બત તેના દિલેથી કાઢી નાખ!'' તે સાહબ કહે છે કે જ્યારે હાજર થયો હતો તો ઝિનાની મહોબ્બતથી અધિક પ્રિય મારી નજીક કોઈ ચીજ ન હતી, અને હવે એનાથી વધારે કોઈ ચીજથી મને નફરત નથી.''[૨૨] આ હદીષે પાક (મુન્સદે ઈમામ અહમદ બિન હંબલ, ૫/૨૫૬)માં મૌજૂદ છે.

ઈમામ અહમદ રઝાએ આ પદ્ધતિના અન્ય બનાવો પોતાની કિતાબો તથા પુસ્તિકાઓમાં લખ્યા છે અને વઅઝ તથા નસીહતમાં વર્ણન કર્યા છે જેનાથી એ દૃષ્ટિકોણ મળે છે કે દા'વતનું મહત્વ શું છે અને તેની રજૂઆતનો તરીક઼ો તથા અસરકારક તદબીરો કેટલો પ્રભાવ ધરાવે છે. એટલા માટે આપણા પર લાઝિમ છે કે આ'લા હઝરત رحمة الله عليه એ જે તા'લીમાત આપણને એનાયત કરી છે તેના વડે દુનિયાની ક઼ૌમોને આકર્ષિત કરીએ અને દા'વત તથા તબ્લીગનો જે દૃષ્ટિકોણ રજૂ કર્યો છે તેની રોશનીમાં મુસ્લિમ ઉમ્મતની યોગ્ય રહનુમાઈ કરીએ.

*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિકનો દા'વત નંબર)*

**હવાલા :** **૧.** ઈમામ અહમદ રઝા ક઼ાદરી ઔર આલમી જામિઆત, અઝ : પ્રો. મસ્ઊદ અહમદ કરાંચી, **૨.** હયાતે રઝા કી નઈ જેહતેં, ડો. ગુલામ જાબિર શમ્સ મિસ્બાહી, **૩.** પ્રો. મસ્ઊદ અહમદ, ચશ્મો ચિરાગે ખાનદાને બરકાતિયા, નૂરી મિશન માલેગાંવ, પેજ–૭, **૪.** મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી, કહી અન કહી, મુક઼દ્દમા, નૂરી મિશન માલેગાંવ, પેજ–૨, **૫.** અલક઼ુર્આનિલ કરીમ, આલે ઈમરાન, આ. ૧૧૦, **૬.** તફસીરે ઈબ્ને અબ્બાસ, પેજ–૨૭૦, **૭.** ઈમામ અહમદ રઝા ક઼ાદરી, ફતાવા રઝવિય્યહ, ૯/૧૬૯, રઝા એકેડમી મુંબઈ, **૮.** ફતાવા રઝવિય્યહ, ૯/૨૧૫, **૧૦.** સૂ. નહલ–૧૨૫, **૧૧.** ઈમામ અહમદ રઝા કાદરી, જામિઉલ અહાદીષ, ૧/૧૯૩, **૧૨.** ઈમામ જલાલુદ્દીન સિયૂતી, જામેઅ સગીર, ૨/૪૭૯, **૧૩.** મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝા નૂરી, અલ્ મલ્ફૂઝ, ૧/૩૨, **૧૪.** ફતાવા રઝવિય્યહ, મુતર્જમ, ૧/૧૫૧, પોરબંદર, **૧૫.** ફતાવા રઝવિય્યહ મુતર્જમ, ૧૧/૧૦૯, પોરબંદર, **૧૬.** ફતાવા રઝવિય્યહ, નિસ્ફ આખિર, ૯/૨૬૧, **૧૭.** ફતાવા રઝવિય્યહ, ૯/૯૬, મુંબઈ, **૧૮.** અલ્ મુહજ્જતુલ મુઅ્તિમિનતિ ફી આયાતિલ મુમ્તહિના, પેજ–૯૪, ઈમામ અહમદ રઝા ક઼ાદરી, **૧૯.** ફતાવા રઝવિય્યહ, ૧૨/૧૩૩, મુંબઈ **૨૦.** ૧૯ મુજબ, **૨૧.** મલ્ફૂઝાત, ૧/૬૩ મુસ્તફા રઝા નૂરી, **૨૨.** ૧/૬૩ આગળ મુજબ, **૨૩.** કુલ્લિયાતે મકાતિબે રઝા, ૧/૩૮૮

# પરાયો માલ હજમ કરનારાઓ સાવધાન !

❖ રજૂકર્તા ❖
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી
(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આજકાલ ઉછીના નાણા લઈને પાછા ન આપવાની તથા ધોકાથી કોઈનો માલ પડાવી લેવાની જાણે ફેશન ચાલી છે ! અને કરજ લેવા આવનાર જ્યારે આવે છે તો ખૂબ જ આજીજી કરે છે, અને કરગરે છે કે આ કામ નહીં થાય તો એને આપઘાત કરવાનો વારો આવશે ! અને ચોક્કસ અમુક સમયમાં પરત કરવાનો વાયદો કરે છે જેથી દયા ખાઈને કેટલાક લોકો તેવાનું કામ કાઢી આપે છે અને પછી પોતે ફસાઈ જાય છે ! કે મોટા ભાગે આજકાલ ઉછીના પાછા આવતા નથી બલ્કે નાણા પાછા માંગતાં દુશ્મની ઉભી થાય છે. વળી કેટલા તો ઉડતા ઘોડે હાંફળા ફાંફળા આવે છે અને ખૂબ જ ટૂંકો ગાળો, બે પાંચ દિવસનો જ ગાળો રાખી મોટી રકમ માંગે છે, તો કેટલાક સમજે છે કે હવે બે પાંચ દિવસની જ વાત છે ને ! ભલે એનું કામ થઈ જતું ! એમ સમજી નાણા આપી દે છે અને પછી ભાઈ ગાયબ થઈ જાય છે. ઉછીના નાણા ચૂકવવામાં જાત જાતનાં બહાનાં તથા અજબ ગજબ મજબૂરીઓ દર્શાવી વિવિધ વાયદા કરી દીવા સ્વપ્નો દેખાડતા હોય છે. તો ઈસ્લામમાં કરજ ન ચૂકવનારા તથા ફોગ કરવાની જ નિય્યતે કરજ કરનારાઓ વિશે કેટલીક વાતો રજૂ કરવામાં આવે છે જેથી જેઓ કરજના નાણાને હલવો સમજી ગળે ઉતારી જાય છે તેઓ ચેતે, તૌબા કરે અને અલ્લાહના અઝાબથી બચવા કરજ માથે હોય તેને અદા કરી આપે.

### ★ કરજ અદા ન કરનાર જન્નતથી મેહરૂમ ! ★

જે શખ્સે કરજ લીધું અને અદાયગી પર શક્તિમાન હોવા છતાં અદા ન કરે તો ઈમામ કુર્તબી ફર્માવે છે કે તે જન્નતમાં દાખલ થશે નહીં, અને જો વસિયત કરી ગયો તો વારસોએ એના માલથી પ્રથમ કરજ અદા કરવું જરૂરી છે. અને જો તેણે કરજ લીધું પણ તંગદસ્તીની હાલતમાં અદા કર્યા વિના મરી ગયો તો ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેના પર રહમ ફર્માવશે અને જન્નત અતા કરશે.

### ★ ઈમાનદાર કરજદાર જન્નતમાં જશે ! ★

હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, કયામતના દિવસે અલ્લાહ તઆલા કરજદાર ઈમાનદારને બોલાવશે અને ફર્માવશે, તેં ફલાણા ફલાણા માણસના હક્કો કેમ બર્બાદ કર્યા ? કોનો કોનો માલ વેડફયો ? તે અર્ઝ કરશે, ઈલાહી ! તું જાણે છે કે મેં જાણી જોઈને તારા બંદાના હક્કો બર્બાદ નથી કર્યા પણ કમજોરીના કારણે અદા ન કરી શક્યો. અલ્લાહ ફર્માવશે, હવે એની નેકીઓ બુરાઈથી વધારી દેવામાં આવશે પછી તેને જન્નતમાં પ્રવેશ આપવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે જે કરજદાર મૃત્યુ પામે અને તેની નિય્યત કરજ અદા કરવાની હતી તો તેની તદન સાચી નિય્યતના લીધે અલ્લાહ તઆલા તેને માફ ફર્માવી આપશે. તેની આ બાબતે પકડ થશે નહીં.

હઝરત અબ્દુર્રહમાન શાફઈ સફૂરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, એના સમર્થનમાં બુખારી શરીફની એક હદીષ પણ છે કે નબી ﷺએ ફર્માવ્યું, જે લોકો પાસેથી માલ લેતો રહે છે અને તેની નિય્યત હતી કે અદા કરી આપશે પણ તે અદા કર્યા પહેલાં મૃત્યુ પામ્યો તો અલ્લાહ તઆલા તેના તરફથી અદા કરી આપશે. અને **જો કોઈ શખ્સ જાણીબુઝીને લોકોનો માલ હડપ કરવાની નિય્યતથી લેતો રહ્યો તો અલ્લાહ તઆલા તેને બર્બાદ કરી નાખશે.**

હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે કે જો કોઈ શખ્સ પોતાના મુસલમાન ભાઈને કરજ આપે તો જ્યાં સુધી તે અદા નહીં કરે તેના બદલામાં તેને દરરોજ નેકીઓ મળતી રહેશે. એટલે કે સદકાનો સવાબ દરરોજ તેના આમાલ નામામાં લખાતો રહેશે.

### ★ કરજદારની નમાઝે જનાઝા હુઝૂરે પોતે પઢવા ના પાડી ! ★

કરજદારનું મરવું કેટલું બુરું છે તે માટે નીચેની હદીષનો અભ્યાસ કરો :–

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺની સમક્ષ નમાઝ પઢાવવા માટે જનાઝો લાવવામાં આવ્યો તો હુઝૂરે અકરમ ﷺએ પૂછયું, આ મરનાર પર કોઈ દેવું તો નથી ? અર્ઝ કરવામાં આવી, હા ! છે. હુઝૂર ﷺએ પૂછયું, તેણે કાંઈ માલ પણ છોડયો છે જેનાથી તે કરજ અદા થઈ જાય ? અર્ઝ કરવામાં આવી, નહીં ! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમે લોકો એની નમાઝે જનાઝા પઢી લો ! (હું નથી પઢતો) હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ આ જોઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું એના કરજને અદા કરવાની જિમ્મેદારી લઉં છું ત્યારે હુઝૂર ﷺ આગળ વધ્યા અને નમાઝ પઢાવી. અને ફર્માવ્યું, હે અલી ! અલ્લાહ તઆલા તમને આગથી બચાવે. અને તમારી જાન છૂટે જેવી રીતે તમે આ કરજદારની જાન છોડવી. કોઈ પણ મુસલમાન એવો નથી જે પોતાના મુસલમાનભાઈની તરફથી તેનો કરજો અદા કરે પણ એ કે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને છૂટકારો બખ્શશે. *(શરહુસ્સુન્નહ્)*

જેનાથી શક્ય હોય તેણે પોતાના મુસલમાન ભાઈને કરજથી મુક્તિમાં મદદ કરવી જોઈએ જેથી તેને કયામતમાં રબ તઆલા અઝાબથી મુક્તિ આપશે અને જન્નતમાં પહોંચાડશે.

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે, "તે શખ્સ જેણે અલ્લાહની રાહમાં જાન આપી (શહીદ થયો) તેના સર્વ ગુનાહ માફ થઈ જશે, સિવાય કરજ." *(મુસ્લિમ શરીફ)*

### ★ કોઈનો માલ દબાવનારને આ'લા હઝરતનો સંદેશ ! ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ "ફતાવા રઝવિય્યહ્"માં ફર્માવે છે કે, "જેણે દુનિયામાં કોઈના ત્રણ પૈસા કરજ દબાવી લીધું તો કાલે કયામતના દિવસે ત્રણ પૈસાને બદલે સાતસો બાજમાઅત નમાઝો આપવી પડશે." અહીં તો લાખોના ગબન ચાલે છે ! તે લોકો જો પોતાને 'મુસલમાન' સમજે છે તો વિચારે કે કોઈના પૈસા હજમ કરી જવાનો વબાલ કેટલો ખતરનાક છે ! જો મકબૂલ બાજમાઅત નમાઝો નહીં હોય તો તેના ગુનાહ હડપ કરનારના માથે તેના હક્ક પ્રમાણે નાખવામાં આવશે. જેથી હજી શ્વાસો બાકી છે જેનો પણ માલ દબાવ્યો હોય, જમીન દબાવી હોય તેને સોંપી દો !

રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં આપણને તમામ હરામ લૂકમાથી, હરામ માલ પચાવવાથી, કોઈથી ધોકો કરવાથી ચાહે તે કાફિર પણ હોય કેમ કે ધોકો કોઈની સાથે ઈસ્લામમાં જાઈઝ નથી, માટે સર્વ ધોકાઓથી બચાવે. બલ્કે કોઈ કરજદાર પરેશાનને કામ લાગવાની તૌફીક અતા કરે. (આમીન)

### ★ પહાડ જેટલા સોનાનું કરજ હશે તોય અદા થઈ જશે ! ★

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ એક દિવસે પરેશાનીના આલમમાં બેઠેલા હતા એવામાં નબી કરીમ ﷺએ જોઈ લીધા તો પૂછયું, અબૂ અમામા ! નમાઝનો તો અત્યારે સમય નથી તો મસ્જિદથી સમયથી પહેલાં બેસવાનો શો સબબ છે ? હઝરત અબૂ અમામાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને કરજે પરેશાન કરી રાખ્યો છે. આપ ﷺએ ફર્માવ્યું, લો ! આ દુઆ પઢયા કરો તો કરજથી મુક્તિ મળી જશે :–

اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنَ الْهَمِّ وَالْحُزْنِ وَاَعُوْذُبِكَ
مِنَ الْعِجْزِ وَالْكَسَلِ وَاَعُوْذُبِكَ مِنَ الْجُبْنِ وَالْبُخْلِ
وَاَعُوْذُبِكَ مِنْ غَلَبَةِ الدَّيْنِ وَقَهْرِ الرِّجَالِ۔

હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ફર્માવે છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, કરજની અદાયગીના માટે આ દુઆ પઢયા કરો. હઝરત ઈસા علیہ السلામએ પણ પોતાના સહાબીઓને આ જ દુઆ તા'લીમ ફર્માવી હતી અને ફર્માવ્યા કરતા હતા કે જો કોઈના માથે પહાડ બરાબર સોનુ કરજ હશે તો આ દુઆ પઢે અલ્લાહ તઆલા કરજની અદાયગીનો માર્ગ પેદા ફર્માવી આપશે.

اَللّٰهُمَّ فَارِجَ الْهَمِّ كَاشِفَ الْغَمِّ مُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّيْنَ رَحْمٰنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ وَرَحِيْمَهُمَا اَنْتَ تَرْحَمُنِىْ اَرْحَمْنِىْ بِرَحْمَةٍ مِنْكَ تُغْنِيْنِىْ بِهَا عَنْ رَحْمَةِ مِنْ سِوَاكَ۔

હઝરત અબૂબક સિદ્દીક رضی اللہ عنہ ફર્માવે છે, મારા પર કરજ હતું પણ આ દુઆની બરકતથી કરજ ઉતરી ગયું.

હઝરત ઈબ્ને અબી દુન્યા કિતાબુદુઆમાં હઝરત મઆઝ رضی اللہ عنہથી લખે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું જેના પર કર્ઝ હોય તે આ દુઆ પઢયા કરે. કર્ઝ અદા થવાનો માર્ગ નીકળી આવશે.

اَللّٰهُمَّ مُنْزِلَ التَّوْرَاةِ وَالْاِنْجِيْلِ وَالزَّبُوْرِ وَالْفُرْقَانِ الْعَظِيْمِ رَبَّ جِبْرَائِيْلَ وَمِيْكَائِيْلَ وَاِسْرَافِيْلَ وَعِزْرَائِيْلَ وَرَبَّ الظُّلُمَاتِ وَالنُّوْرِ وَالظِّلِّ وَالْحَرُوْرِ اَسْئَلُكَ اَنْ تَفْتَحَ لِىْ اَبْوَابَ رَحْمَتِكَ وَاَنْ تَحِلَّ عُقْدَتِىْ مِنْ دَيْنِىْ وَاَنْ تُوَدِّىَ عَنِّىْ اَمَانَتِىْ اِلَيْكَ وَاِلٰى خَلْقِكَ۔

### ★ અલ્લાહ કરજની અદાયગીનો માર્ગ કાઢી આપશે ★

રૌઝુલ ઈફકારમાં છે કે હઝરત ફુઝૈલ ઈબ્ને ફઝાલા رحمۃ اللہ علیہ વર્ણન કરે છે કે એકવાર હું કરજના ભાર નીચે દબાયો તો ખૂબ દર્દભર્યા દિલે આ કલમા પઢવા શરૂ કર્યા :–

يَاذَالْجَلَالِ وَالْاِكْرَامِ بِرَحْمَةِ وَجْهِكَ الْكَرِيْمِ اَقْرِضْ عَنِّىْ دَيْنِىْ

શું જોઉં છું કે કોઈ ખ્વાબમાં કહેનાર કહી રહ્યો છે કે ક્યાં સુધી તું અલ્લાહ તઆલાના વજહહુ કરીમનો ઝિક્ર કરીને રડતો રહીશ. ફલાણા સ્થળે જાવ અને કરજના પ્રમાણે ત્યાંથી માલ લઈ લો. જેથી નિદા પ્રમાણે ત્યાં પહોંચ્યો અને ત્યાંથી કરજના પ્રમાણે માલ લઈ લીધો.

તેમજ બયાન કરે છે કે મારા દોસ્તોમાંથી એક સાથીએ મને આ કલમાઓ યાદ કરાવ્યા અને રોજ વઝીફો કરતો રહ્યો :–

يَاذَالْجَلَالِ وَالْاِكْرَامِ اَعْطِنِىْ صِحَّةً فِىْ تَقْوٰى وَطُوْلِ عُمْرٍ فِىْ حُسْنِ عَمَلٍ وَّسَعَةِ رِزْقٍ وَلَا تُعَذِّبْنِىْ عَلَيْهِ۔

જેથી અલ્લાહ તઆલાએ તેને આ ત્રણેવ નેઅમતો અતા કરી. *(નુઝહતુલ મજાલિસ, ૨/૨૪૪)*

જે લોકો કરજના ભારથી દબાયેલા હોય તેઓને વિનંતિ કે પાંચ સમય બાજમાઅત નમાઝની પાબંદી કરે અને ઉપરોક્ત દુઆઓમાંથી જે પઢી શકે તેને પાબંદીથી પઢે તો જરૂર કરજથી મુક્તિ પામશે. ઈન્શાઅલ્લાહ !

**લેખ હરીફાઈનું પરિણામ......**

વિષય : **વહાબીથી નિકાહ શા માટે નહીં ?!**

| | |
|---|---|
| **પ્રથમ નં.** | મુહમ્મદ તૌફીક રઝવી-પેટલાદ |
| **બીજો નં.** | શેખ ઈનાયત ઈકબાલભાઈ-રાજપારડી |
| **ત્રીજો નં.** | શૈખ મુહમ્મદ ફૈઝલ ઈકબાલ-રાજપારડી |

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે !**

**નોંધ** : આ સંબંધે કુર્આન હદીષના હુકમો તથા બુઝુર્ગોની તાકીદો તથા અમલો તેમજ વર્તમાન મુસ્લિમોની ગફલતો વિશે સચોટ લખાણો લખવાં.

તા. **૧૦-૦૭-૨૦૦૯** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો. *-તંત્રી*

# અશ્લિલતાનું પૂર અને આપણી જિમ્મેદારીઓ

ર....જૂ....ક....ર્તા....

**સૈયદ મુહમ્મદ શાયાન ટીંબીવાળા**

*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)*

જીવનની છબી કેટલી પરિવર્તન પામી રહી છે, કાળની ગતિ કેટલી ઝડપી છે, આપણો દેશ, આપણુ રાજ્ય, આપણી સોસાયટી, આપણી આજુબાજુ કેટલા ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે, સંસ્કારોમાં કેટલા ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે, રહેણી કરણી, ઉઠક, બેઠક, બોલ ચાલ, વ્યવહાર, વર્તાવમાં પરિવર્તનનો પર્દાથ કેટલી ઝડપની સાથે પોતાનો રંગ દેખાડી રહ્યો છે, એક યુગ હતો કે પૂર્વિય સંસ્કારની જગતમાં ધુમધામ હતી, પૂર્વિય સ્ત્રીઓ માટે લોકોના હૃદયોમાં આદર હતો, પૂર્વિય પવિત્રતાની સોગંધ ખાવામાં આવતી હતી, આપણી પર્દામાં રહેવાવાળી માતાઓ, આપણી બહેનોમાં પર્દાનું આકર્ષણ હતું અને આપણી દિકરીઓમાં પવિત્રતાની ઓઢણીનું ચલણ હતું. તેમને નગ્નતાના નામથી સુગ ચડતો હતો, બેપર્દાના નામ ઉપર હજારો લા'નતો કરતી હતી.

### ★ વિચારધારામાં આવેલી ભયાનક તબદીલી ! ★

પણ વર્તમાને આળસ મરડી, યુગે પડખુ ફેરવ્યું, જગ દશ્યએ માણસના જીવનની દિશા ફેરવી નાખી, **Human Lifeની Script** (વાર્તા) જ બદલાઈ ગઈ. જીવનમાં સગવડો વધી ગઈ, એશ અને મજાની વૃદ્ધિ થઈ અને માનવી લિજ્જતના પ્રયત્નોમાં વ્યસ્ત થઈ ગયો, સમજ અને ગેર સમજની રીતે બેશરમી તથા નગ્નતા આપણા જીવનનો ટુકડો બની ગઈ, થોડા દિવસો સુધી આપણી તબિયતને અરૂચીના અનુભવની અસર રહી, અને પછી ધીરે ધીરે વિતેલા દિવસ રાતની સાથે આપણે જાઈઝના રસ્તાઓ શોધવાનું શરૂ કરી નાખ્યું. બેશરમી અને નગ્નતાનો સાર અને તેની સમજણ માટે ઈલ્મી સભાઓ બેસાડવા લાગ્યા. આપણી વાતચીતની સભાઓમાં એ વાત થવા લાગી કે, બેશરમી અને નગ્નતાના કેટલા પ્રકાર છે ? કયો પ્રકાર સમાજ માટે હાનિકારક અને ગંભીર છે ? અને કયો પ્રકાર સંસ્કારમય જણાય છે ? અને પછી પરિસ્થિતિ એ ઉભી થઈ કે લોકો સૌંદર્ય નગ્નતા (**Asthetic Nudity**)ને સમાજનું સુંદર પાસુ સમજવા લાગ્યા ! ત્યાં સુધી કે એ ફરિયાદ પણ થવા માંડી કે બોલીવૂડ બલ્કે બીજા શબ્દોમાં આમ કહી લ્યો કે ભારત સૌંદર્ય તથા નગ્નતાના મેદાનમાં બહુ પાછળ છે ! કારણ કે ભારતની હિરોઈનો અત્યારે સૌંદર્ય વિચારસરણીની રીતે મોટા પાયે અશ્લિલ દશ્યો ફિલ્માવવામાં ખચકાટ અનુભવે છે, જ્યારે કે અશ્લિલતા (નગ્નતા) ફિલ્મી કલાકારોનું અજોડ અંગ છે !

### ★ એક ખતરનાક આકર્ષણ ! ★

અશ્લિલતા (નગ્નતા)ના સર્પે બધાને ડંખ્યા છે, બાળક હોય કે વૃદ્ધ, ઘરડો હોય કે જવાન, બધા જ ડંખાયેલા છે, આખો સમાજ જ ઝેરવાળો થઈ ગયો છે, પણ તે વાર્તાનો સૌથી દુઃખદ સીન એ છે કે હવે આપણા દિકરા કે દિકરીઓની નિર્દોષતા, તેમનું ભોળાપણું, તેમની સાદગી, તેમનું નિર્દોષપણુ વહી જઈ રહ્યું છે, ફિલ્મોએ સામાન્ય રીતે અને **TV** ચેનલોએ ખાસ રીતે આપણી બાળાઓમાં અનુભવો માટેનો જોશ જગાડી નાખ્યો છે, જે પુખ્તવયનાં ચિહ્નો માનવામાં આવતાં રહ્યાં તે હવે સાતથી દસ વર્ષની છોકરીઓમાં જોવા મળે છે ! તેણીઓ એવી સ્ટાઈલની રહેણી કરણી પસંદ કરવા માંડી છે જે ઢંગમાં તેમની મોટી બહેનો રહે છે. તેણીઓ પોતાની હેર સ્ટાઈલની ભરપૂર સંભાળ રાખે છે, પોતાનાં કપડાંની ફિટીંગ પર ખાસ નજર રહે છે, ઊંચી હિલ્ઝ (એડી)વાળી ચપ્પલ તેઓની પહેલી પસંદ હોય છે, પોતાની શારીરિક બનાવટ અને તેના નિખાર પ્રત્યે વધુ વિચારશીલ રહે છે, પ્લાસ્ટીક સર્જરી માટે નાની વયની છોકરીઓની વધતી વિઝિટથી પ્લાસ્ટીક

સર્જનો મુંઝવણમાં છે, બ્યુટી પાર્લરો અને કોસ્મેટીકની દુકાનો તરફ તેઓના રોજ બરોજ વધતા પગલાંથી માર્કેટમાં હલચલ મચી છે, આઈડીયલ શારીરિક બનાવટ માટે કામ કરવાવાળી સંસ્થાઓમાં તેણીઓની વધતી આવજાથી સામાજિક કાર્યોના અનુભવીઓનાં હૃદયો બેચેનીના શિકાર છે, છ વર્ષની બાળાઓ પોતાના શરીરને સુંદર બનાવવા માટે અને પોતાને સુંદર કહેવડાવવા માટે વિચારશીલ દેખાય રહી છે ! સુંદરતાની ઊંચી કસોટીને મેળવવાનો શોખ વધી રહ્યો છે, **Tanmaya** (તનમાયા) નામની બાળા પોતાની હેર સ્ટાઈલની સાથે ઘેર પહોંચે છે, અને તરત પોતાની માંથી પ્રશ્ન કરી નાખે છે, મોમ ! એમ આઈ લુકીંગ સેક્સી ઈનફ ?

### ★ બુદ્ધિજીવીઓની બેચેની ! ★

સોલ સોસાઈટી માટે કામ કરવાવાળી વ્યક્તિઓ આ અવસ્થાથી બહુ દુઃખી છે, જવાબદાર વ્યક્તિઓ આ વાતથી નાખુશ છે કે બજારમાં નાની વયની બાળાઓ માટે એ બધી વસ્તુઓ શા માટે વેચવામાં આવે છે ? જે ફક્ત મોટી વયની છોકરીઓનાં કામની છે, તેઓનું અનુમાન છે કે આ નાની વયની બાળાઓ સાથે અન્યાય છે, તેનાથી તેઓનું બાળપણ ખોરવાઈ ગયું છે, તેણીઓની સાદગી ઝૂટવી લેવામાં આવી છે, **Minakshi Gigi Durham** (મિનાક્ષી ગીગી દરહમ) નામની એક લેખિકાના આ વિષયથી સંબંધિત ત્રણ પુસ્તકો છે : **(1) The Media Sexulization of Young Girls** (ધ મીડિયા સેક્સ્યુલાઈઝેશન ઓફ યંગ ગર્લ્સ) **(2) The Lolita Effect** (ધ લલીતા ઈફેક્ટ) અને **(3) What we can about it ?** (વોટ વી કેન અબાઉટ ઈટ ?)

જે પ્રદર્શિત થઈ ચૂક્યાં છે, જેમાં તેણીઓ નાની વયની છોકરીઓમાં વધતા શારીરિક અને સ્ત્રીઓને લગતા અનુભવો, તેના કારણો અને અમલો અને પછી તેની હાનિકારક અસરોનું સર્વે કરવામાં આવેલ છે, તેણીએ પોતાના બ્લોગ **The Lolita Effect** ઉપર આ વાત પણ છેડી રાખી છે કે આખરે શા માટે એક ફેશન મેગેઝિન એક પંદર વર્ષીય છોકરીનો અર્ધનગ્ન ફોટો પ્રદર્શિત કર્યો છે ? એક સોશ્યોલોજીસ્ટ **Patrica Oberio**નું કહેવું છે કે, ચમક દમકમાં રહેવાની હરિફાઈ બહુ વધી ગઈ છે. નાની વયની છોકરીઓ લગ્ન પ્રસંગે નવવધુની જેમ શણગાર કરીને જવાનું પસંદ કરે છે. આ વયમાં આ આકર્ષક બનવાનો વિચાર બહુ શરમજનક છે, આ નાની વયની પ્રકૃતિ ઉપર પણ તેણી નકારાત્મક અસરોનો વર્તુળ વિસ્તરતો જાય છે. એક વર્તમાન સર્વેના પ્રમાણે દસ વર્ષની બાળા બેચેની અને અજંપાનો શિકાર છે, કારણ કે સુંદરતાની એક વૈચારિક કસોટી સુધી તેણી પહોંચવા માંગે છે ! અને આજ શોખ તેણીઓને બેચેન અને બેકરાર ભટકતી કરી મૂકી છે.

### ★ આ ખરાબીનો ઠેકેદાર કોણ ? ★

આ આખી પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે ? આ નગ્ન કલ્ચરની પ્રસિદ્ધિમાં કઈ વસ્તુ રોલ અદા કરી રહી છે ? આ પ્રશ્નના જવાબમાં બાળકો જોડે કામ કરવાવાળા લેખક આનંદનું કહેવું છે કે, આ આખી કરૂણ પરિસ્થિત માટે ટેલીવિઝન જવાબદાર છે, આમાં થોડી વધારે સામાન્યતા દાખવીને એ રીતે કહી લેવામાં આવે છે કે, સમાજની આ ખરાબ અવસ્થા માટે ઈલેકટ્રોનિક મીડિયા જવાબદાર છે તો વાત વધારે યોગ્ય છે, અને વાત પૂર્ણ થઈ જશે. જૂના જમાનાની એ અવસ્થા હતી કે જો ક્યાંક ખરાબી જન્મ લેતી તો તેની ખબર આપણા સુધી વરસો પછી પહોંચતી હતી, મનુષ્ય જીવનમાં જો કોઈ નકારાત્મક આકર્ષણ સામે આવતું તો સામાન્ય મનુષ્યો સુધી તેની અસરના વર્તુળને વિસ્તરતાં પહેલાં જ દાટી દેવામાં આવતું હતું. પણ વર્તમાન દુનિયામાં મોટો તફાવત છે ! હવે જગતના એક ખૂણામાં કોઈ ફિત્નો માથુ ઊંચકી રહ્યો છે કે થોડી ઘડીઓમાં તો તે આખી દુનિયા માટે મુશ્કેલી અને સતામણીનું કારણ બની જાય છે ! મીડિયા થકી ક્ષણભરમાં તે લોકોના ઘરોમાં ઘૂસી જાય છે, કોઈ હિરોઈને કોઈ ફેશન ડિઝાઈનર પાસે કોઈ ખાસ વસ્ત્ર તૈયાર કરાવ્યું કે આગલા દિવસે આપણી બહેન,

દિકરીઓ તેવા જ પ્રકારના વસ્ત્રનો ઓર્ડર દેતી જોવા મળે છે, એવી રીતે કે બેશરમી અને નગ્નતાની પ્રતિનિધિ વ્યક્તિઓની બધી જ નગ્નતા આગલી જ ઘડીએ આપણા સમાજ પર હુમલો કરી ચડી બેસે છે.

**★ એક નજર આ તરફ પણ ! ★**

આ કરૂણ પરિસ્થિતિ માટે જવાબદાર કોઈ પણ હોય, આટલી વધતી વાત તો આપણે માનવી જ પડશે કે બેશરમી અને નગ્નતાની આ ગરમ બજારી માટે કોઈને કોઈ રીતે આપણે પણ જવાબદાર છીએ. આપણે મીડિયાની સંસ્કારને કચુંડતી હરકતોની ફરિયાદ શા માટે કરીએ, આપણે મીડિયાને દોષિત શા માટે ઠરાવીએ ? જયારે કે આપણે આપણી સમાજની સંભાળ માટે કોઈ યોગ્ય કદમ અપનાવ્યો જ નથી. આપણે આપણા બાળકોના સંસ્કારી શિક્ષણનો કોઈ પ્રબંધ કર્યો જ નથી ! ઈસ્લામી જીવન શૈલીથી તેઓને પરિચિત કરાયાં જ નથી ! વર્તમાન જગતની નગ્નતા અને બેહયાઈ બાબતે ઈસ્લામ શું કહે છે ? આપણે ન શીખવ્યું ન કદી તેની પવિત્રતા અને પર્દાની મહાનતાથી તેઓને પરિચિત કર્યા ! આપણે પરિચિત કરતા પણ શા માટે ? જયારે કે આપણું અસ્તિત્વ જ ગૈર ઈસ્લામી જીવનશૈલીનો આલ્બમ હતું, આ પ્રગતિશીલ યુગમાં પણ ઘણા ભાગ્યવાન કુટુંબો એવાં છે જે ઈસ્લામી સંસ્કારની પવિત્રતા, ઈસ્લામી વિચારધારા તથા આચરણની ઉચ્ચતા, આત્માની શુદ્ધિ, ઈમાનની સુગંધ, સંસ્કારની સુંદરતા અને દીની શિક્ષણના ઘરેણાથી સુશોભિત છે.

આ ફિત્નાના યુગમાં પણ સાચા પાકા મુસલમાનની જેમ જીવન ગાળી રહ્યાં છે, અને આ બધુ તેમના પોતાના પ્રયત્નો, પોતાના હૃદયી સંકલ્પ, તેઓના જીવંત વિવેક અને મજબૂત જવાબદારીના એહસાસના પાયા ઉપર જ સંભવ થઈ શક્યું છે. જો આપણે પણ પ્રયત્નો કરીએ, પોતાનાથી સંબંધિત જવાબદારીઓને નિભાવીએ તો આપણો માહોલ પણ ઈસ્લામી બની શકે છે, આપણો સમાજ ઈસ્લામી પવિત્ર જીવનશૈલીનો નમૂનો બની શકે છે, અને આપણે સામાજિક પડકારોનો સામનો કરી શકીશું. અને આપણા જીવનો ઈસ્લામી સંસ્કારના આકારમાં ઢળી જાય તે માટે જરૂરત એ વાતની છે કે ઈસ્લામી શિક્ષણોને જીવનમાં ઉતારી લેવામાં આવે, ઈસ્લામી શૈલી પર નવી નસલોને શિક્ષણ આપવું જોઈએ, સંસ્કારી ગુણોથી સુશોભિત કરવા જોઈએ. હિરા (ગારે હિરા)થી લાવવામાં આવેલ નુસ્ખાએ કીમીયા એટલા કુર્આનની મહાનતા અને તેની પવિત્રતાને તેમના હૃદયમાં બેસાડી દેવી જોઈએ, જો આપણે આવું કરવામાં સફળ થઈ ગયા તો જરૂર અલ્લાહ તઆલાની તૌફીક઼ સાથે રહેશે, અને આપણે સુઘડ સમાજ, સારો વંશ, આપણી પાછળ છોડવામાં સફળ થઈ જાશું અને દુનિયાનો કોઈપણ ફિત્નો આપણી સોસાયટી ઉપર આક્રમણ કરવામાં સફળ નહીં થઈ શકે. અલ્લાહ તઆલા આપણને ખિદમતે દીન કરવાની નેક તૌફીક઼ આપે. (આમીન) *(માહનામા જામે નૂર–દિલ્હી, ડિસેમ્બર–૦૮માંથી સાભાર)*

## વારસા સંબંધી મસ્અલો

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતના મુફતીઓ આ મસ્અલામાં કે ઝૈદનું મૃત્યુ થઈ ગયું. જેમના પત્ની હયાત છે તથા બે પુત્રો હતા જેમાંથી એકનું તો ઝૈદની હયાતીમાં જ મૃત્યુ થયું હતું. અને એક પુત્ર હયાત છે. તથા ઝૈદની ચાર પુત્રીઓ હયાત છે. તો વારસાની વહેંચણી કઈ રીતે થશે ?

**જવાબ** : ઝૈદની મિલ્કતના ૪૮ હિસ્સા થશે જેમાંથી ૬ હિસ્સા ઝૈદની પત્નીને મળશે. હયાત જે પુત્ર છે તેને ૧૪ હિસ્સા મળશે અને ઝૈદની દરેક પુત્રીને સાત–સાત હિસ્સા મળશે. મરનાર પુત્રને કે અન્ય કોઈને કાંઈ ન મળી શકે. આમ વારસાની વહેંચણી શરઈ હુકમ પ્રમાણે થશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મૌલાના) ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી *(સદર મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* **માર્ગદર્શન** : (મુફતી) મુહમ્મદ નસીમ *(દારુલ ઈફતા : જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી. જિ. આઝમગઢ)*



# શું પર્દો કુર્આન વિરુદ્ધ છે ?!

✦ રજૂકર્તા ✦
**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*કેટલાક નામના મુસ્લિમો એવા છે કે તેમના ધંધા જ સરાસર ઈસ્લામી કાનૂનોથી બગાવત કરતા હોય તેવા કહેવાતા હીરો હીરોઈનો ક્યારેક પોતાની દુનિયામાં નાજાઈઝ હરામ કામો થકી મળેલી ખ્યાતિથી છલકાઈ જઈને ઈસ્લામના કાનૂનોમાં ચંચૂપાત કરી બેસે છે અને ઈસ્લામી નિયમો વિશે બકવાસ કરી ચર્ચાના એરણે ચઢી જાય છે. એવું જ થોડા સમય પર ખ્યાતનામ હીરોઈન તથા નૃત્યાંગ્ના જેનો ધંધો વર્ષોથી પોતાની સુંદરતા લોકોમાં પ્રદર્શિત કરી, ફિલ્મોમાં કામ કરીને પૈસા કમાવાનો છે કે જે સરાસર ઈસ્લામની વિરુદ્ધ છે તો તેના વિશે તેણીને કુર્આનમાં હુકમો ન દેખાયા ?! અને બકવાસ કરી બેઠી હતી કે, ''કુર્આનમાં પર્દા વિશે કોઈ હુકમ નથી !'' અને ઈસ્લામ વિશે આવી બકવાસો અવાર નવાર આ લાઈનના ખાન બંધુઓ પણ કરતા રહે છે. પ્રથમ વાત તો એ કે કુર્આનને તથા ઈસ્લામને તેઓ સમજ્યા હોત તો એ લાઈનમાં હોતે જ નહીં ! છતાં પોતે ઈસ્લામના નિષ્ણાત હોય તેમ મુસલમાનોને ઈસ્લામના પાઠ શીખવાડવા નીકળી પડે છે. તેમજ કેટલાક એવા કહેવાતા (કુ) બુદ્ધિજીવીઓ આ વિશે બકતા રહે છે.*

*ખૈર, અહીં ઈસ્લામી પર્દાના અનુસંધાનમાં નેચરી ગુમરાહ ફિર્કાના વાંધાનો જવાબ રજૂ કરીએ છીએ જેનાથી ઈસ્લામી શરીઅતની હક્કાનિયત જાહેર થશે તથા ગુમરાહોના નિવેદનોથી અજાણ મુસ્લિમોમાં ઉઠતા વસવસા પણ દૂર થઈ જશે. ઈન્શાઅલ્લાહ ! –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સ...વા...લ...✍

શું ફર્માવે છે ઉલ્માએ દીન આ મસ્અલામાં કે નેચરીઓનો દાવો છે કે :–

''પર્દો કુર્આનના વિરુદ્ધ છે એટલા માટે કે **મોં ઢાંકવાનો હુકમ કુર્આનમાં ક્યાંય નથી.** આયતે કરીમા **قل للمومنين يغضوامن ابصارهم**- الايه અને **وقل للمو منٰت يغضضن**થી સ્પષ્ટ રીતે જણાય છે કે મોઢું ઉઘાડુ રાખવું જોઈએ કારણ કે જ્યાં સુધી ચહેરો ખુલ્લો નહીં રહે ત્યાં સુધી નજરોને નીચી રાખવાનો હુકમ ફુઝૂલ છે, અને આયતે કરીમા **ذالك ادنٰى ان يعرفن فلا يؤذين** વિશે કહે છે કે એનાથી પણ અમારો મતલબ સાબિત થાય છે, જ્યાં સુધી સ્ત્રીઓના ચહેરા ખુલ્લા નહીં રહે તેમને ઓળખવું અશક્ય છે, માટે ચહેરો છુપાવવું કુર્આનની આયતોના વિરુદ્ધ છે.''

જવાબ કેવળ કુર્આનની રોશનીમાં આપવામાં આવે. બય્યનૂ તુજરૂ. *(પ્રશ્નકર્તા : મુહમ્મદ મુઈનુદ્દીન, રેલ બાઝાર, કાનપૂર)*

## અ...લ...જ...વા...બ...✍

નેચરીઓનો એ દાવો કે પર્દો કુર્આનના વિરુદ્ધ છે અને તેમની એ દલીલ કે મોઢું છુપાવવાનો હુકમ કુર્આનમાં ક્યાંય નથી એ ઘણો જ આશ્ચર્યજનક દાવો છે. જો માની લેવામાં આવે કે કુર્આનમાં મોઢું છુપાવવાનો હુકમ ક્યાંય નથી તો પણ પર્દાનું કુર્આનના વિરુદ્ધ હોવું ક્યાંથી સાબિત થાય છે ? એને એ રીતે સમજો કે કોઈએ કહ્યું, નમાઝોમાં રકાતોની સંખ્યા અને નમાઝની રીત કુર્આનના વિરુદ્ધ છે કારણ કે કુર્આનમાં તેનો હુકમ ક્યાંય નથી ! તો જેવી રીતે એવું કહેવું બાતિલ થશે, એ જ રીતે આવી દલીલ કરવી, પણ બાતિલ થશે. પર્દો કુર્આનના વિરુદ્ધ તો ત્યારે કહી શકાત કે કુર્આનમાં એવો હુકમ હોત કે સ્ત્રીઓ પર પુરૂષો સામે બેપર્દા રહે. જ્યારે આવો હુકમ નથી તો પર્દો કુર્આનના વિરુદ્ધ કઈ રીતે થશે.

વળી આયતે કરીમા :–

**قل للمومنين يغضوامن ابصارهم**- الايه અને **وقل للمو منٰت يغضضن**આ બંનેવ આયતોને નેચરીએ

કઈ લાલચમાં રજૂ કરી છે ?! આ આયતોના મુખ્ય તર્જુમાથી એટલુ જણાય છે કે **મર્દોને સ્ત્રીઓ તરફ જોવાથી અને સ્ત્રીઓને મર્દો તરફ જોવાથી રોકવામાં આવ્યા,** આનાથી તો પર્દાની તાકીદ થાય છે ! અને ન જોવું પર્દાની સ્થિતિમાં સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે. તો આ આયતમાં પર્દાને સમર્થન છે કે વિરોધ ? આયતને બેપર્દગીની સનદ બનાવવી અક્કલ પર પર્દો પડેલો હોવાની દલીલ છે. નેચરીની આ દલીલ એવી જ છે જેમ કે કોઈ બેદીન કહે કે નાહક્ક઼ કોઈનો માલ લઈ લેવાની મનાઈ કુર્આન શરીફના વિરુદ્ધ છે કેમ કે કુર્આનમાં છે : **لا تاكلوااموالكم بينكم بالباطل** આનાથી સ્પષ્ટ રીતે જણાય છે કે નાહક્ક઼ માલ લેવો જોઈએ કારણ કે જ્યાં સુધી માલ ન લેવામાં આવે નાહક્ક઼ માલ ખાવાની મનાઈ ફુઝૂલ છે. એ જ રીતે કોઈ બેદીન કહે કે વ્યાજ લેવાની મનાઈ કુર્આનના વિરુદ્ધ છે કારણ કે કુર્આનમાં ફર્માવ્યું : **لا تاكلواالربا** ''આનાથી સ્પષ્ટ રીતે જણાય છે કે વ્યાજ લેવું જોઈએ એટલા માટે કે જ્યાં સુધી વ્યાજ લેવામાં નહીં આવે ત્યાં સુધી વ્યાજ ખાવાની મનાઈ ફુઝૂલ છે. તો જે રીતે આ બેદીનોનો શૈતાની ખ્યાલ બાતિલ છે એ જ રીતે નેચરીનું આવું કહેવું પણ બાતિલ છે કે આયતે કરીમા **وقل للموٴمنٰت يغضضن**થી સ્પષ્ટ જણાય છે કે મોઢું ખુલ્લુ રહેવું જોઈએ, એટલા માટે કે જ્યાં સુધી મોઢું ઉઘાડુ નહીં રહે નજરો નીચી રાખવાનો હુકમ ફુઝૂલ છે !

તે નાદાને એ વિચાર્યું કે ચહેરો ઉઘાડો રાખવું જાઈઝ હોવા સંબંધે આ આયતમાં કઈ દલીલ છે ? ચહેરો ઉઘાડો રાખવો નાજાઈઝ હોય તો જરૂરી છે કે દુનિયામાં કોઈ ફાસિક઼ તેની વિરુદ્ધ ન કરે, જો નાજાઈઝ હોવા છતાં કોઈ ચહેરો ઉઘાડો રાખે અને નેચરી ફિર્ક઼ાની સ્ત્રીઓ જેમ આઝાદ ફરે, તે સામે આવે તો તેણીને ન જુએ. અને નજરો નીચી રાખવાનો હુકમ કરવો એમાં બેપર્દગી જાઈઝ હોવાની દલીલ કઈ રીતે થઈ શકે છે ? બલ્કે તેનાથી તો પર્દાની વધુ તાકીદ થાય છે ! કે જો કોઈ સ્ત્રી બેપર્દા સામે આવી જાય અથવા સંજોગવાસત કોઈ અજનબીનો સામનો થઈ જાય તો પણ તમે પર્દામાં કમી ન કરો અને પોતાની આંખો નીચી કરી લો. જો બેપર્દગી જ મન્ઝૂર હોત તો નજરો નીચી રાખવાનો અને ન જોવાનો હુકમ શા માટે થતો ?

એ સિવાય આયતમાં એવું ક્યાં છે કે પર પુરૂષો સામે આવું કરવાનો હુકમ છે ? બની શકે છે કે આ હુકમ ઘરની અંદરનો હોય અને હયાની તા'લીમ આપવામાં આવી હોય કે મહરમોની સામે નિગાહો નીચી રાખો.

આ તો માત્ર આયતના શબ્દો અને તેમના જાહેરી તર્જુમાને જોઈને છે, કારણ કે સવાલ કરનાર કુર્આનની રોશનીમાં જ જવાબ માંગે છે. જો કે એ પણ ગલત છે, જેવી રીતે કુર્આન પર અમલ કરવો વાજિબ છે એ જ રીતે હદીષે રસૂલ અને સર્વ શરઈ દલીલો પણ ક઼બૂલ કરવી લાઝિમ છે, બલ્કે કુર્આનની સમજ હદીષ શરીફથી પ્રાપ્ત થાય છે. હુઝૂર ﷺ ફર્માવે છે : (**كلامى تفسير كلام الله**) ''મારું કથન કુર્આનની તફસીર છે.''

હવે જરા આ આયતની તફસીર પણ જોઈ લો. તફસીરે અહમદીમાં ફર્માવ્યું : ''એકદમ સ્પષ્ટ છે કે આયતમાં હુકમ નમાઝનો છે ન કે જોવાનો, કેમ કે આઝાદ સ્ત્રીનું આખુ શરીર ઔરત (છુપાવવાની ચીજ) છે, શૌહર અને મહરમ સિવાય કોઈને પણ એના શરીરનો કોઈ ભાગ જોવો જાઈઝ નથી. પરંતુ જરૂરતના લીધે જેમ કે ઈલાજ અથવા ગવાહી માટે.'' નેચરીએ આયત તો પઢી લીધી પરંતુ તેનાથી પહેલી આયત છોડી દીધી જેમાં સ્પષ્ટ ફર્માવવામાં આવ્યું :–

**يآيُهَا الذين اٰمنوالاتدخلوا بيو تاغير بيوتكم حتى**
**تستا نسواو تسلموا علىٰ اهلها**

જેમાં બીજાનાં ઘરોમાં જવાની મનાઈ હતી તેનાથી નેચરીઓએ એવું ન વિચાર્યું કે જો નેચરી ફિર્ક઼ાવાળી સ્ત્રીઓની જેમ ઉઘાડુ ફરવું જાઈઝ હોત તો મર્દોને બીજાના ઘરોમાં પ્રવેશવાની મનાઈ કેમ કરવામાં આવતી ?

વાસનાના પૂજારીઓ પોતાની નફસાની ખ્વાહિશો માટે વિવિધ પ્રકારનાં બહાનાં ઘડતા હોય છે. (અલ્લાહ તઆલા નેક તૌફીક઼ આપે.) એ જ રીતે નેચરીએ **ذالك ادنٰى ان يعرفن فلا يؤذين** લખી ધોકો આપવાનો પ્રયાસ કર્યો. કેવું દુર્ભાગ્ય કે મનુષ્ય કુર્આન જેવી સંપૂર્ણતઃ હિદાયતની વધુ પેજ નં. ૧૮.....પર

# "અહદનામા"ની શરઈ હૈસિયત તથા "શબિસ્તાને રઝા"ના અમુક અમલ તથા તાવીઝની હકીકત

અઝ : **નબીરએ સદરુશ્શરીઅહ્ મુફ્તી જમાલ મુસ્તફા કાદરી**

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)**

**શું ફર્માવે છે ઉલમાએ દીન વ શરએ મતીન નીચેના મસ્અલામાં કે :–**

**(૧)** અહદનામા તથા શજરા શરીફ મુડદાની સાથે કબ્રમાં રાખવું કેવું ? (મના કરનારાઓ મુડદાના ફાટયા પછી ગંદકી વગેરેમાં ખરડાવાની ધારણાથી લોકોને રોકે છે.)

**(૨)** નૂરી શમ્એ શબિસ્તાને રઝા, ભાગ–ર, પેજ–૯૧ (સંપાદક : ઈકબાલ અહમદ નૂરી)એ અહદનામાની ફઝીલત મહાન મહાન સહાબાએ કિરામથી નકલ કરી છે જેમાં હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત જાબિર, ખાતૂને જન્નત, મૌલા અલી رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની રિવાયતો રજૂ કરી છે. તો આ હદીષો ક્યાંથી સાબિત છે ?

**(૩)** જે અહદનામાની હદીષનો ઈન્કાર કરે એના પર શો હુકમ છે ? તેમજ ફી સબીલિલ્લાહ દુઆ તાવીઝ કરનારાઓની પાછળ નમાઝનો શું હુકમ છે ?

**(૪)** અમલિયાત, ઝાડફૂંક કરવું ઈસ્લામથી સાબિત છે ?

**(૫)** જો કોઈ "શમ્એ શબીસ્તાને રઝા"ને નિરર્થક, ગલત તથા બકવાસ કહે એના પર શો હુકમ છે ?

**(૬)** દુઆ તાવીઝ કરવા માટે હદિયા લઈ શકે કે નહીં ?

હવાલા તથા દષ્ટાંત સાથે જલ્દી જવાબ આપશો તો મહેરબાની થશે.

*પ્રશ્નકર્તા : મુહમ્મદ નિઝામુદ્દીન, જામેઅ મસ્જિદ, મુહલદાર મુહલ્લા, મસૂર શીવગઢ, કારદાર*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## અલજવાબ

### ★ જવાબ નં. : ૧ ★

અહદનામા અથવા શજરા શરીફ કબ્રમાં મૂકવું જાઈઝ છે. નાજાઈઝ માટે કોઈ દલીલ નથી. પરંતુ બેહતર એ છે કે મૈયતના મોઢા સામે કિબ્લા તરફ તાક ખોદીને એમાં મૂકે. બલ્કે દુર્રે મુખ્તારના કર્તા رضی اللہ عنہએ દુર્રે મુખ્તાર, ૨/૨૪૬માં દર્શાવ્યું "પુરૂષની પેશાની અથવા અમામા અથવા કફન પર અહદનામુ લખવાથી એના માટે બખ્શિશની ઉમ્મીદ છે." તેમજ એમાં છે :–

**(અર્થ)** : એક જણે વસિય્યત કરી હતી કે તેમની પેશાની તથા છાતી પર "બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ." લખી આપવામાં આવે, તો લખી દેવામાં આવી. પછી જયારે ખ્વાબમાં જોવામાં આવ્યા તો હાલ પૂછતાં કહ્યું, જયારે મને કબ્રમાં રાખવામાં આવ્યો તો અઝાબના ફરિશ્તા આવ્યા અને મારી પેશાની પર "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" લખેલું જોઈને કહ્યું, તને અલ્લાહના અઝાબથી અમાન છે.

વજીઝ ઈમામ કુરદરી કિતાબુલ અહસાનમાં છે : "ઈમામ સિફારે વર્ણવ્યું કે જો મૈયતની પેશાની અથવા અમામો અથવા કફન પર અહદનામુ લખી દેવામાં આવે તો ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેને બખ્શી આપે, અને કબ્રના અઝાબથી રક્ષિત રહે.

પછી ફર્માવ્યું : ''ઈમામ નસીરે ફર્માવ્યું, આ મૈયતના સાથે અહદનામુ રાખવું જાઈઝ હોવાની રિવાયત છે અને બેશક ! રિવાયત થયું કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના તબેલામાં કેટલાક ઘોડાઓની જાંગો પર લખેલું હતું કે ''વક્ફ ફી સબીલિલ્લાહ'' અને અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ શામીમાં એક પ્રકરણ مطلب فيما يكتب على كفن الميت ''મૈયતના કફન પર લખવા બારામાં બયાન'' રચીને લખ્યું :–

ઈમામ મુહક્કિક ઈબ્ને હજરના ફતાવામાં છે કે, તેમને કફન પણ અહદનામુ લખવા વિશે પૂછવામાં આવ્યું તે આ છે :–

''لَا اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكۡبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحۡدَهٗ لَا شَـرِيۡكَ لَـهُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الۡمُلۡكُ وَ لَهُ الۡحَمۡدُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الۡعَلِيِّ الۡعَظِيۡمِ۔''

કહેવામાં આવ્યું છે કે આ પણ છે :–

''اَللّٰهُـمَّ فَـاطِـرَ السَّمٰـوَاتِ وَالۡاَرۡضِ عَـالِمَ الۡغَيۡبِ وَالشَّهَـادَتِ اَرَّحۡـمٰـنِ اَلـرَّحِيۡـمِ اِنِّىۡ اَعۡهَدُ اِلَيۡكَ فِىۡ هٰـذِهِ الۡـحَيَـاةِ الدُّنۡيَا بِاَنَّكَ اَنۡتَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنۡتَ وَحۡدَكَ لَا شَرِيۡكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبۡدُكَ وَرَسُوۡلُكَ صلی اللہ علیہ وسلم فَلَا تُـكِـلۡـنِـىۡ اِلٰـى نَـفۡسِـىۡ تُـقَـرِّبۡـنِـىۡ مِنَ السُّوۡءِ وَتُبۡـعِـدۡنِـىۡ مِـنَ الۡـخَيۡـرِ وَاِنِّـىۡ لَا عَلِقُ اِلَّا بِرَحۡمَتِكَ فَـاجۡـعَلۡ لِّىۡ عَهۡدًا عِنۡدَكَ تُؤَدِّيۡهِ يَوۡمَ الۡقِيَامَةِ اِنَّكَ لَا تُخۡلِفُ الۡمِيۡعَادِ۔''

અને શામીમાં છે :–

''અમુક ઉલમાએ ''નવાદિરુલ ઉસૂલ''માં ઈમામ તિર્મિઝીથી તે હદીષ નકલ કરી જેનો તકાઝો એ છે કે આ દુઆ અસ્લ (દલીલ) ધરાવે છે. તેમજ અમુકે નકલ કર્યું કે ઈમામ ફકીહ ઈબ્ને અજીલ એને લખવાનો હુકમ કર્યા કરતા હતા, પછી ખૂદ તેમણે તેને લખવું જાઈઝ હોવા પર ફત્વો આપ્યો એ કયાસ પર કે ઝકાતનાં ચોપગાં (પશુઓ) પર લખવામાં આવતું لِلّٰهِ ''લિલ્લાહ'' આ અલ્લાહના માટે છે. *(પેજ–૨૪૬, ભાગ–૨)* મહાન મહાન સહાબાએ કિરામ તથા તાબઈને એઝામે એને સમર્થન તથા ટેકો આપ્યો અને લખવાની વસિય્યત કરી. દા.ત. ઈમામે અજલ તાઉસ તાબઈ શાગિર્દે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضۡوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيۡهِمۡ اَجۡمَعِيۡنَ થી રિવાયત થયેલ છે કે તેમણે પોતાના કફનમાં અહદનામુ લખવા અંગેની વસિયત કરી અને વસિયત પ્રમાણે તેમના કફનમાં લખવામાં આવ્યું. તેમજ હઝરત કષીર ઈબ્ને અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رِضۡوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيۡهِمۡ اَجۡمَعِيۡنَએ કે જેઓ હુઝૂરે અકદસ رضی اللہ عنہના કાકાના પુત્ર તથા સહાબી છે તેમણે ખૂદ પોતાના કફન પર કલમએ શહાદત લખ્યું. ઈમામ તિર્મિઝી હકીમ ઈલાહી સૈયદી મુહમ્મદ બિન અલી ઈમામ બુખારીના સમકાલિને ''નવાદિરુલ ઉસૂલ''માં રિવાયત નકલ કરી કે ખૂદ હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : ''જો આ દુઆ કોઈ પરચા પર લખીને મૈયતના સીના પર કફન નીચે રાખી દે તો તેને કબ્રનો અઝાબ ન થાય અને ન મુન્કર નકીર નજર આવે, તે દુઆ આ છે :–

''لَا اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكۡبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحۡدَهٗ لَا شَـرِيۡكَ لَـهُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الۡمُلۡكُ وَ لَهُ الۡحَمۡدُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الۡعَلِيِّ الۡعَظِيۡمَ۔''

એ ઉપરાંત અહદનામા તથા શજરા તૈયૈબહ તથા કલ્માએ તયબાહ મૈયતની પેશાની તથા કફન પર લખે અને કબ્રમાં રાખવા માટે ઘણા હનફી ફિકહના જુઝિયા મૌજૂદ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

### ★ જવાબ નં. : ૨ ★

તિર્મિઝીમાં હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે દરેક નમાઝમાં સલામ બાદ આ દુઆ પઢે એટલે કે ''અહદનામુ'' તો ફરિશ્તા તેને લખીને મોહર લગાડીને કયામતના માટે રાખી મૂકશે. જયારે અલ્લાહ તઆલા એ બંદાને કબ્રથી ઉઠાડશે તો ફરિશ્તા તે લખેલું સાથે લાવશે અને પોકાર કરશે કે

અહદવાળા ક્યાં છે ? તેમને એ અહદનામુ આપવામાં આવશે. ઈમામે એને રિવાયત કરીને ફર્માવ્યું : ઈમામ તાઉસની વસિય્યતથી આ અહદનામુ તેમના કફનમાં લખવામાં આવ્યું. ઈમામ ફક઼ીહ ઈબ્ને અજીલે એ જ અહદનામાની દુઆના સંબંધે ફર્માવ્યું, ''જ્યારે એ લખીને મૈયતની સાથે ક઼બ્રમાં રાખી દેવામાં આવે અલ્લાહ તઆલા તેને નકીરૈનના સવાલ તથા ક઼બ્રના અઝાબથી અમાન આપે.'' પછી આ જ ઈમામ ફર્માવે છે : ''જે આ દુઆ મૈયતના કફનમાં લખે તેનાથી અલ્લાહ તઆલા ક઼િયામત સુધી અઝાબ ઉઠાવી લેશે. અને તે દુઆ આ છે :–

اللهم انى السئلك ياعالم السر يا عظيم الخطر يا خالق البشر يا موقع الظفر يا معرف الاثر يا ذاالطول والمن يا كاشف الضر والمحن يا اله الا ولين والآخرين فرج عنى همومى واكشف عنى غمومى وصل اللهم على سيدنا محمد وسلم۔

અને જાહેર છે કે ક઼બ્રના અઝાબમાં (સાપ, વીંછી તથા અન્ય મુઝી જાનવર હશે) એનાથી નજાત અને એને શફીઅ બનાવવાના માટે જ લખવામાં આવે છે.

**''શબિસ્તાને રઝા''એ આ'લા હઝરત** رحمۃ اللہ علیہ**ની લખેલી કિતાબ નથી**★, બલ્કે આ'લા હઝરતના અમુક વિર્દો તથા વઝીફાઓ તથા નક઼્શો ઈકબાલ નૂરીએ નક઼્શ કરી આપ્યા છે અને એ કાંઈ પોતે આલિમ પણ નથી. જો કે અહીં અહદનામા સંબંધે જેટલી ફઝીલતો છે એમાંથી અમુક મેં વર્ણન કરી આપી છે, **બાકી જે ફઝીલતો તેમણે (ઈકબાલ નૂરીએ) ''શબીસ્તાને રઝા''માં લખેલી છે તે મારા જોવામાં (ક્યાંય) નથી આવી, એના વિશે એમને જ પૂછશો.** અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

**★ જવાબ નં. : ૩ ★**

મુત્લક઼ (તદ્દન) હદીષ શરીફનો જ ઈન્કાર યક઼ીનન કુફ્ર છે એટલા માટે જે મુત્લક઼ હદીષનો ઈન્કાર કરે તેના માટે અલ્લાહનો હુકમ એ જ છે કે તે તૌબા તથા ઈસ્તિગફાર કરે તથા નવેસરથી કલ્મો પઢે અને નિકાહ દોહરાવે, કેમ કે સરકાર ﷺના કોઈ ક઼ૌલ તથા ફેઅલને હલકો સમજવો કુફ્ર છે. એ

★ વિશ્વસનીય ઉલમાથી જાણ્યું છે કે ''શમ્એ શબીસ્તાને રઝા'' કિતાબમાં તેના સંપાદકે અમુક તાવીઝ, અમલિયાતને આ'લા હઝરત તથા હુઝૂર મુફતીએ આ'ઝમ સાથે ગલત નિસ્બત કરી આપી છે, જેમ કે ''ક્રિકેટ જીતવાનો અમલ !'' તેમાં રજૂ થયો છે. તથા જ્યોતિષોની વાતો પરથી અમુક તારીખો મનહૂસ હોવા વિશે લખેલ છે જેનો રદિયો ''બહારે શરીઅત''માં છે જ. હવે આ કિતાબના બારામાં હઝરત મુફતી શરીફુલ હક્ક઼ رحمۃ اللہ علیہનો જવાબ જોતા ચાલો :–

**''શમ્એ શબિસ્તાને રઝા'' વિશે મુફતી શરીફુલ હક્ક઼ સાહબનો ફત્વો**

''શમ્એ શબિસ્તાને રઝા'' કિતાબમાં સારી નરસી (ભલી બુરી) દરેક પ્રકારની વાતો છે અને એનાં બધાં તા'વીઝો તથા બધા અમલો આ'લા હઝરત رحمۃ اللہ علیہ કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનાં નથી. અને ''ક્રિકેટ જીતવાના અમલ''વાળો કિસ્સો આ'લા હઝરત رحمۃ اللہ علیہ પર આક્ષેપ છે. એ (આક્ષેપ)નો હું કેટલીયે વાર રદિયો આપી ચૂક્યો છું અને તે રદ છપાઈ પણ ચૂકી છે. મારી ડ્યૂટી એ નથી કે હું દરેકે દરેક મુસલમાનના ઘરે પહોંચાડુ. અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : **મુહમ્મદ શરીફુલ હક્ક઼ ગુફિરલહુ** (૧૮–રબીઉલ આખર, હિ.સ. : ૧૪૨૦) *(સદર મુફતી દારુલ ઈફતા : જામે અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)*

**ક્રિકેટ જીતવા માટે અમલ કરવો કેવો ?**

**સવાલ** : ક્રિકેટના બારામાં ''શમ્એ શબિસ્તાને રઝા'' કિતાબમાં આ'લા હઝરત رضی اللہ عنہ થી સંબંધિત કરીને (ક્રિકેટ) જીતવાનો અમલ લખેલો છે, તો શું એ ક્રિકેટ જાઈઝ હોવાની દલીલ બને છે અથવા એની કોઈ અન્ય હક઼ીક઼ત છે ?

**જવાબ** : ''શમ્એ શબિસ્તાને રઝા''માં ક્રિકેટ જીતવાના અમલનો જે કિસ્સો છે તે સહીહ નથી. ''શમ્એ શબિસ્તાને રઝા''ના સંપાદકની બનાવટ છે. કેમ કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના ફત્વામાં સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે એ નાજાઈઝ તથા હરામ છે, પછી તેને જીતવાના માટે કોઈ અમલ બતાવે એ કયા બુદ્ધિશાળીની સમજમાં આવી શકે છે ?! અલ્લાહ બેહતર જાણનાર છે. *(અઝ : હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક઼ સાહબ, માહનામા અશ્રફિયા, નવેમ્બર–૧૯૯૭)*

જ પ્રમાણે સહાબાએ કિરામ તથા તાબઈનના કથનોને પણ હલકાં સમજવાં તેનો તિરસ્કાર કરવો તથા ઈન્કાર કરવો ગુમરાહી છે. અલ્બત્ત ફઝાઈલે આમાલ તથા અવરાદમાં જે હદીષો રિવાયત થયેલ છે ભલે તે ઝઈફ હોય છતાં તે સ્વીકાર્ય તથા દલીલ પાત્ર હોય છે. મુહદ્દિષ ઈમામો ફર્માવે છે :–

''અમલોની ફઝીલતોમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની હદીષો કેવીક પણ હોય એ દરેક સંજોગોમાં સ્વીકાર્ય છે, મક્તૂઅ હોય કે મુરસલ, ન તેનો વિરોધ કરવામાં આવે ન તેને રદિયો આપવામાં આવે. પૂર્વજ ઈમામોનો આ જ તરીક઼ો છે.'' અને ઈમામ મુહક્કિક઼ે અલલ્ ઈત્લાક઼ ફત્હુલ ક઼દીરમાં ફર્માવે છે : ''અમલોની ફઝીલતમાં ઝઈફ હદીષ પર અમલ કરવામાં આવે અને હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મૌઝૂઆતે કબીરમાં ફર્માવે છે : અમલોની ફઝીલતમાં ઝઈફ હદીષ પર જેણે ઈન્કાર કર્યો તેણે જો રસૂલ ﷺની હદીષ હોવાના કારણે ઈન્કાર કર્યો તો તૌબા કરે, કલ્મો પઢે, નિકાહ દોહરાવે એ લાઝિમ છે, અને જો સહીહ હોવાનો તથા સનદનો ઈન્કાર કર્યો તો બુરું કર્યું કે ઈમામો તથા મશાઈખે જ્યારે એને ક઼બૂલ કર્યું છે તો કોઈ સામાન્ય માણસને ઈન્કારનો શો હક્ક઼ ?! તે તૌબા તથા ઈસ્તિગફાર કરે. દુઆ, તાવીઝ જે કુર્આની આયતો તથા હદીષોથી છે તેના પર ઉઝરત (મહેનત મજૂરી) લેનાર અથવા ફી સબીલિલ્લાહ કરનાર પાછળ નમાઝ વિના શંકાએ સહીહ તથા દુરુસ્ત છે, તાવીઝ અથવા ઝાડફૂંક પર ઉઝરત લેવી જાઈઝ છે. શામી, ભાગ–૨, પેજ–૩૬માં છે :–

جوزو الرقية بالاجرة ولو بالقرآن كما ذكره الطحاوی لا نها ليست عبادة محضة بل من التداوی، والله تعالی اعلم۔

★ જવાબ નં. : ૪ ★

દુઆઓ તથા કુર્આની આયતોથી ઝાડફૂંક કરવાનો હુકમ પુષ્કળ હદીષોથી સાબિત છે. સિહાહ સિત્તામાં ''તિબ્બે વરક઼ી''ના ટાઈટલ સાથે એક અલગ બયાન મૌજૂદ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. : ૫ ★

''શમ્એ શબીસ્તાને રઝા''માં (અમુકને છોડીને) મોટાભાગના અમલો સહીહ છે. તેને ગલત કહેવા અમલોની સાબિતીના મર્તબા પ્રમાણે નાદાની છે અથવા ગુનોહ અથવા ગુમરાહી છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. : ૬ ★

પાકીઝા અમલોથી જો હોય તો (હદિયો લેવો) જાઈઝ છે અને નાજાઈઝ તથા કુફ્રી વાક્યોથી હોય તો તદ્દન બાતિલ અને ગુનોહ અથવા કુફ્ર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**અહદનામા, શજરા તયબહ તથા કલ્મએ તયબહ લખવા સંબંધે એક શંકા તથા તેનું નિવારણ**

કફન પર અસ્માએ મુબારકાની આયતો તથા દુઆ લખવામાં જે શંકાઓ ખડી કરીને મુસલમાનોને ગુમરાહ કરવામાં આવે છે તે એ જ છે કે મૈયતનું શરીર ફાટી જશે એનાથી રસી (પરૂ) વગેરે નીકળશે તો ગંદકીથી ખરડાવાનું લાઝિમ થશે...વગેરે. તે એનું ઉમદા નિવારણ હઝરત ઈમામ નસીર رحمۃ اللہ علیہએ ફર્માવી આપ્યું કે :–

''તબેલામાં ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ઘોડાઓની જાંગો પર લખ્યું ''જૈસે ફી સબી લિલ્લાહિ તઆલા'' જે નાપાકીની શંકા અહીં છે તે ત્યાં પણ હતી. તો જાણવા મળ્યું કે અત્યારે મૌજૂદ નથી એવી બાબતનો અંદેશો નેક નિયતી તથા નેક હેતુ માટે રુકાવટ નથી થતો. પણ એક શાફઈ પાછલા આલિમ ઈમામ ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہએ એના જવાબમાં ફર્માવ્યું કે ઘોડાની જાંગો પર લખવું કેવળ ઓળખના માટે હતું અને કફન પર લખવાથી તબર્રુકનો હેતુ હોય છે તો અહીં માનવંત વાક્યો (અહદનામા, કલ્મા તયબહ, બિસ્મિલ્લાહ) એના હાલ પર દાખલ છે અને નાપાકીની જગાએ લખવા તથા રાખવાની ઈજાઝત ન થશે.

**قیاسه علی مافی نعم الصدقة ممنوع لان القصد ثم التمییز لا التبرک وهذا القصد التبرک فالاسماء المعظمة باقیة علی حالها فلا یحوز تعر یضها للنجاسة**

વળી એ કે ખૂદ કુર્આને અઝીમ દા.ત. સૂરએ ફાતિહા તથા આયતે શિફા વગેરે શિફા પામવાના હેતુથી લખીને ધોઈને પીવું આગલા તથા પાછલા બુઝુર્ગોથી વિના કશીય રોકટોક રિવાજ પામેલ છે. (ખૂદ વિરોધીઓ લખી લખાવીને પીએ પીવડાવે છે !) જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ સુવાવડ વેળાની પીડાના માટે ફર્માવ્યું, ''કુર્આન મજીદમાંથી કાંઈક લખીને સ્ત્રીને પીવડાવે.'' બલ્કે દયલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં તેમનાથી રિવાયત કરી કે નબીએ અકદસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : ''જો સ્ત્રીને બાળજન્મમાં મુશ્કેલી પડે તો પાક વાસણ પર આ આયતો લખીને ધોઈને તેણીને પીવડાવો તેના પેટ તથા ગુપ્તાંગ પર છાંટો.'' ''ઝિક્રે ફી નુઝહતિલ અસ્રાર મુર્ગિરુન્ બિલ અસ્રાર''અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએના માટે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ અને દુઆએ કર્બ અને બે આયતો લખ્યા કરતા.

**لا اله الا اللـه الحلیم الکریم سبحان الله رب اللـه رب العرش العظیم الحمد لله رب العالمین کانهم یوم یرونها لم یلبثوا الا عشیة اضحها کانهم یوم یرون مایوعدون لم یلبثوا الا عشیة اضحها کانهم یوم یرون مایوعدون لم یلبثوا الاساعة من نهار۔**

તેમના સાહબઝાદાએ જલીલ હઝરત ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ તેને જાફરાનથી લખતા. જ્યારે ખૂદ કફન પર દુઆઓ વગેરે બરકતના રૂપે લખવાનું જાઈઝ હોવું હદીષ તથા ફિક્હથી સાબિત થઈ ગયું તો શજરા તૈયબહનું રાખવું પણ આપોઆપ એથી અધિક કક્ષાએ પુરવાર થયું. કેમ કે ખુદા તઆલાના મુબારક નામોથી વસીલો તથા તબર્રુક હાંસલ કરવું નિ:શંક ! પસંદીદા છે. તફસીરે તિબરી તથા શરહે મવાહિબે લદુન્નિયા અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہમાં છે : **''જયારે અસ્હાબે કહ્ફ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**ના નામો લખીને આગમાં નાખી દેવાથી આગ બુઝાઈ જાય છે, કબ્રવાળથી (શજરા શરીફ જે અવલિયા અલ્લાહના નામો છે તેને રાખવાથી તથા અહદનામા તથા કલ્મા તૈયબહ લખવાથી) નિ:શંક ! જહન્નમની આગ બુઝાઈ જશે અને કબ્રના અઝાબથી નજાત મળશે.**

અધિક દલીલની મજબૂતી માટે આ હવાલો પણ સાંભળવા પાત્ર છે. જેમ કે તફસીરે નીશાપુરી હસન બિન મુહમ્મદ બિન હુસૈન નિઝામુદ્દીનમાં છે : ''અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે **અસ્હાબે કહ્ફનાં નામો લાભ પામવા તથા નુકસાનથી બચવા અને આગ બુઝાઈ જવાના માટે છે. એક કાગળ પર લખીને આગની વચ્ચે ફેંકી દો, અને બાળક રડતુ હોય તો લખીને પારણામાં તેના માથા નીચે રાખી દો, અને ખેતીની રક્ષાના માટે કાગળ પર લખીને ખેતરની વચ્ચે એક લાકડી ખોસીને એના પર બાંધી દો, અને નસોમાં દુ:ખાવો તથા અન્ય બીમારી તથા માથાનો દુ:ખાવો અને માલદારી તથા શાનો શૌકત તથા બાદશાહોના પાસે જવા માટે જમણી જાંગ પર બાંધે. અને જન્મ થવામાં મુશ્કેલીના માટે સ્ત્રીની ડાબી જાંગ પર બાંધે તેમજ માલની રક્ષા તથા દરિયાની મુસાફરી અને કત્લથી નજાતના માટે છે.**

ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ ''સવાઈકે મુહર્રિકા''માં નકલ કરે છે કે જ્યારે હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہનીશાપૂર આવ્યા તો ચેહરા મુબારક સામે એક પર્દો હતો. હદીષના હાફિઝો ઈમામ અબૂ ઝરાઆ રાઝી, ઈમામ મુહમ્મદ બિન અસ્લમ તૂસી તથા તેમની સાથે અસંખ્ય હદીષ તથા ઈલ્મના તાલિબો આપની ખિદમતમાં હાજર થયા અને ગદગદ થઈને વિનંતિ કરી કે તમારો જમાલ મુબારક

(ખૂબસૂરત ચહેરો) અમને દેખાડો, અને તમારા પૂર્વજોથી એક હદીષ અમારી સમક્ષ રિવાયત કરો.

ઈમામે સવારી રોકી અને ગુલામોને હુકમ ફર્માવ્યો કે પર્દો હટાવી લો ! ખલ્ક્ (સર્વ લોકો)ની આંખો જમાલ મુબારકના દીદારથી ઠંડી થઈ. બે વાળો ખભા મુબારક પર લટકી રહ્યા હતા. પર્દો હટતાં જ પબ્લિકની એ હાલત થઈ કે કોઈ ચીસો પાડે છે, કોઈ રડે છે, કોઈ ધૂળમાં આળોટે છે, કોઈ મુક્દ્દસ સવારીની ખરીઓ ચૂમે છે, એટલામાં ઉલમાએ અવાજ આપ્યો, ખામોશ ! તો સર્વ લોકો ચૂપ થઈ ગયા. બંને વર્ણવેલ ઈમામોએ આપ હઝરતને કોઈ હદીષ રિવાયત કરવા અર્ઝ કરી, તો આપે ફર્માવ્યું, "ઈમામ અલી રઝા ઈમામ મૂસા કાઝિમ તેઓ ઈમામ જાફર સાદિક તેઓ ઈમામ મુહમ્મદ બાકિ્ર તેઓ ઈમામ ઝૈનુલ આબિદીન તેઓ ઈમામ હુસૈન તેઓ હઝરત અલી મુર્તઝા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી રિવાયત ફર્માવે છે કે મારા પ્યારા મારી આંખોની ઠંડક રસૂલલ્લાહ ﷺએ મને હદીષ વર્ણન કરી કે તેમને જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી કે મેં અલ્લાહ ﷻને ફર્માવતાં સાંભળ્યું કે **લાઈલાહ ઈલ્લાલ્લાહ મારો કિલ્લો છે, તો જેણે એવું કહ્યું તે મારા કિલ્લામાં પ્રવેશી ગયો અને જે મારા કિલ્લામાં પ્રવેશી ચૂક્યો તે મારા અઝાબથી અમાનમાં રહ્યો.**"

આ હદીષ રિવાયત ફર્માવીને હુઝૂર ચાલતા થયા અને પર્દો છોડી આપવામાં આવ્યો. શાહીના ખડીયાવાળા જેઓ ઈર્શાદ મુબારક લખી રહ્યા હતા તેમને ગણવામાં આવ્યા તો વીસ હજારથી અધિક હતા.

ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ ફર્માવ્યું : **"આ મુબારક સનદ (જે હઝરતે વર્ણવી) જો ગાંડા પર પઢો તો જરૂર તેને ગાંડપણથી સારું થઈ જાય."**

જાણવા મળ્યું કે જયારે અસ્હાબે કહફ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના નામોમાં એ બરકતો છે, જયારે કે તેઓ હુઝૂર સૈયદના ઈસા علیہ السلامના વલીઓમાંથી છે તો હુઝૂર ﷺની ઉમ્મતના વલીઓનું શું કહેવું ?! તેમનાં મુબારક નામોની બરકતો ગણી શકાશે નહીં.

જયારે આ મુબારક નામોની બરકતો થકી દુનિયવી મક્સદો ઠેક ઠેકાણે પ્રાપ્ત થાય છે તો એથીયે વિશેષ આખેરતમાં પણ હાંસલ થશે કે આપણને સર્વ ભયંકર કૃબ્રના તથા જહન્નમના અઝાબથી ચોક્કસ નજાત હાંસલ થશે.

શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પણ શજરા તૈયેબહને કૃબ્રમાં રાખવાને બુઝુર્ગાને દીનનો મામૂલ (તરીકો) બતાવીને તાખલામાં રાખવું અધિક પસંદ કર્યું, જેવું કે ફતાવા અઝીઝિયામાં છે. અને મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાની અઝીમુશ્શાન કિતાબ "અલ હસ્ફુલ્ હસન ફિલ્ કિતાબતિ અલલ કફન"માં કૃબ્રમાં શજરા શરીફ રાખવાના સંબંધ વિરોધીઓના સીના પર સંશોધનના હર્ફે આખિરની આખરી ખીલી ઠોકીને મજબૂત દલીલો તથા ઈમામોના મામૂલથી સાબિત કરી આપ્યું કે કયામત સુધી વિરોધીઓ તથા ઈન્કાર કરનારા અને તેમના ચેલા ચમચા જવાબ આપવાથી લાચાર રહેશે.

વધુ વિગત જાણવી હોય તો "અલ અતાયન્નબવિય્યહ ફિલ્ ફતાવર્રઝવિય્યહ" ભાગ–૪, પેજ–૧૨૭થી ૧૩૭નો અભ્યાસ કરી લેશો.

મેં હુઝૂર સૈયદી આકાઈ વ મૌલાઈ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના અમુક લખાણથી આ સંક્ષિપ્ત જવાબ રજૂ કર્યો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : **જમાલ મુસ્તફા કાદરી, જામિઆ અશ્રફિયા–મુબારકપુર**

અલ્ જવાબ સહીહ : **ઝિયાઉલ મુસ્તફા કાદરી અફી અન્હુ** (સદર ફતવા વિભાગ, જામિઆ અશ્રફિયા, મુબારકપુર, ૧૫–જમાદીઉલ આખર, હિ.સ. ૧૪૨૨)

–હવાલો : અહદનામા કી શરઈ હૈસિયત કિતાબમાંથી અનુવાદ.

લેખક : **હઝરત મૌલાના મુફ્તી જમાલ મુસ્તફા કાદરી** (ઉસ્તાઝ વ મુફ્તી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)

# વિશ્વશાંતિ

## કોણ સ્થાપી શકે તેમ છે ?!

આ એક સિદ્ધ થયેલી હકીકત છે કે જે દિવસે રસૂલુલ્લાહ ﷺએ એલાને નબુવ્વત ફર્માવ્યું તે દિવસથી કાફિરો, મુશ્રિકો તથા બાતિલ શક્તિઓ ઈસ્લામની વિરુદ્ધ ખડી થઈ ગઈ અને તેમણે હુઝૂર ﷺની વિરુદ્ધ તથા આપની મુકદસ (પાક) જાતમાં કમીઓ અને ખામીઓ શોધવાનું શરૂ કરી દીધું. પરંતુ પયગંબરે ઈસ્લામની બેદાગ જિંદગી આઈનાની જેમ તેમની સામે હતી, જેથી તેઓ હુઝૂર ﷺની મુબારક જિંદગીમાં કમીઓ ન કાઢી શક્યા તો તેમણે પોતાના દિલમાં સમાયેલ હસદ અને દુશ્મનીની આગ હુઝૂર ﷺને જાદૂગર અને શાઈર કહીને કાઢી.

### ઈસ્લામ વિરુદ્ધ મીડિયાનો ગલત પ્રચાર

પરંતુ માનવ ઈતિહાસમાં આજનો દોર ઘણુ જ મહત્વ ધરાવે છે, જ્યારે ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મિડિયા પોતાની પ્રગતિના ઉચ્ચ શિખરે પહોંચી ચૂકેલ છે અને તેના પર ઈસ્લામ વિરોધી તાકતોનો કબ્જો છે. આ તાકતો ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામને બદ્નામ કરવાની ભરપૂર કોશિશ કરી રહેલ છે. મિડિયાથી જોડાયેલ અન્ય ધર્મના લોકો પોતાની તાકતનો નાજાઈઝ ઉપયોગ કરી રહેલ છે અને તેના વડે ઈસ્લામ અને રસૂલે ઈસ્લામના વિરુધ્ધ જાત જાતનો કુપ્રચાર (Propaganda) અને પાયાહિન વાંધાઓને છાપવા તેમજ બતાવવામાં આવે છે, અને ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળીને સાબિત કરવા માંગે છે કે ઈસ્લામ ત્રાસવાદ અને જુલ્મો સિતમનો મઝહબ છે. ઈસ્લામ અને ત્રાસવાદ એક જ ચીજના બે નામો છે ! જ્યારે કે હકીકતને દરેક જણ જાણે છે કે ઈસ્લામ અને ત્રાસવાદ વચ્ચે કોઈપણ જાતનો સંબંધ અને તાઅલ્લુક નથી. કેમ કે **ઈસ્લામ અને ત્રાસવાદ બે વિરોધાભાસી ચીજો અને હકીકતો છે. ઈસ્લામ રહમત, સુકૂન, શાંતિ, માફી અને દરગુઝરની દા'વત આપે છે, જ્યારે ત્રાસવાદ જુલ્મો સિતમ, ફિત્ના ફસાદ, નુકસાન, તોડફોડ અને બેકુસૂર લોકોની જાન ગુમાવવાનો સબબ બને છે.**

એટલા માટે આ ફિત્નાના જમાનામાં **દરેક મુસલમાની જિમ્મેદારી** છે કે આ પાયાહિન વાંધાઓ તથા **આક્ષેપોનો પોતાના કિરદાર અને કલમ, તેમજ માલો દોલત ખર્ચ કરીને રદ કરે અને તેનો જડબાતોડ જવાબ આપે** જેનાથી આપણે એ અમાનતનો હક્ક અદા કરી શકીએ જેના આપણને અમીન બનાવવામાં આવ્યા છે. આ મકસદને લક્ષમાં રાખીને ઈસ્લામ અને રસૂલે ઈસ્લામની કેટલીક હિદાયતો જંગ અને શાંતિના સંબંધે કુર્આન હદીષની રોશનીમાં લખી રહ્યો છું, એ ઉમ્મીદની સાથે કે મુસલમાન તેનાથી ફાયદો ઉઠાવે અને અન્ય ધર્મોના અનુયાયીઓ જે ઈસ્લામની વિરુદ્ધ ગલતફહમીઓના શિકાર છે તેમની સુધારણા થઈ જાય.

### ઈસ્લામના પયગંબરે કદીયે જંગની પહેલ નથી કરી

એ વાત ઈતિહાસની રોશનીમાં સાબિત છે કે રસૂલુલ્લાહ ﷺએ કદીય જંગની શરૂઆત નથી ફર્માવી, બલ્કે હમેશાં દુશ્મનો તરફથી જંગની પહેલ થતી હતી. હુઝૂર તેના મુકાબલા (Defance)માં ફક્ત જવાબી કાર્યવાહી ફર્માવતા. અને વિજય પામતાં આપે કદીય કોઈની ઉપર જુલ્મ ન કર્યો. જેમ કે ફતહે

**લેખક : હઝરત મૌલાના કરામત રસૂલ સાહબ અઝહરી મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ કાદરિયહ્ ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

**:: અનુવાદક ::**
**મૌલાના મુહમ્મદ તૌસીફ હલદરવી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ કાદરિયહ્ ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

મક્કા અને બીજી જંગોથી સાબિત છે. જ્યારે કે અન્ય કૌમોમાં રિવાજ એ હતો કે વિજયી કૌમ પોતાના જીતેલા ઈલાકાઓ અને તેમાં રહેવાવાળાઓ પર દરેક પ્રકારના જુલ્મને જાઈઝ સમજતા. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ જંગને પણ શાંતિ સ્થાપિત કરવાનો એક ઝરીયો બનાવી દીધો હતો. કેમ કે આપને શાંતિના નિમંત્રક અને જુલ્મના ખાત્મા માટે મોકલવામાં આવ્યા હતા, જેથી આપે જંગના ઝરીયે દુનિયાને શાંતિનો પયગામ આવ્યો અને ઈન્સાનો પર થતા જુલ્મોને તેના વડે ખત્મ કર્યા. ન ફક્ત આટલું જ બલ્કે આપે મુકાબલામાં સામે આવનાર દુશ્મનોની ઈન્સાનિયત, આદમિયત, ઈજ્જત, આબરૂ તથા માલો દૌલતનો ભરપૂર લેહાઝ અને એહતેરામ ફર્માવ્યો. ઈન્સાનોને ઈન્સાનિયતની હકીકી સમજ અતા કરી અને દુનિયાની સામે ઈન્સાનિયતનો એવો સબક પેશ કર્યો જેનું ઉદાહરણ ન ભૂતકાળમાં છે ન હાલમાં જોવા મળે છે, અને ન કયામત સુધી કોઈ આપી શકે છે. અને આપ ﷺએ એટલા માટે આવું કર્યું કે ઈસ્લામ અને કુર્આનનો પયગામ તથા તા'લીમ આ જ છે. અલ્લાહ તઆલા કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે કે :–

**તર્જુમો** : "અને તમને કોઈ કૌમની અદાવત કે તેમણે તમને મસ્જિદે હરામથી રોક્યા હતા, વધુ પડતુ કરવા પ્રોત્સાહિત ન કરે, અને નેકી તથા પરહેઝગારીમાં એકબીજાની મદદ કરો. અને ગુનાહ તથા વધારે પડતાં લેવામાં આપસમાં મદદ ન આપો, અને અલ્લાહથી ડરતા રહો. બેશક ! અલ્લાહનો અઝબ સખત છે." *(સૂ. માઈદા–૨)*

## ઈસ્લામ જુલ્મ તથા દુશ્મનીની ઈજાઝત નથી આપતો !

ઉપરોક્ત આયતથી એ વાત જાહેર થઈ ગઈ કે ઈસ્લામે મુસલમાનો માટે જુલ્મો સિતમના દરવાજા બંધ કરી દીધા. મુસલમાન ન કોઈની ઉપર જુલ્મ કરી શકે છે ન તો કોઈની સાથે દુશ્મનીભર્યો વર્તાવ કરી શકે છે બલ્કે તેમના પર જુલ્મ કરવામાં આવે તો પણ અદ્લો ઈન્સાફને ફેલાવે અને દુનિયાને અમ્નો સલામતીનો પયગામ આપે. કેમ કે તેઓ અમ્નો સલામતીના નિમંત્રક છે, અને તેમના રસૂલની જિંદગી તેમની સામે છે. હુઝૂર ﷺએ હમેશાં લોકો વચ્ચે અમ્નો સલામતીને તરક્કી આપી છે, ભલેને બીજી કૌમો તરફથી તેનો જવાબ તોડફોડ અને ફસાદના વડે આપવામાં આવ્યો હોય. જેમ કે મુશરિકો ભેગા થઈને મદીના તરફ આવ્યા કે હુઝૂર ﷺ અને તેમની ઉમ્મતને દુનિયાથી ઉખાડી ફેંકે, અને યહૂદીઓએ પોતાનો કરાર એવું કહીને તોડી નાખ્યો કે અમે જંગની તાકત ધરાવીએ છીએ. ઈસ્લામની વિરુદ્ધ જંગ કરવા યહૂદીઓએ અરબના મુશરિકોને ભેગા કરી લીધા અને એટલું મોટુ લશ્કર ભેગુ કરી લીધું કે અરબ દ્વિપમાં પહેલાં આટલુ મોટુ લશ્કર કદીયે ભેગું ન હતું. હુઝૂર ﷺએ તેનો મુકાબલો એક એવા લશ્કર સાથે કર્યો જે સંખ્યા અને તૈયારીના લેહાઝથી તો ઘણુ જ નાનુ અને ઓછુ હતું પરંતુ ઈમાન અને હિંમતના એ'તબારથી ઘણુ જ અઝીમ (મહાન) હતું ! અલ્લાહ તઆલાએ મો'મિનોની આ જમાઅતની મદદ ફર્માવી અને તેમને કામયાબી અને વિજય અતા ફર્માવ્યો. પરંતુ આ મોકા પર પણ હુઝૂર ﷺએ માનવતાની કદર (માનવ અધિકાર) તથા ઈન્સાનિયતને નઝરઅંદાઝ નથી ફર્માવી, બલ્કે લડાઈના મામલામાં પણ અદ્લો ઈન્સાફથી કામ લીધું. કેમ કે આપ પર નાઝિલ થનાર કુર્આનનું ફર્માન આપના સમક્ષ હતું :

**તર્જુમો** : "અને અલ્લાહની રાહમાં લડો તેમનાથી જે તમારી સાથે લડે અને હદથી ન વધો, અલ્લાહ હદથી વધનારાઓને પસંદ નથી ફર્માવતો !" *(સૂ. બકરહ્–૧૯૦)*

**તર્જુમો** : "જો તેઓ સુલહની તરફ વળે તો તમે પણ સુલહની તરફ ઝુકો, અને અલ્લાહ પર ભરોસા કરો, બેશક ! અલ્લાહ સાંભળે અને જાણે છે." *(સૂ. અન્ફાલ–૬૧)*

ઉપરોક્ત આયતોમાં અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે તેમનાથી જંગ કરો જે તમારાથી જંગ કરે. એટલે કે મુસલમાન જંગની શરૂઆત ન કરે અને મુસલમાનોને કોઈના પર જબરદસ્તી કરવાથી

રોકવામાં આવ્યા અને જ્યારે બીજા લોકો એલાને જંગ કરી આપે તો પછી જંગનો મુકાબલો જંગથી કરવામાં આવે. અને જો સામેવાળા જંગની શરૂઆત બાદ શાંતિ અને સુલહની તરફ વળે તો મુસલમાન સુલહ માટે હાથ લંબાવી આપે, અમ્નો સલામતી કાયમ કરે કેમ કે ઈસ્લામ અમ્નનો નિમંત્રક છે.

## ઈસ્લામી લશ્કરના માટે હુઝૂર ﷺની વસિય્યતો

**તર્જુમો** : " દુશ્મનની મુલાકાતની તમન્ના ન કરો, અને તેમની મુલાકાતના વિષયમાં અલ્લાહથી ભલાઈ માંગો. અને જ્યારે દુશ્મનીમાં તમારી મુલાકાત થઈ જાય (મેદાને જંગમાં) તો સબ્રથી કામ લો." *(બુખારી-૨૯૬૬)*

આ રિવાયતથી એ વાત સાફ જાહેર થાય છે કે હુઝૂર ﷺ ન તો જંગના તાલિબ (ચાહવાવાળા) હતા, ન તો દુશ્મનથી ટકરાવ ખ્વાહિશ રાખતા હતા બલ્કે તેમનાથી મુલાકાત કરવાથી અલ્લાહથી પનાહ માંગતા હતા. જ્યારે દુશ્મનો સામે આવી જતા તો પોતાના અને મુસલમાનોના બચાવમાં જંગ માટે મજબૂર થઈ જતા. તો આપ પોતે પણ સબ્રથી કામ લેતા અને મુસ્લિમોને પણ સબ્રની તાકીદ ફર્માવતા.

બીજી એક હદીષમાં છે, હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :-

"જંગ અલ્લાહના નામથી શરૂ કરો અને અલ્લાહની રાહમાં તેના આજ્ઞાપાલનને સાચવી રાખીને જંગ શરૂ કરો. કોઈપણ જાતનો જુલ્મો સિતમ, જબરદસ્તી તથા વચનભંગ તમારાથી ન થાય. નાહક્ક કોઈનો માલ ન લો. યાદ રાખો ! જંગ દરમ્યાન બાળકોને કત્લ ન કરો." *(સુનને અબૂ દાઊદ, હદીષ નંબર-૨૭૩)*

આપે જંગની હાલતમાં પણ ઈસ્લામી મુજાહિદોને અદલો ઈન્સાફ પર જામેલા રહેવાની તાકીદ ફર્માવી. આ છે રહમતે આલમ ﷺની રહમત ભરી તા'લીમ ! જે આજે પણ દુનિયાના માટે અનોખુ અનુપમ ઉદાહરણ છે.

## સૌથી મોટા ત્રાસવાદી ઈઝરાઈલ તથા અમેરિકા

આજના જમાનામાં જ્યારે કે દુનિયાના લગભગ દેશોમાં મુસલમાનોને જુલ્મો સિતમના નિશાન બનાવવામાં આવી રહ્યા છે. મુસલમાનોને કટ્ટરવાદી તથા ત્રાસવાદી પણ કહેવામાં આવી રહ્યા છે. જ્યારે કે **હાલત એ છે કે લાશો મુસલમાનોની પડતી જોવા મળે છે, જુલ્મ મુસલમાનો પર કરવામાં આવી રહ્યા છે, વસ્તીઓ મુસલમાનોની વિરાન કરવામાં આવી રહી છે અને ત્રાસવાદી પણ મુસલમાનો કહેવાય ! આ ક્યાંનો ઈન્સાફ કહેવાય ?! જેના ઉપર જુલ્મ કરવામાં આવે તેના ઉપર જ ત્રાસવાદનો આક્ષેપ પણ લગાડવામાં આવે** ! જેનું તાજુ દષ્ટાંત આજનું પેલેસ્ટાઈન છે, જેમાં હજારો પુરૂષો તથા ઘરડાંઓને ખત્મ કરી દેવામાં આવ્યાં, કેટલાંય બાળકોને મૌતને ઘાટ ઉતારી આપ્યાં, અને દુનિયા તમાશાઈ બની જોતી રહી. ત્રાસવાદ તો આનું નામ છે ! આજના દૌરમાં **સૌથી મોટો ત્રાસવાદી** જો કોઈ છે તો તે અમેરિકાના પીઠબળ થી નભી રહેલ **ઈઝરાઈલ** છે જે મુસલમાનોનો જાની દુશ્મન બની ચૂકેલ છે, આજે જો મુસલમાનો તેની ખૂની કાર્યવાહીઓ પર રોક લગાડવા નહીં જાગે તો તે પોતાની ખ્વાહિશ પૂરી કરવા તમામ દુનિયાને તબાહી અને બરબાદીને ઘાટ ઉતારી દેશે.

## ઈસ્લામ થકી વિશ્વશાંતિ થઈ શકે

આજના દૌરમાં **દુનિયાને સુખ, શાંતિ, ચૈન, સુકૂન કોઈ આપી શકે છે તો તે** રસૂલુલ્લાહ ﷺનો લાવેલ **ઈસ્લામ જ છે** તથા તેમની રોશન તા'લીમાત તેમજ શિક્ષણ જ છે, જે હમેશાંના માટે કુર્આન અને હદીષની શક્કલમાં મેહફૂઝ કરી દેવામાં આવેલ છે. ન અમેરિકા શાંતિ દઈ શકે છે, ન તો બીજો કોઈ દેશ. જો ચૈન, સુકૂન તથા શાંતિની સાચી તલાશ છે તો પયગબંરે ઈસ્લામની બારગાહમાં આવવુ પડશે, જેમણે અમ્નો સલામતીનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું તથા ઈન્સાનિયતના લેહાઝ (માનવ અધિકારો)નો એવો નમૂનો દુનિયાની સમક્ષ પેશ કર્યો જેનું દષ્ટાંત પૂરા ઈન્સાની ઈતિહાસમાં જોવા મળતું નથી.

કાર્યાલય

# ક્રેડિટ કાર્ડની
## શરઈ હક઼ીક઼ત અને તેનો હુકમ

**ક્રેડિટ કાર્ડ** (Credit Card) એ બેંક થકી બહાર પાડેલ એક નાનો સરખો પ્રિન્ટેડ કાર્ડ હોય છે જેને દેખાડીને પર્મિટેડ દુકાન, ઓફીસ, હોટલ વગેરેથી જરૂરતનો સામાન, રહેવા માટેની સગવડો, એર ટિકિટ વગેરે હાંસલ કરવામાં આવે છે.

જે દુકાનદારને બેંક થકી આ કાર્ડ સ્વીકારવાની મંજૂરી હાંસલ થયેલ હોય છે તેની પાસે એક મશીન હોય છે જેમાં તે કાર્ડને નાખીને તેની કાર્બન કોપી કાઢે છે પછી તેના "ખરીદનારની સહી"વાળા ખાનામાં કાર્ડધારક પાસે સહી કરાવે છે અને તેને બિલની સાથે જોડીને કાર્ડ બહાર પાડનારી બેંકને મોકલે છે તો બેંકથી ડ્રાફ્ટ થકી તેને રકમ પ્રાપ્ત થઈ જાય છે. હવે કાર્ડધારકની જિમ્મેદારી એ હોય છે કે એક મહિનાની અંદર ચેક થકી અથવા રોકડા બેંકને બિલની રકમ અદા કરે. જો એક મહિનામાં પૂરી અદાયગી ન થઈ શકે તો કમસે કમ બાકી રકમના ૫% જરૂર અદા કરી આપે. આ સંજોગોમાં બાકીની ૯૫% રકમનું વ્યાજ આપવું પડશે અને સાથોસાથ "સર્વિસ ચાર્જ"ના નામ પર સો રૂપિયા દંડ પણ આપવો પડશે. કાર્ડની વાર્ષિક ફી જે Rs. ૭૫૦/– અથવા Rs. ૧૧૦૦/– છે તે તેના ઉપરાંત છે.

ક્રેડિટ કાર્ડ થકી કાર્ડ બહાર પાડનાર બેંક અથવા તેની સહાયક બેંકોથી રોકડા રૂપિયા પણ સરળતાપૂર્વક મળી જાય છે, અલ્બત્ત તેના પર દર વર્ષે વ્યાજ ચૂકવવું પડે છે.

સામાન વગેરેનું "ઉધાર બિલ" અને બેંકથી રોકડા રૂપિયા લેવામાં ફરક એ છે કે રોકડા લેવામાં જો કે વ્યાજ આપવું પડશે ભલે તેને એક મહિનાની અંદર જ અદા કરી દેવામાં આવે. પરંતુ ઉધાર ખરીદવાની સ્થિતિમાં એક મહિનાની અંદર બિલ અદા કરી દેવામાં વ્યાજ આપવું પડશે નહીં.

કાર્ડ પર કરવામાં આવનાર ખર્ચાઓ અનલિમિટેડ નથી હોતા બલ્કે પોતાની ક્ષમતા પ્રમાણે તેની એક નિશ્ચિત મર્યાદા નક્કી કરી આપે છે, દા.ત. રૂા. ૫,૦૦૦/– એ જ પ્રમાણે કાર્ડ થકી બેંકથી જે રૂપિયા લેવામાં આવે છે તેની પણ એક મર્યાદા નક્કી થાય છે, દા.ત. રૂા. ૧૦,૦૦૦/–

ક્રેડિટ કાર્ડ સિટી બેંક (City Bank) બહાર પાડે છે પરંતુ આ સહુલત લગભગ ગવર્નમેન્ટની દરેક બેંકથી એ રીતે મળી જાય છે કે તે એક ફોર્મ ભરીને સિટી બેંકને પહોંચાડે છે અને સિટી બેંક ફોર્મ મોકલનાર બેંકની તરફથી દરખાસ્ત રજૂ કરેલના નામનો કાર્ડ શરૂ કરી આપે છે જે તેને તેની બેંક થકી મળી જાય છે.

### ક્રેડિટ કાર્ડની શરઈ હક઼ીક઼ત અને તેનો હુકમ

ઉપરોક્ત વિગત પરથી એ બાબત જાહેર થઈને સામે આવી ગઈ કે બેંક કાર્ડ થકી ત્રણ પ્રકારની ફેસેલીટીઓ પૂરી પાડે છે :–

**(૧)** ઉધાર બિલની જિમ્મેદારી **(૨)** કરજ લેનારની તરફથી ઉધાર બિલની અદાયગી **(૩)** કરજ રૂપે રોકડા રૂપિયા પૂરા પાડવા. ક્રમસર દરેકનો હુકમ આ પ્રમાણે છે :–

**ઉધાર બિલની જિમ્મેદારી :** આ બાબતમાં બેંકની પાયાની કાર્યવાહી એ છે કે તે દુકાનદારના માટે તેના ઉધાર બિલને અદા કરવાની જિમ્મેદારી લે છે અને સાબિતીના રૂપે તે કાર્ડ બહાર પાડે છે તો આ મામલો આપસમાં "મુઆહેદાએ ઝમાનત" (જિમ્મેદારીનો ક઼રાર) છે અને કાર્ડ "ઝમાનતની સનદ" છે. યાદ રાખશો કે આ ઝમાનત (જિમ્મેદારી)ને ફિક઼્હની બોલીમાં "કફાલત" પણ કહેવામાં આવે છે. અને આ ક઼રાર તેના જ એક પ્રકાર "કફાલત બિલ્માલ"ના વર્તુળમાં આવે છે.

ઝમાનત શરઈ દ્દષ્ટિએ જાઈઝ છે પરંતુ આ ઝમાનત બે નાપાક શરતો પર અવલંબિત છે એટલા માટે નાજાઈઝ તથા ગુનોહ છે.

**એક** : તો એ કે કિંમત અદા કરવામાં એક મહિનો મોડુ થઈ જાય તો કાર્ડ ધારકે વ્યાજ અદા કરવું પડે છે અને વ્યાજ યકીનન હરામ તથા ગુનોહ છે.

**બીજી** : એ કે મોડુ કરવા બદલ દંડ પણ ભરવો પડે છે જે નાહક્ક્ પોતાના માલને વેડફવું છે, અને એ પણ હરામ તથા ગુનોહ છે.

અલ્બત્ત જો કોઈ શખ્સનો નિશ્ચય પાકો હોય કે તે એક મહિનાની અંદર બિલની કિંમત અવશ્ય ચૂકવી આપશે તો તે વ્યાજ આપવાની હુર્મતથી મેહફૂઝ રહેશે, પણ વ્યાજ તથા દંડની નાજાઈઝ શરત સ્વીકારવાનો ગુનોહ જરૂર તેના માથે રહેશે. હા, જો કરાર વખતે તે સ્પષ્ટતા કરી આપે કે હું એક મહિનાની અંદર બિલની કિંમત અદા કરતો રહીશ અને વ્યાજ તથા દંડની શરત મને મંજૂર નથી, અને સાથોસાથ તે એના પર અડગ રહે, તેમજ કાર્ડ પર બેંકથી રૂપિયા ન લે તો નાજાઈઝ શરત તથા કાર્યના ગુનાહથી મેહફૂઝ રહેશે. પણ શરતોની પાબંદી પબ્લિક માટે ખૂબ જ મુશ્કેલ છે. અનુભવ સાક્ષી છે કે તેઓ શરતોને પીઠ પાછળ રાખી દે છે અને હરામમાં એવી રીતે પડી જાય છે કે જાણે તેના માટે તેમને તેની ઓપન આઝાદી આપી દેવામાં આવી હોય. એટલા માટે શરીઅતનો હુકમ એ જ લાગુ પાડવામાં આવે છે કે તે મુસલમાન હરગિઝ હરગિઝ ક્રેડિટ કાર્ડની નજીક ન જાય. થોડી સરખી સહૂલત તેના થકી જરૂર મળી જાય છે પણ તેના કારણે મોટા મોટા ગુનાહોનો જે બોજ માથા પર આવે છે તે આ ટેમ્પરરી રાહતના મુકાબલામાં આખેરતની જિંદગીના માટે ઘણી જ મહાન મુસીબત છે. એક સાચો મુસલમાન તેને કદી પણ માન્ય કરી શકશે નહીં કે દુનિયાની સામાન્ય સરખી સરળતા માટે આખેરતની મહાન પરેશાની વહોરી લેવામાં આવે અને બારગાહે ખુદાવંદીમાં શર્મિંદા થવું પડે.

## મુસ્લિમ વેપારી કાર્ડ સ્વીકારે કે નહીં ?!

ઈજાઝત (પરમિશન) પામેલા વેપારીની હેસિયત "મકફૂલ લહૂ" (જેના માટે ઝમાનત લેવામાં આવે)ની છે જેણે બેંકથી કાર્ડ સ્વીકારવાની ઈજાઝત મેળવીને તેને કફીલ બનાવ્યો, અને બેંકની કફાલત જ્યારે વ્યાજ તથા દંડની નાજાઈઝ શરતોને આધિન છે તો તેને કફીલ બનાવવો અથવા કફીલ બનવાની ઈજાઝત આપવી એ નાજાઈઝ શરતોથી રાજી થવું છે, એટલા માટે આ ઝમાનત વેપારીના માટે પણ નાજાઈઝ છે. હા, આજકાલના ગૈર મુસ્લિમો માટે વ્યાજના હુકમો લાગુ થતા નથી જેથી જો તેઓ ખરીદવા ચાહે તો મુસ્લિમ વેપારી તેમના કાર્ડ સ્વીકારી શકે છે.

## કરજ લેનારના તરફથી ઉધાર બિલની ચૂકવણી

બેંકનું બીજુ કાર્ય એ છે કે તે આપસમાં કરાર થયા મુજબ કાર્ડધારક પાસેથી રૂપિયા વસૂલ કરે છે, તેના બિલની ચૂકવણી કરે છે, તેમજ તેનો હિસાબ કિતાબ રાખે છે અને પોતાની આ ખિદમતના બદલામાં વાર્ષિક તેની પાસેથી ૭૫૦/– રૂા. અથવા ૧૧૦૦/– રૂા. ફી લે છે. આ ફી હકીકતમાં બેંકના કામની મજૂરી છે જેનું લેવું આપવું શરીઅતની રૂએ જાઈઝ છે, પણ અહીં પણ તે જ વ્યાજ તથા દંડની ખરાબી સંકળાયેલી છે કે બેંકની આ સર્વ સેવાઓ તેની "ઝમાનત"ના હેઠળ છે અને તેને "ઝામિન" બનાવવું વ્યાજ તથા દંડની શરતના કારણે નાજાઈઝ છે.

## ઉધાર રકમ મેળવવું

કાર્ડ થકી જરૂરતના સમયે રૂપિયા પણ વસૂલ કરવામાં આવે છે એની હેસિયત બેંકથી કરજ લેવા જેમ છે એટલા માટે બેંક એના પર આવશ્યકપણે વ્યાજ લે છે તો આ સહૂલત પણ વ્યાજની તબાહીના કારણે "નાજાઈઝ" છે.

સારાંશ એ કે ક્રેડિટ કાર્ડની ચાલી રહેલી પદ્ધતિ ગમે તેમ પણ નાજાઈઝ તથા ગુનોહ છે જેથી તેનાથી બચવું વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઈસ્લામ ઔર જદીદ બેંકકારી, અઝ : મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી–મુબારકપુર)*

ર....જૂ....ક....ર્તા....

# વહાબીઓ સાથે નિકાહ

## શા માટે નહીં ?!

**મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગ઼ૌષે આ'ઝમ, પોરબંદર)*

**લેખ હરીફાઈમાં**
**પ્રથમ આવનાર લેખ.....**

પ્યારા દીની ભાઈઓ ! આપણે અલ્લાહ તેમજ અલ્લાહ પાકના મહબૂબ બંદાઓ નબી વલીના ચાહકો છીએ જેથી આપણા સગાંઓ પણ એવાં જ હોય તે બાબતે ખાસ ધ્યાન રાખવું જોઈએ અને કોઈનાથી નિકાહ કરતા પહેલાં તેમનો દીન શું છે ? અક઼ીદા શું છે ? કયા ફ઼િર્ક઼ાથી તેઓ સંબંધિત છે ? તેની સૌ પ્રથમ પાકી તપાસ કરવી જોઈએ પછી સંબંધનો હાથ ફેલાવવો જોઈએ. આવો ! વહાબી દેવબંદીઓનો ધર્મ કયો છે ? તેમણે અલ્લાહ તઆલા અને હુઝૂર ﷺ અને અવલિયાએ કિરામ અને બુઝુર્ગા દીનની શું ગુસ્તાખીઓ કરી છે તે હું તમારી સમક્ષ તેમના જ મુલ્લાઓની કિતાબોમાંથી હવાલા સાથે રજૂ કરું છું :–

### શાદી પહેલાં સામા પક્ષનો દીન ચકાશો !

હઝરત આદમ علیہ السلામથી આજ સુધી મુસલમાનોનો અક઼ીદો છે કે અલ્લાહ તબારક વ તઆલા દરેક ઐબથી પાક છે, તે જૂઠુ બોલે તે મુહાલ (અશક્ય) છે પણ આ વહાબીઓએ એક એવો અક઼ીદો ઘડી લીધો છે કે જેનાથી તેઓ ઈસ્લામમાંથી બહાર થઈ જાય છે. તેમના જ મોટા મૌલાના જેને વહાબી લોકો પોતાના વડા માને છે તે પોતાની કિતાબમાં લખે છે કે, "અલ્લાહ તઆલા જૂઠુ બોલી શકે છે." *(બરાહીને ક઼ાતિઆ, લેખક : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, પેજ–૬ અને ૭)*

અને પછી તેમના બીજા વડા મોલ્વી ક઼ાસિમ નાનોત્વી જેમણે એહલે સુન્નત વ જમાઅતનો એક અક઼ીદો એટલે કે સરવરે કૌનેન ﷺ આખરી નબી છે અને આપના પછી કોઈ નબી નહીં આવે, એને વિખેરી નાખ્યો અને પોતાની કિતાબમાં લખી નાખ્યું કે :–

"જો એ જ પ્રમાણે માની લેવામાં કે નબીના જમાના પછી કોઈ નબી પેદા થાય તો પણ ખાતમિયતે મુહમ્મદીમાં (હુઝૂરના આખરી નબી હોવામાં) કાંઈ ફરક નહીં આવે, ભલે પછી આપના જ જમાનામાં કોઈ બીજી જમીનમાં અથવા માની લો એ જ જમીન પર કોઈ બીજો નબી બનાવી લેવામાં આવે." *(તહઝીરુન્નાસ, લેખક : મોલ્વી ક઼ાસિમ નાનોત્વી, પેજ–૨૫)*

એવી રીતે આપણા સૌ સુન્નીઓનો અક઼ીદો છે કે આપણા હુઝૂર ﷺ ઈલ્મે ગૈબ જાણનાર છે અને અલ્લાહ તઆલાએ આપને ઈલ્મે ગૈબ અતા કર્યો છે પણ આ વહાબી જમાત એવો અક઼ીદો ધરાવે છે કે :

"અને આ અક઼ીદો રાખવો કે આપને ઈલ્મે ગૈબ હતું ખુલ્લમ ખુલ્લા શિર્ક છે." *(ફ઼તાવા રશીદિય્યા, લેખક : મોલ્વી રશીદ અહમદ ગંગોહી, પેજ–૧૦૩)*

અને તેમના જ એક મૌલાના જેને વહાબીઓ મુજદ્દિદ તથા હકીમુલ ઉમ્મત કહે છે તે લખે છે :–

"જેવું ઈલ્મે ગૈબ હુઝૂરને છે તેવું ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમર, બલ્કે દરેક નાના બાળક અને પાગલ, બલ્કે બધાં જાનવરો અને ચોપગાંઓને માટે પણ છે." *(હિફ઼ઝુલ્ ઈમાન, લેખક : મોલ્વી અશરફ અલી થાનવી, પેજ–૧૫)*

અને મોહર્રમમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનું ઝિક્ર કરવું, સબીલ લગાડવી, શરબત પીવડાવવું અને ચંદો સબીલમાં આપવો આ બધું વહાબી જમાતમાં નાજાઈઝ છે પણ હોળી દિવાળીની પુરી, લાડુ ખાવા જાઈઝ છે ! તેવું તેમના જ મૌલાના રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબમાં લખે છે :–

"મોહર્રમમાં ઝિક્રે શહાદતે ઈમામ હુસૈન કરવું,

સબીલ લગાડવી, શરબત પીવડાવવું અને તેના માટે ચંદો કરવો હરામ છે."

અને એ જ કિતાબમાં બીજી જગ્યાએ લખે છે :–

"હોળી દિવાળીની પુરી કચોરી, મમરા ખાવા જાઈઝ છે." *(ફતાવા રશીદિયા, લેખક : મોલ્વી રશીદ અહમદ ગંગોહી, પેજ–૧૧૪ અને ૫જ ૪૮૮)*

અને દર વર્ષે કાઢવામાં આવતું હુઝૂર ﷺની વિલાદતની ખુશીનું જુલૂસ અને નઅતની, બયાનની મેહફિલો સજાવવી વગેરેને પણ વહાબી જમાત નાજાઈઝ કહે છે.

"મજલિસે મીલાદ દરેક હાલતમાં નાજાઈઝ છે." *(ફતાવા રશીદિયા, પેજ–૧૩૦)*

અને તેમના એકબીજા વડા શું કહે છે તે જુઓ :–

"આ દર વર્ષે વિલાદતે રસૂલ ﷺ મનાવવી હિંદુઓની જેમ કનૈયાનો જન્મ દિવસ મનાવવા જેવું છે." *(બરાહીને કાતેઆ, લેખક : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, પેજ–૧૦૨)*

આવી જ રીતે કોઈ અલ્લાહના વલીને દૂરથી પુકારે તે પણ વહાબી જમાત નજીક શિર્ક છે. (મઆઝલ્લાહ !) તેમના એક મૌલાના લખે છે :–

"કોઈને દૂરથી પુકારવું અને એવું સમજવું કે તેને ખબર પડી ગઈ તો તે શિર્ક છે." *(બહિશ્તી ઝેવર, મોલ્વી અશરફ અલી થાનવી, પેજ–૩૪)*

અને પછી મોલ્વી રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબ ફતાવા રશીદિયા, પેજ–૬૨ પર લખે છે કે :

"યા રસૂલલ્લાહ ! ﷺ કહેવું પણ નાજાઈઝ છે અને જો એવી માન્યતા રાખીને કહે કે તેઓ દૂરથી સાંભળે છે ઈલ્મે ગૈબ હોવાને લીધે તો તે (યા રસૂલલ્લાહ !) કહેનાર કાફિર છે."

અને મર્હૂમોના ઈસાલે સવાબ માટે અપાતા ફાતેહાને પણ વહાબી જમાત બિદઅત અને નાજાઈઝ કહે છે. લખે છે :–

ફાતેહા પઢવું મીઠાઈ અથવા તો કોઈ ખાવાની વસ્તુ પર તો તે બિદઅતે ઝલાલત (ગુમરાહ કરનાર કામ) છે હરગિઝ ન કરવું જોઈએ. *(ફતાવા રશીદિયા, પેજ–૧૫૪)*

પ્યારા સુન્ની મુસલમાનો ! આ હતા કેટલાક વહાબી જમાઅતના અક઼ીદાઓ કે જેને લીધે તેઓ કાફિર છે અને હરમૈન શરીફૈન તથા હિંદ તથા પાક. વગેરે દેશોના ઉલમાએ તેમને કાફિર જાહેર કર્યા અને એટલે સુધી ફર્માવ્યું કે જે તેઓના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે. *(હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)*

શાંતિથી ઉપરોક્ત લખાણ ફરીથી વાંચો અને વિચારો કે આવા અક઼ીદા ધરાવનાર અથવા જાણવા છતાં એવા અક઼ીદાવાળાને પેશવા બલ્કે કેવળ મુસલમાન જ માનનાર જાલિમ છે કે નહીં ?!

## બદ્દમઝહબોથી શાદી વહેવાર કુર્આનની રોશનીમાં

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"અને જાલિમોની તરફ ન જાવ, નહીંતર આગ તમને અડકી જશે."

આની તફસીરમાં હઝરત ક઼તાદાએ કહ્યું કે મુશ્રિકો (બદ્દમઝહબો, વહાબી, દેવબંદી વગેરે) સાથે મેળ મિલાપ ન રાખો. *(કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન, પા. ૧૨, સૂ. હૂદ, આ. ૧૧૩)*

અને બીજી આયતમાં જાલિમો સાથે ન બેસવા માટેની તાકિદ ફર્માવે છે :–

"અને જો ક્યાંક તને શૈતાન ભૂલાવી આપે તો યાદ આવતાં જાલિમો પાસે ન બેસ." *(કન્ઝુલ ઈમાન, સૂ. અન્આમ, આ. ૬૮)*

અને બીજી આયતમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"ન આ (મુસલમાન સ્ત્રીઓ) તેમને (કાફિરોને) હલાલ અને ન તેઓ (કાફિર પુરૂષો) આ (મુસલમાન સ્ત્રીઓ માટે હલાલ." *(કન્ઝુલ ઈમાન, સૂ. મુમ્તહેના, આ. ૧૦)*

ઉપર લખેલી આયતોથી સાબિત થયું કે કાફિરો, બદ્દમઝહબો, વહાબી, દેવબંદી વગેરે સાથે નિકાહ કરવા, બેસવું, ખાવું, પીવું, બોલચાલ, વ્યવહાર વગેરે રાખવું નાજાઈઝ અને હરામ છે.

## બદ્‌મઝહબોથી શાદી વહેવાર હદીષની રોશનીમાં

**૧.** હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, ''જો બદ્‌મઝહબ (વહાબી, દેવબંદી વગેરે) બીમાર પડે તો તેની ઈયાદત (બીમારપુર્સી) માટે ન જાવ, જો મરી જાય તો તેના જનાઝામાં દાખલ ન થાવ, તેમનાથી મેળાપ થાય તો સલામ ન કરો, તેઓની સાથે ન બેસો, તેઓની સાથે પાણી ન પીઓ, તેઓની સાથે ખાવાનું ન ખાવ, તેઓની સાથે નિકાહ ન કરો, તેઓની જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.'' *(બદ્‌મઝહબોસે રિશ્તે, પેજ–૯, મુસ્લિમ શરીફ)*

**૨.** અલ્લાહ પ્યારા રસૂલ ﷺ ઈર્શાદ ફર્માવે છે : ''તેમના (બદ્‌મઝહબો વહાબી, દેવબંદી)થી દૂર રહો અને તેઓને પોતાનાથી દૂર રાખો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી દે, ક્યાંક તમને ફિત્નામાં ન નાખી દે.'' *(મુસ્લિમ શરીફ)*

**૩.** બદ્‌મઝહબો (વહાબી, દેવબંદી)ની પાસે ન બેસો, તેઓની સાથે પાણી ન પીઓ, ખાવાનું ન ખાવ, તેઓથી નિકાહ ન કરો. *(ફતાવા રઝવિય્યહ, જિ. ૫)*

## બદ્‌મઝહબોથી દૂર રહેવા ગૌષે આ'ઝમની તાકીદ

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે, બદમઝહબોની પાસે ન બેસો, એમની નજીક ન જાવ, અને તેઓની ઈદો અને ખુશીના પ્રસંગોમાં તેઓને મુબારકબાદ ન આપો, અને મૃત્યુ પામે તો તેમની જનાઝાની નમાઝ ન પઢો, એમની વાત આવે તો તેમના માટે દુઆએ રહમત ન કરો બલ્કે એનાથી દૂર રહો અને અલ્લાહ તઆલાના લીધે એમનાથી દુશ્મની રાખો એ એ'તેકાદ સાથે કે તેઓનો મઝહબ બાતિલ જૂઠો છે અને એમનાથી જુદાઈમાં ષવાબે અઝીમની અલ્લાહ તઆલાથી મજબૂત ઉમ્મીદ રાખો. અને ફુઝૈલ બિન અયાઝ رضی اللہ عنہ ફર્માવે છે, જે કોઈ બદ્‌મઝહબથી મહોબ્બત રાખે તેના અમલોને અલ્લાહ તઆલા છીનવી લે છે અને તેના અમલોને ભૂંસી નાખે છે અને બદ્‌મઝહબથી દુશ્મની, અદાવત રાખવાથી અલ્લાહ તબારક વ તઆલા તેના ગુનાઓને મિટાવી દે છે અને જયારે કોઈ બદ્‌મઝહબને રસ્તામાં આવતાં જુઓ તો તમે લોકો બીજો રસ્તો પકડી લો. *(ગુન્યતુત્તાલિબીન, અરબઈને શિદ્દત, લેખક : મહબૂબ અલીખાં رحمۃ اللہ علیہ, પેજ–૫૩)*

પ્યારા દીની ભાઈઓ ! તમારા દિલમાં અલ્લાહ, રસૂલ તથા ગૌષ પાકની મહબ્બત જીવંત છે તો વિચારો કે બદ્‌મઝહબોથી સગાઈ, દોસ્તી વહેવાર, શાદી વગેરે કરવાથી સૌએ આપણને રોકયા છે જેથી આપણે આખેરતની ભલાઈ ચાહતા હોઈએ તો આ બાબતે સાવધાન થઈ જવું જોઈએ. અને આવો હવે એ જ કુર્આન હદીષના હુકમોને અનુસરીને ઉલમાએ અહલે સુન્નતે બદ્‌મઝહબો સાથે સગાઈ સંબંધથી દૂર રહેવા શું તાકીદ કરી છે તે જોઈ લો.

## વહાબીથી શાદી સંબંધે ઉલમાના હુકમો

હુઝૂર આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એક ફતવાના જવાબમાં લખે છે કે :–

''વહાબી હોય કે રાફઝી જે પણ બદ્‌મઝહબ અક઼ાઈદે કુફ્રિયા રાખે છે જેવી રીતે કે નબીએ કરીમ ﷺ છેલ્લા નબી છે તેનું ઈન્કાર કરવું, કુર્આનને અપૂર્ણ માનવું, તો આ લોકો સાથે નિકાહ બધા જ મુસલમાનોના ઈજમાઅ સાથે તદ્દન બાતિલ અને ફક્ત ઝિના છે.'' *(ઈઝાલતુલ–લ–આરિ બિહજરિ–લ–કરાઈમિ અને કલાબિન્નારિ, લેખક ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી, પેજ–૧૩)*

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએક ફતાવામાં લખે છે : ''કોઈ પણ મુસલમાનના નિકાહ, કોઈપણ કાફિર સાથે જાઈઝ નથી. અને મુર્તદનો નિકાહ તો દુનિયામાં કોઈની સાથે નથી થઈ શકતો (ચાર લીટી પછી) કાદયાની અને રાફઝી અને વહાબી મુક઼લ્લિદ હોય કે ગૈર મુક઼લ્લિદ હોય મુર્તદીન છે. આ બધાએ અલ્લાહની શાનમાં અને અંબિયા વ મુરસલીનની શાનમાં ગુસ્તાખી કરી છે જે એમની કિતાબોથી જાહેર છે. *(ફતાવા મુસ્તફવિયા, પેજ–૩૨૧)*

મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ એક પ્રશ્નના જવાબમાં લખે છે :–

''દેવબંદી (વહાબી) સાથે સુન્ની છોકરા કે છોકરીના નિકાહ થતા જ નથી. આલમગીરી, ભાગ–૧, પેજ–૨૬૩માં છે : (અર્થ) : મુર્તદના નિકાહ મુર્તદા સ્ત્રી, મુસ્લિમ સ્ત્રી તથા અસલી કાફિર સ્ત્રી સાથે જાઈઝ નથી, એવી જ રીતે મુર્તદા સ્ત્રીનો નિકાહ મુર્તદ તથા મુસ્લિમ અસલી કાફિર પુરૂષ સાથે જાઈઝ નથી. એ જ પ્રમાણે મબસૂતમાં છે. અને વહાબિયત સ્પષ્ટ મુર્તદપણુ (ઈર્તેદાદ) છે જેથી જેના અકીદા વહાબી દેવબંદી મોલ્વીઓ જેવા હોય અથવા તેના કુફ્રી અકીદા જાણવા છતાં તે મોલ્વીઓને મુસલમાન જાણે તેવા છોકરા કે છોકરીના નિકાહ કોઈની સાથે થતા નથી, જે થશે તે હરામકારી થશે.'' *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, લેખક મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ)*

હે સુન્નીઓ ! જ્યારે તમે તેમના અકીદા, જોયા, તેમના પર કુર્આન, હદીષના, ગૌષ પાક તથા અન્ય ઉલમાના ફત્વા જોયા તો હવે કઈ દલીલ તમારી પાસે છે કે વહાબી અકીદાવાળા સાથે શાદી કરી શકાય ? અને એ કહેવાતા નિકાહ બાકી ગણાશે, એ વ્યભિચાર નહીં ગણાય ?!

## વહાબીઓની સાથે નિકાહ કરવાથી થતાં નુકસાનો

★ વહાબીથી નિકાહ કરવામાં સૌથી મોટુ નુકસાન હોય તો એ છે ઈમાનનું નુકસાન ! કે ભોળા અને સાદા સુન્ની મુસલમાન સ્ત્રી પુરૂષ જતા દહાડે પોતાના ઈમાનથી હાથ ધોઈ બેસે છે અથવા ઢીલાઢાલા મુઝબઝબ સુન્ની રહી જાય છે. ઈલ્લામાશા અલ્લાહ !

★ આજે મોટા ભાગનાં ઘરોમાં જોવા મળે છે કે પુરૂષ હાકિમ નહીં પણ સ્ત્રીઓ હાકિમ બની ગઈ છે ! જો વહાબી સ્ત્રી નિકાહ કરી સુન્ની મુસલમાનના ઘરે આવે તો તેના આવવાથી પહેલાં જે ઘરમાં મીલાદની મેહફિલ, હુઝૂર ગૌષ પાકની નિયાઝો, પોતાના મર્હૂમના નામ પર આપવામાં આવતા ફાતેહા, હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની નિયાઝ, શરબતના ફાતેહા વગેરે સારાં સારાં કામો થતાં હતાં, અને જો સ્ત્રી તે ઘરની હાકિમ બની ગઈ તો પછી મીલાદની મેહફિલ બંધ ! હુઝૂર ગૌષ પાકની નિયાઝો બંધ !, પોતાનાં મર્હૂમોના નામ પર આપવામાં આવતા ફાતેહા બંધ ! હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની નિયાઝ, શરબત પીવડાવવું, સબીલ લગાડવી વગેરે બંધ ! તેમ કરીને જે ઘર સુન્ની માહોલમાં હતું તે ઘર તે વહાબી નારી, નારીના આવવાથી થઈ ગયું બીજું દેવબંદ ! બાળકોને વહાબી મદરસે પઢવા મોકલશે જેથી જતા દિવસે સુન્નિયતનો તે ઘરેથી જનાઝો જ નીકળી જાય છે ! અને ભાઈનું કાંઈ ચાલશે નહીં !

★ વહાબીથી નિકાહ કરવાથી દુનિયા અને આખેરત બંનેવ ખરાબ થઈ જાય છે અને દોઝખના દર્દનાક અઝાબો તેને આપવામાં આવે છે જેવી રીતે કે કુર્આનની આયતમાં પસાર થયું. *(જુઓ પા. ૧૨, આ. ૧૧૩, સૂ. હૂદ)*

★ વહાબીથી નિકાહ કરવાથી અલ્લાહ અને તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمની લા'નત વરસે છે અને તે (નિકાહ કરનાર સ્ત્રી પુરૂષ) અલ્લાહના ગઝબમાં રહે છે.

★ વહાબીથી નિકાહ કરવાથી તેમના સગાં સંબંધીઓ સાથે ઉઠક બેઠક વ્યવહાર વગેરે કરવા પડે છે, તેમની દા'વતો કરવી પડે છે તથા તેમની દા'વતો મુરદાર ગોશ્ત સાથે ખાવી પડે છે ! જ્યારે કે તેઓની પાસે બેસવાની બલ્કે તેઓથી દૂર રહેવાની તાકીદ કુર્આન હદીષમાં ફર્માવવામાં આવી, આમ ન કરવાથી અલ્લાહ عزوجل તથા રસૂલ صلی اللہ علیہ وسلمની નાફર્માની થશે અને એમની નાફર્માની કરવી પોતાને દોઝખના મુસ્તહિક઼ બનાવવું છે.

★ વહાબીથી નિકાહ કરવાથી જે સંભોગ થશે તે જાઈઝ નહીં પણ નાજાઈઝ અને હરામ અને તદ્દન ઝિના થશે અને તેનાથી જે બાળકો પેદા થશે તે હરામી થશે. અને તે પણ વહાબી બનશે અને પછી તેનાથી વહાબિયત આગળ વધશે અને તેનો ગુનોહ તે નિકાહ કરનાર તથા કરાવનારાઓ પર થશે.

પેજ નં. ૦૨ નું ચાલુ...

## ઉલમા, પીરો તથા પબ્લિકની જિમ્મેદારી

અફસોસ ! આજે ઘણા જાહિલ પીરો કહી દે છે, "વહાબી–સુન્ની આ બધા મોલ્વીઓના ઝઘડા છે ! બુઝુર્ગોને એનાથી કોઈ લેવાદેવા નથી !" વળી કહી આપે છે કે "છોકરી લાવવામાં વાંધો નથી ! આપણે ત્યાં લાવી સુન્ની કરી દઈશું !..... વગેરે." તો શું ઉપરોક્ત કુર્આન, હદીષના હુકમો, ગૌષ પાક رضي الله عنه તથા ઉલમાએ એહલે સુન્નતના ફત્વા ગલત છે ? અને આ બનાવટી પીરની વાત સાચી ?! માટે એવા અજ્ઞાનીઓની વાતોને ધ્યાનમાં ન લેવી અને એવાથી દૂર રહેવું જોઈએ. વળી ઘણા મોલ્વીઓ પણ જરાય પરવા કર્યા વિના બલ્કે જાણવા છતાં વહાબીઓની સાથે શાદી કરનાર સુન્નીના નિકાહ પઢાવી દે છે ! તો એઓ પણ શરીઅતના હુકમોનો અભ્યાસ કરે, ખુદાથી ડરે અને તૌબા કરી જે તે નિકાહ કર્યા તેને ફોગ હોવાનું એલાન કરે અને મળેલ નઝરાણા પરત કરે, એ જ શરીઅતનો હુકમ છે. *(જુઓ કુતુબે ફિક્હ)*

વળી આજકાલ મોટા ભાગે મુરીદોનો એ હાલ જોવા મળે છે કે પીરના હુકમને આંખો મીંચીને માની લે છે ચાહે તે કુર્આન હદીષ વિરુદ્ધ કેમ ન હોય ! તો આવા સમયે પીરોએ પોતાના મુરીદોને સતત તાકીદ કરતા રહેવું અને શરીઅતના હુકમાનુસાર બદ્મઝહબોથી દૂર રહેવા, શાદી, સગાઈ દોસ્તી વહેવારથી બચવા તાકીદ કરતા રહેવું તથા ઉલમાએ પણ પોતાના બયાનોમાં કુર્આન, હદીષની દલીલોથી સરળ ભાષામાં સમજમાં આવે તેવાં બયાનો કરી વહાબી દેવબંદી વગેરે બદ્મઝહબોથી શાદી વહેવાર ન કરવા સમજાવતા રહેવું અને પબ્લિકે પણ જાગૃત રહી આવું કરનારને સમજાવવું અને ન માને તેનો બોયકોટ કરવો, તેમની શાદીમાં કદી ન જવું. આજે શાદીમાં જનારા પૂછતાય નથી કે કોણ કોની સાથે પરણે છે ?! જેથી સમાજના સુન્ની આગેવાનોએ આ બાબતે જદોજેહદ કરી સુન્ની સમાજનું બંધારણ એ પ્રમાણે બનાવવું કે બદ્મઝહબ સાથે શાદી કરનારનો બહિષ્કાર કરવામાં આવે.

નથી." તો આ વાક્ય કુર્આનની આયતોનો ખુલ્લો ઈન્કાર છે ! કુર્આને પાકમાં આખી માનવ જાતને સંબોધીને મુહમ્મદ પયગંબર (ﷺ) કહે છે :–

**"અય લોકો ! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ (પયંગબર) છું** કે આકાશો અને ધરતીનું રાજય તેનું જ છે......."*(સૂરએ અઅ્રાફ, આયત–૧૫૮, પારા–૯)* બીજી આયતમાં છે : "મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, **હા ! અલ્લાહના રસૂલ (પયગંબર)** છે અને સૌ નબીઓમાં અંતિમ. અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે." *(સૂરએ અહઝાબ, આયત–૪૦, પારા–૨૨)*

હદીષમાં છે : **"હું એ વખતે પણ નબી (પયંગબર) હતો** જ્યારે હઝરત આદમ માટી તથા પાણી વચ્ચે હતા." *(આમ કુતુબે અહાદીષ)*

આ ઉઘાડી કુર્આની આયતો જે મુહમ્મદ પયગંબર ﷺ પર જ નાઝિલ થઈ અને આપે જાતે પોતે રસૂલ હોવાનું એલાન કર્યું એ દર્શાવે છે. હવે ડો. દેસાઈના લખાણમાં આ કુર્આની આયતોનો સ્પષ્ટ ઈન્કાર છે અને કુર્આનની કોઈ આયતનો ઈન્કાર કરવો કે તેને જૂઠલાવવું એ ઈસ્લામના વર્તુળથી બહાર થવું છે. જેથી ડો. દેસાઈ પર આ બાબતે તૌબા લાઝિમ થાય છે. તેમજ મુહમ્મદ ﷺ જાતે કોઈને ઈસ્લામમાં દાખલ થનારને કલ્મો પઢવા કહેતા હતા જેનો અર્થ છે, "હું ગવાહી આપું છું કે અલ્લાહ એક છે અને ગવાહી આપુ છું કે **મુહમ્મદ અલ્લાહના બંદા તથા પયગંબર છે."**

તો કાંઈક નવુ લખવાના ઉમંગમાં તરંગોમાં રાચીને વાસ્તવિક્તા ભૂલીને ઈસ્લામની મર્યાદાઓનો ભંગ ન થવો જોઈએ. આટલુ જાણ્યા બાદ ડો. દેસાઈ કુર્આનને માનતા હોય તો તૌબા જાહેર કરે. અમો સૌ મુસ્લિમો વતી "દિવ્ય ભાસ્કર"ના તથા એવાં વર્તમાન પત્રોના એવા લેખો સામે ઉગ્ર વિરોધ નોંધાવીએ છીએ જે ઈસ્લામના મહાન પયગંબરની શાનમાં બેઅદબીથી ભરપૂર છે અને કુર્આન તથા હદીષના આદેશોની વિરુદ્ધ તથા મુસ્લિમ જાતિના માન વિરૂદ્ધ લખાતા હોય છે. મુસલમાનો આની સામે જાગૃત થાય અને આવુ લખનારાઓ પાસે જવાબ માંગે અને તેમને હક્ક સમજાવી તૌબા કરવા તથા માફી માંગવા મજબૂર કરે !

# બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### ★ કિતાબો મફત મંગાવો ★

★ અવ્વલ મંઝિલ ★ અબૂલ હસન ખિર્કાની رحمۃ اللہ علیہ ★ મુસલમાનો ! હક્ક બાતિલને ઓળખો ! ★ કા'બા શરીફનું ગુસ્લ ★ અઝાનની ફઝીલત

**પ્રકાશક** : સુન્ની યંગ મુસ્લિમ કમિટી, ઠે. દરગાહ પાછળ, પઠાણ કોમ્પલેક્ષ પાછળ, મુા. પાલેજ, તા. જિ. ભરૂચ, પીન. ૩૯૨૨૨૦

### ★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી કિતાબો મંગાવો ★

★ મઝહબી માલૂમાત ★ વહાબી તેહરીક ઔર અંગ્રેઝ સાઝિશ કી તારીખી દાસ્તાન ★ આસાન નમાઝ અને તરીકાએ ફાતિહા

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વાટર્ર નં. ૯૧/ડી, મુા.પો. હાપા. જિ. જામનગર

### ★ કિલ્લાપારડીમાં મીલાદુન્નબી ﷺનું જુલૂસ ★

**કિલ્લાપારડી** : મુકામે તા. ૧૦–૩–૨૦૦૯ના રોજ સવારે નવ વાગ્યે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવાના ભાગ રૂપે શાનદાર જુલૂસમાં મકામી ઉલમા તથા સુન્ની ભાઈઓ આ'લા હઝરતના કલામ પઢતા પઢતા સુન્ની જુમ્આ મસ્જિદેથી નીકળી ચીવલ રોડ થઈ હઝરત ચાંદશાહ વલી رحمۃ اللہ علیہના મઝાર પર પહોંચ્યા ત્યાં ફાતેહા ખ્વાની થઈ ફરી પરત મસ્જિદે તશરીફ લાવ્યા જયાં બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી.

*(રજૂ. ઈમ્યિતાઝ ડી. બાલા–કિલ્લાપારડી)*

### ★ વલણમાં જશ્ને શહીદે આ'ઝમ ★

વલણ : મુકામે તા. ૨૦–૧–૨૦૦૯ મંગળવારે ઈશા બાદ જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમના સુનેહરી અવસરે હઝરત પીર સદરુદ્દીનબાવા رحمۃ اللہ علیہના આસ્તાના પર સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા હઝરત મૌલાના હસન અશરફી હલદરવીની સદાતરમાં યોજાયો જેમાં મૌલાના સાહબે કર્બલાના વિષયને લક્ષમાં રાખી શાનદાર બયાન કર્યું ત્યારબાદ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મુહમ્મદ ઈમ્તિયાઝ ભીંવડીવાળાએ શહાદતે ઈમામે હુસૈન رضی اللہ عنہ પર પુર અસર બયાન કર્યું તથા હુઝૂરે મુફતીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہની શાનમાં પણ ઈમાન અફરોઝ વાતો સમજાવી અવામને ઈમામે હુસૈનથી સાચી મહોબ્બત કેળવવા સમજાવ્યું હતું. તેમજ ૧૪–૩–૨૦૦૯ શનિવારે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺના મોકા પર મોટી સેલારવાડીમાં જનાબ ખાલિદ રઝા સાહબે નઅત પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. *(રજૂ. મુહમ્મદ એ. સેલાર BBA–વલણ)*

### ★ બોડેલીમાં જશ્ને ઈમામ અહમદ રઝા ★

**બોડેલી** : દારુલ ઉલૂમ ફૈઝે અહમદ રઝા ખાતે પીરે તરીકત હઝરત સૈયદ મુબીનુદ્દીનબાવા અલ્વીયુલ હુસૈની (ખંભાત)ની સદારતમાં તા. ૧૭–૨–૨૦૦૯ના રોજ "જશ્ને ઈમામ અહમદ રઝા" رحمۃ اللہ علیہ શાનો શૌકતથી મનાવાયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે શાને આ'લા હઝરતમાં લાજવાબ બયાન કર્યું હતું.

**વડોદરા** : જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે "સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા શાખા" તરફથી વિવિધ સ્થળોએ ૧૨ ઈજતેમાઓ યોજાયા જેમાં જનાબ મુહમ્મદ આસિફ રઝા (મુબલ્લિગ સૂરત), મૌલાના અશરફ સાહબ (મુદર્રિસ બરકાતે ખ્વાજા–આમોદ), હાફિઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, મુહમ્મદ ઝહૂર રઝા (સૂરત), મુહમ્મદ ઈમ્તિયાઝ ભીવંડીવાળા (મુબલ્લિગ–આમોદ), મુહમ્મદ ઉસ્માન (વડોદરા).... વગેરેના નઅત, બયાન વગેરેના શાનદાર પ્રોગ્રામો થયા હતા.

*–રજૂકર્તા : નિગરાં : SDI સુલ્તાન રઝા (વડોદરા)*

**બાલાસિનોર** : થી જનાબ હાફેઝ મુહમ્મદ સાંપાવાળા અશરફી જણાવે છે તેમને ૩–૪–૨૦૦૯ના રોજ જુમ્આના દિવસે શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મદનીમિયાં સાહબે ખિલાફતથી નવાજ્યા છે. મુબારકબાદ ! *–તંત્રી*

### ★ દયાદરામાં જશ્ને ગૌષે આ'ઝમ ★

તા. ૬–૪–૨૦૦૯ના રોજ ઈશા બાદ હઝરત સૈયદ નૂરાનીબાવા સાહબ (ખલીફા શૈખુલ ઈસ્લામ)ની સદારતમાં મોટા ચકલા પર "જશ્ને ગૌષે આ'ઝમ" શાનો શૌકતથી મનાવાયો જેમાં આલે રસૂલ ખતીબે બાકમાલ હઝરત સૈયદ અમીનુદ્દીન સાહબે (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ઈમાન અફરોઝ બયાન ગૌષ પાક رضی اللہ عنہના કમાલાત પર કર્યું હતું.

બીજા દિવસે ૭–૪–૨૦૦૯ના રોજ દયાદરા મદ્રસા તથા દારુલ ઉલૂમ તેમજ અન્ય બહારના નઅતખ્વાનો થકી

નઅતિયા મન્કબતિયા મુકાબલો યોજાયો જેમાં સર્વ નઅત ખ્વાનોને તેમજ ખાસ ૧ થી ૫ નંબર લાવનારાઓને જનાબ હાજી ઈસ્માઈલ માસ્તર હવેલીવાળા તરફથી ફારૂકભાણા તથા હાફેઝ આસિફ હવેલીવાળા વગેરેના હસ્તે ઈનામો વહેચાયાં હતાં. ખૂબ જ ખુશ્નુમા તથા ઉત્સાહી માહોલમાં આ પ્રોગ્રામ થયો હતો.

**★ નરસંડામાં જશ્ને આમદે રસૂલ ﷺ ★**

તા. ૨૮–૩–૦૯ના રોજ બાદ નમાઝે ઈશા જશ્ને આમદે રસૂલ ﷺ મનાવવામાં આવેલ જેમાં (અહમદાબાદ જમાલપુર–કાચની મસ્જિદ) નજીક રહેતા અલ્હાજ પીરે તરીકત અબ્દુર્રહમાનબાવા સાહબ (અમલીવાલા) હાજી અબ્દુલ કાદરબાવા (અમલીવાલા)ની હાજરીમાં બુલબુલે બાગે મદીના ફખ્રે ચરોતર હાફિઝો કારી હબીબુલ્લાહ સાહબ રઝવીએ નૂરે મુહમ્મદી ﷺના નૂરથી કઈ કઈ ચીજ પેદા થઈ અને નૂરી મુહમ્મદી કયા પર્દામાં કેટલા વરસ રહ્યું અને નૂરે મુહમ્મદી ﷺની વહેંચણી ઉપર બેહતરીન અંદાજમાં બયાન ફર્માવ્યું હતું. ત્યારબાદ ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ હાફિઝો કારી સૈયદ અમીનુલ કાદરી સાહબે (ઉમેરઠ) અઝમતે મુસ્તફા, ગૌષુલ આ'ઝમની સીરત ઉપર બેહતરીન અંદાજમાં બયાન ફર્માવ્યું હતું. ખાસ મહેમાન તરીકે સુન્ની મુસ્લિમ કમિટી (ગોંડલ)ના પ્રમુખ જનાબ સુલેમાનભાઈ જે ઈસાણી સાહબ, જનાબ સૈયદ મુહમ્મદબાપુ નાગાણી સાહબ ખાસ હાજર રહ્યા હતા.

*–રજૂકર્તા : વહોરા અ. કૈયૂમભાઈ ઘંટીવાળા (નરસંડા)*

**મકનપુર શરીફ** : જિ. કાનપુર (યુ.પી.) ખાતે શહનશાહે અવલિયા હઝરત બદીઉદ્દીન ઝિંદાશાહ મદાર رضي الله عنهનો ઉર્સ મુબારક ૧૨, ૧૩ મે–૨૦૦૯ મંગળ, બુધ માહે જમાદીઉલ અવ્વલ ૧૬, ૧૭મી શરીફના રોજ સજ્જાદાનશીન હઝરત અલ્લામા સૈયદ મહેઝર અલીબાપુ જાફરીની સદારતમાં મનાવવામાં આવશે.

*–રજૂ. અલ્હાજ રજબશાહ દિવાન મદારી–વારાહી*

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

**ભાલોદ** : (તા. ઝઘડિયા) મુકામે હઝરત સૈયદ નૂરાનીબાવા ઈબ્ને બડા સાહબ દયાદરવીના મામા સૈયદ સીરાજુદ્દીન સૈયદ અલી કાદરી તા. ૧૧–૪–૦૯ના રોજ ૭૫ વરસની વયે ઈન્તેકાલ કરી ગયા.

**દહેગામ** : મૌલાના ઈમ્તયાઝ દહેગામી (ખતીબો ઈમામ ફિરદોસનગર, કુકરવાડા રોડ–ભરૂચ)ના વાલિદા મોહતરમા મર્હૂમા લાડબા બીબીનો ઈન્તેકાલ તા. ૧૯–૩–૦૯ જુમ્આની રાત્રે થયો. જુમ્આની નમાઝ બાદ દફનવિધિ દહેગામ મુકામે થઈ હતી.

**ધોરાજી** : બરકાતે ખ્વાજા (માસિક)ના ખાસ ચાહક જનાબ ખિઝરભાઈના ફરઝંદ મુહમ્મદભાઈ જેઓ લાંબા સમયથી પથારીવશ હતા તેમનો તા. ૧૭–૩–૦૯ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

મૌલા કરીમ તેના મહબૂબે પાક ﷺના સદકામાં ઉપરોક્ત મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને સર્વ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**અલ્લાહ જઝાએ ખૈર આપે !**

- ★ જનાબ કુરૈશી મુહમ્મદ નઝીર ગુલામ મુહમ્મદ (વિજાપુર) તરફથી રૂા. ૧૦૦/– તેમના નાના ભાઈ મુહમ્મદ સલીમની શાદી મુબારકના પ્રસંગે ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને હદિયા રૂપે મોકલ્યા છે. જઝાકલ્લાહ !
- ★ જનાબ સૈયદ ચિશ્તીમિયાં નસિરમિયાં સાબરી (ચોરંદા) તરફથી રૂા. ૫૦૦/– ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !
- ★ જનાબ નઝીરભાઈ ખલીફા (નાની દમણ–જિ. વલસાડ) તરફથી રૂા. ૧,૦૦૦/– ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !
- ★ એક મુસ્લિમભાઈ તરફથી, અબ્દુર્રહીમ મુન્શી (ઝંઘાર) હસ્તે રૂા. ૪,૨૨૦/– ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''ને ફિદિયા પેટે મળ્યા છે. જઝાકલ્લાહ !
- ★ જનાબ ઈકબાલભાઈ મોદી વલણવાળા તરફથી રૂા. ૧,૦૦, ૦૦૦/– મર્હૂમ વાલિદૈનની નમાઝોના ફિદિયા પેટે મળ્યા છે.
- ★ જનાબ મુહમ્મદ હનીફ ગુલામ નબી રાજ (વાગરા)ના ત્યાં ૧૧–૧૨–૨૦૦૮ જુમેરાતે તેમના પુત્રની ''બિસ્મિલ્લાહખ્વાની'' થઈ તેની ખુશીમાં ''બરકાતે ખ્વાજા'' માસિકને રૂા. ૨૫૦/– મળ્યા છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ આ મદદ કરનારાઓનાં મર્હૂમોની મગફેરત કરે, ઔલાદને નેક સાલેહ બનાવે અને તેમને બંને દુનિયામાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે સહાય કર્તાઓની યાદી

**:: ન્યાઝ કરનારાઓની યાદી ::**

| | |
|---|---|
| જનાબ જલાલુદ્દીન વજેસંગ રાણા–આમોદ | ૧ |
| જનાબ ઈકબાલભાઈ યાદગારવાળા દાહોદી–સૂરત | ૩ |
| જનાબ હાફેઝ ઐયૂબ માટલી–દયાદરા | ૧ |
| જનાબ હાજી દિલાવરસિંહ રાણા–આમોદ | ૧ |
| જનાબ ફરીદખાન બશીરખાન પઠાણ–જંબુસર | ૧ |
| જનાબ મહબૂબભાઈ યાકૂબ ભટા–દયાદરા | ૧ |
| જનાબ મુશ્તાકભાઈ અલી ટોપીવાળા–વાગરા | ૨ |
| જનાબ હાજી દિલાવરસિંહ રાણા–વાગરા | ૧ |
| જનાબ સિરાજભાઈ રહાડવાળા–રહાડ | ૧ |
| જનાબ ઈકબાલભાઈ ગરાસીયા સાહેબ–આમોદ | ૧ |
| જનાબ અબ્દુલ્લાહ અલી પટેલ–આમોદ | ૧ |
| જનાબ હાજી ઈસ્માઈલ વલી ઈસા સાલેહ–દયાદરા | ૧ |
| જનાબ યૂસુફભાઈ શેઠ–દયાદરા | ૧ |
| જનાબ ઈકબાલ યૂનુસ માલજી–દયાદરા | ૧ |
| જનાબ હાફેઝ ઉસ્માન ફટકીયા–સાંસરોદ | ૧ |
| જનાબ મૌલાના ઈસ્માઈલ સાહબ–પગુથણ | ૧ |
| જનાબ મુહમ્મદભાઈ મોજી સીતપોણવાલા | ૧ |

**:: બકરા મોકલનારાઓની યાદી ::**

| | |
|---|---|
| જનાબ સુલેમાનભાઈ બાકરોલીવાલા–દયાદરા | ૧ |
| જનાબ હાફેઝ સઈદ રઝા–વડોદરા | ૧ |
| જનાબ હાફેઝ યુનુસ ઝંઘારવી | ૧ |
| જનાબ અબ્દુલભાઈ સેક્રેટરી | ૧ |
| જનાબ એક મુસ્લિમભાઈ | ૧ |
| જનાબ હાજી બાબુભાઈ–વાંતરસા કોઠી | ૫ |
| જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહી (અક઼ીક઼ો)–આમોદ | ૧ |
| જનાબ મુબારકભાઈ ઘંટીવાળા નબીપુરી–ભરૂચ | ૩ |
| જનાબ હાજી યાકૂબ યુસુફ અલી | ૧ |
| જનાબ મૌલાના યુનુસ મિસ્બાહી વાગરાવાળા | ૧ |
| જનાબ ઈનાયત હાજી ગુલામ | ૧ |
| જનાબ સુગલભાઈ (ફેમીલી)–સાસંરોદ | ૧ |
| જનાબ મુનાફ હાજી ઈસા લાખા ફેમેલી | ૧ |
| જનાબ ફરઝાના મુનાફ હાજી ઈસા લાખા | ૧ |

**:: વસ્તુઓ મોકલનારાઓની યાદી ::**

| | |
|---|---|
| જનાબ ઈબ્રાહીમ અહમદ ગરાસીયા–આમોદ | *૫૦ Kgs. ઘંઉ* |
| જનાબ હાજી કાસમ હાશમ મજવેડીવાળા–વડોદરા | *૫ ક્વિ. ઘંઉ* |
| જનાબ સૈયદ ઝીશાન અહમદ (જમીનદાર)–ભરૂચ | *૨૦ Kgs.* |
| જનાબ ગુલામ ફરીદભાઈ ધોલકાવાળા–આમોદ | *૧૫ Kgs. મટન* |
| જનાબ ઈકબાલભાઈ અરગામાવાળા | *૬ સેટ કોમ્પ્યુટર સેટ* |
| મહબૂબભાઈ સુલેમાન સરપંચ–દયાદરા | *૨૨ મિટર કાપડ* |
| સલીમ ફટુભા રાણા–આમોદ | *૧ બકરાનું ચામડુ* |
| અલમુઈન કોલ્ડ્રીંક્સ | *૧ મોટાનું ચામડુ* |
| હાજી યાકૂબ ઈબ્રાહીમ દયાદરા | *૧ મોટાનું ચામડુ* |
| હજીયાણી એમણ બહેન–દયાદરા | *૨ મોટાના ચામડાં* |
| જનાબ બાપુ સૈયદ–આમોદ | *૧ બકરાનું ચામડુ* |
| જનાબ મુબારક આદમ ઘંટીવાલા (નબીપુરી)–ભરૂચ | *૩ નંગ બારી બારણા* |
| જનાબ હાજી મુશ્તાક હાજી અલી ટોપીવાળા–ભરૂચ | *૧ નંગ બ્લેન્ડર* |
| જનાબ મહબૂબ યાકૂબ ભટા–દયાદરા | *તારીખની કિતાબો* |
| નસીબખાન–આમોદ | *૧ સેટ ગાદલા, રજાઈ* |
| જનાબ મુહમ્મદ રહબર રઝા–પાદરા | *૧ ટ્રક ઈંટો* |
| જનાબ ફરીદખાન બશીરખાન–જંબુસર | *૧ ટ્રક ઈંટો* |
| મુહમ્મદ વલી નમાઝીના ઈસાલે સવાબ અથે...નમાઝ બ્રધર્સ તરફથી | રૂા. ૫૦૦૦/– |

અલ્લાહ તઆલા સર્વની નેકીઓને ક઼બૂલ ફર્માવે અને સૌ નામી અનામી સખીદાતાઓની રોજી રોજગારમાં અઢળક બરકતો આપે, તેમની તેમના કુટુંબીઓની સર્વ દુનિયવી ઉખરવી આફત, બલાઓ, મુસીબતો, રૂહાની જિસ્માની બીમારીઓ દૂર ફર્માવે,તેમની ઔલાદને નેક, બાઅખ્લાક, બાઅમલ, સુન્ની રાખે અને માં બાપને ચાહવાવાળી આજ્ઞાંકિત તથા દીન પર મજબૂતીથી રાખે અને સૌનાં મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

લિ. (પ્રમુખ) **પટેલ શબ્બીર અલી રઝવી તથા સર્વ ટ્રસ્ટી મંડળ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**

# તુમ્હારા નામ

**અઝ : ઉસ્તાદે ઝમન હઝરત અલ્લામા મૌલાના હસન રઝાખાં બરેલ્વી** رحمۃ اللہ علیہ

તુમ્હારા નામ મુસીબતમેં જબ લિયા હોગા હમારા બિગળા હુવા કામ બન ગયા હોગા
ગુનહગાર પે જબ લુત્ફ આપકા હોગા કિયા બગૈર કિયા બે કિયા કિયા હોગા
ખુદાકા લુત્ફ હુવા હોગા વ દસ્તગીર ઝરૂર જો ગિરતે ગિરતે તેરા નામ લે લિયા હોગા
દિખાઈ જાએગી મેહશરમેં શાને મહ્‌બૂબી કે આપ હી કી ખૂશી આપકા કહા હોગા
ખુદાએ પાક કી ચાહેંગે અગલે પિછલે ખુશી ખુદાએ પાક ખુશી ઉન્કી ચાહતા હોગા
કિસી કે પાંવ કી બેળી યે કાટતે હોંગે કોઈ અષીરે ગમ ઉન્કો પુકારતા હોગા
કિસી તરફસે સદા આએગી હુઝૂર આઓ નહીં તો દમમેં ગરીબોં કા ફૈસલા હોગા
કિસી કે પલ્લાપે યે હોંગે વક્તે વઝને અમલ કોઈ ઉમ્મીદસે મુંહ ઉન્કા તક રહા હોગા
કોઈ કહેગા દુહાઈ હૈ યા રસૂલલ્લાહ ! તો કોઈ થામ કે દામન મચલ ગયા હોગા
કિસી કો લે કે ચલેંગે ફરિશ્તે સૂએ જહ઼ીમ વો ઉન્કા રાસ્તા ફિર ફિર કે દેખતા હોગા
શિકસ્તા પા હૂં મેરે હાલકી ખબર કર દો કોઈ કિસીસે યે રો રો કે કેહ રહા હોગા
ખુદા કે વાસ્તે જલ્દ ઉનસે અર્ઝે હાલ કરો કિસે ખબર હૈ કે દમ ભરમેં હાય કયા હોગા
પકળ કે હાથ કોઈ હાલે દિલ સુનાએગા તો રો કે ક઼દમોં સે કોઈ લિપટ ગયા હોગા
ઝબાન સૂખી દિખાકર કોઈ લબે કૌષર જનાબે પાક કે ક઼દમોં પે ગિર ગયા હોગા
નિશાને ખુશ્રવે દીં દૌળ કે ગુલામોં કો લિવાએ હમ્દ કા પરચમ બતા રહા હોગા
કોઈ ક઼રીબે તરાઝૂ કોઈ લબે કૌષર કોઈ સિરાત પર ઉન્કો પુકારતા હોગા
યહ બેક઼રાર કરેગી સદા ગરીબોં કી મુક઼દ્દસ આંખોં સે તાર અશ્ક઼ કા બંધા હોગા
વો પાક દિલ કે નહીં જિસકો અપના અંદેશા હુજૂમે ફિક્રો તરદુદમેં ગિર ગયા હોગા
હઝાર જાન ફિદા નરમ નરમ પાવોંસે પુકાર સુનકે અષીરોં કી દૌળતા હોગા
અઝીઝ બચ્ચા કો માં જિસ તરહ તલાશ કરે ખુદા ગવાહ યહી હાલ આપ કા હોગા
ખુદાઈ ફિર ઉન્હીં હાથોં કો દેખતી હોગી ઝમાના ફિર ઉન્હી કદમોં પે લૌટતા હોગા
બની હૈ દમપે દુહાઈ હૈ તાજવાલે કી યે ગુલ યે શોર યે હંગામા જા બ જા હોગા
મકામ ફાસિલોં હર કામ મુખ્તલિફ ઈત્ને વો દિન ઝહૂરે કમાલે હુઝૂર કા હોગા
કહેંગે ઔર નબી "ઈઝહબૂ ઈલા ગૈરી" મેરે હુઝૂર કે લબ પર "અના લહા" હોગા
દુઆએ મૈયતે બદકાર વિર્દે લબ હોગી ખુદા કે સામને સજદામેં સર ઝુકા હોગા
ગુલામ ઉન્કી ઈનાયતસે ચૈનમેં હોંગે અદૂ હુઝૂર કા આફતમેં મુબ્તલા હોગા
મૈં ઉન્કે દરકા ભિકારી હૂં ફઝ્‌લે મૌલાસે **'હસન'** ફક઼ીર કા જન્નતમેં બિસ્તરા હોગા